વર્ષ છવ્વીસમું · અંક સાતમો · જુલાઈ ઓગણીસસો ઓગણપચાસ
સળંગ અંક
૩૦૭
તંત્રી
બચુભાઈ રાવત

કુમાર


આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક • રવિશંકર રાવળ



નર્તકી (લીનોકટ · બિહારીલાલ બારભાયા)

દેવમૂર્તિ માટેનું પિત્તળનું સિંહાસન



સોળમી સદીના ગુજરાતની ઉત્કૃષ્ટ ધાતુકામકળાના લાક્ષણિક નમૂના રૂપ, જૈનમૂર્તિ માટેનું આ સિંહાસન માત્ર નવ ઇંચ પહોળું ને તેર ઇંચ ઊંચું છે. એટલા અલ્પ વિસ્તારમાં અનેક નાની મૂર્તિઓ તથા મોર, હાથી, તોરણ, પતાકા વગેરેની શોભનસામગ્રી સાથેનું જે બારીક છતાં સપ્રમાણ ને ઘાટીલું જાળીકામ તેમાં ઉતાર્યું છે તે આજથી ચારસો વરસ પર કલાક્ષેત્રમાં આપણી શી સમૃદ્ધિ હતી તે આપમેળે દર્શાવી રહે છે. (વડોદરા રાજ્યના પુરાતત્ત્વખાતાના સૌજન્યથી)










ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.




નખીને રસ્તે (ફોટો · કુ. ભગવતીબહેન પટેલ) પહેલું ઈનામ



બીજું ઈનામ (ફોટો · ભાઈ નલિનકુમાર પટેલ) **સમતોલન**

જેને સુરુચિપૂર્ણ કહી શકાય તેવાં આંખ ઠારતાં સંયોજનવાળાં આ વખતની હરીફાઈમાં આવેલાં બે ચિત્રો; એનું નિરૂપણ આ અંકમાં અન્યત્ર આપ્યું છે.



કૃષ્ણ-રાધા — ચિત્રકાર · વૈદ્યનાથ દાસ

આ ચિત્ર જોઇને કોઇએ પૂછેલું: 'આમાં રાધા-કૃષ્ણ બંને રિસાઇને બેઠાં છે કે શું?' એ સાંભળીને થયું કે કદાચ સૌ આ ચિત્રને આમ ઉપરછલ્લું જ સમજશે. આમાં તસ્વીર-આલેખન (Portraits)ની પદ્ધતિએ રાધા અને કૃષ્ણને, બંને સ્વતંત્રરીતે જાણે બે અલગ ગોખમાં બેઠેલાં હોય તેમ, આલેખ્યાં છે. બંનેની પશ્ચાદ્‌ભૂમિ જ એ તો સ્પષ્ટ કરે છે. આબેહૂબ આલેખનની પશ્ચિમી પદ્ધતિએ નહિ, પણ તત્ત્વ પકડીને આલેખવાની હિંદી પ્રણાલિની તસ્વીરી ઢબે, એમ, બંનેનું અલગ વ્યક્તિત્વ નિરૂપવા સાથે, બે કમાનો એક જ આવાસની હોય એવી રચના કરીને બંનેનું સનાતન સાયુજ્ય તો જાળવી જ રાખ્યું છે.

કુમાર વર્ષ ૨૬ · અંક ૭ · જુલાઈ ૧૯૪૯

સ્રગ્ધરા[1] [પ્રજારામ રાવળ]

આષાઢી આભ આખું સઘન ભરી દઇ સ્રગ્ધરા છંદ રેલ્યો.
આખું પાનું ભરી શું ત્રિમુનિયતિવતો દીર્ઘ એ વિસ્તરેલો.
ગર્જે શબ્દે ઘનોના, જલધર-ધનુનાં ચિત્રવર્ણે સુહાતો;
ને, આશ્ચર્યેથી આંજી નયન, દમકતી ર્‌હેતી વિદ્યુચ્છટાઓ!

ન્યાળીને કાવ્ય આભે પ્રિયતમ કવિનું, ખંડખંડે ધરાના
જાગી ઊઠે મયૂરો રસિકજન સમા, દૃષ્ટ, કેકા કરંતા.
વર્ષે હો કાવ્યવાણી રસભર જનતાના સુખોદ્‌ગાર વચ્ચે;
ઝીલી લે શબ્દ સીધા નભ થકી ઝરતા આતુરા ચાતકો કૈં.

ને, આ તો કાવ્ય કોઇ પરમ કવિતણું; શુષ્ક હૈયાં છલાવે;
લૂખાં મેદાન થાતાં સુલલિત હરિયાળાં જ; ખેડેલ ક્ષેત્રે
વર્ષે હો તુષ્ટિપુષ્ટિ; હૃદયમહીં સૂતાં અંકુરોને જગાવે;
સારા શ્રોતા-સમાજે અવલ નવલ કૈં ચેતનોલ્લાસ વ્યાપે!

વ્યાપે ચૈતન્ય વર્ષ્યું ગગનહૃદયથી; ચેતનાધાર વર્ષે:
જાગેલી સૃષ્ટિ ઝીલે સકલ કણકણે કો મુદાના પ્રકર્ષે!

શાન્તિ[2] [ઉશનસ્‌]

મીઠી કો શાન્તિના ગહનતમ પ્રાન્તે હું સહસા
સરું છું, શાંતિને જળ પીગળતો ઇન્દ્રિયગણ,
દ્રવે જેવો ધીમે પયસમહીં કો શર્કર કણ,
બધી તીવ્રાવસ્થા ઢળી જતી મીઠી નિદરવશા;
ન દીર્ઘોચ્છ્વાસો ને નવ વિષમ તે રક્તધડક,
ગઈ વેગે વ્હેતા બળબળત લોહીની ગરમી,
ગયું અંગાંગો પે પ્રસરી મલયસ્પર્શનું અમી
જતાં બોજો થાઉં લઘુ—પણ રહું સિંધુગરક!

ભરી દે છે મારું જીવન નવલી કો મધુરતા
અજાણી, ને ચૂમે વળીવળી મને કોક અધર
અદીઠો, વ્યાપી ર્‌હે જીવન ફરતી ગંધમયતા,
પરંતુ દેખાતું કુસુમ નવ ક્યાં યે નિરખતાં;

રહે વ્યાપી જ્યોત્સ્ના નયનમહીં, કિંતુ શશિયર!
ક્યહીં તું? ક્યાં છે રે તવ વદન તે પ્રેક્ષ્યપ્રવર?

(૧) વૈભવ તથા ચમત્કૃતિથી ભરેલો, ત્રણ મુનિયતિના બંધારણવાળો એ નામનો એક છંદ છે. એની લીટી સૌથી લાંબી હોય છે તેથી એને આખું પાનું ભરી વિસ્તરેલો કહીને આષાઢી આભને ભરી દેતો વર્ણવ્યો છે; અને પછી એ ઉપમા પકડી લઇને, વાદળોના ગડગડાટ જેવા શબ્દો, ઈન્દ્રધનુ જેવાં ચિત્રાલેખનો, વીજળી જેવી ભાષાછટાઓ, રસિકજન રૂપી મયૂરોની આનંદકેકા, જનતાના સુખોદ્‌ગાર, એમ સૉનેટના છેક અંત સુધી તેને સાર્થ બનાવી એ છંદનું મધુર નિરૂપણ કર્યું છે. (૨) કોઈ મોટા મંથન કે તીવ્ર વેદના પછી ચિત્તને એકાએક મળતી શાન્તિનું ભાવભર્યું ચિત્ર આલેખતા આ સૉનેટનો અંત, એ શાન્તિરૂપી ચાંદની વરસાવતા અદૃષ્ટ ચંદ્ર માટેની ઉત્કંઠામાં આવે છે એ કેવી સુંદર ચોટ છે! (૩) વૃત્તિ અને વાતાવરણની એકરસતા જમાવતા આ ચિત્રમાં આલેખેલી મનોદશા પાછળ કોઇ રૂપક જણાય છે? (૪) એ જ ઢાળના એવા જ સુંદર આ બીજા ચિત્રમાંની ઉત્કંઠા અને આરઝૂ જુઓ.

[નિરંજન ભગત] પારેવાં[3]

ઝૂકી ઝૂકી આભથી સારા
ઝીંકાતી આષાઢ-ધારા,
ઝીલે છે નેહથી એને ઘરનાં નેવાં.

નીચે એક નીડમાં હાંફે નમણાં એવાં બે પારેવાં!
જ્યારે ઝૂકી આભથી સારા
ઝીંકાતી મેઘની ધારા!

જલભીંજેલી શિથિલ પાંખો
શીતસમીરે કેટલું ધ્રૂજે!
જાણે કોઈ દીપક બૂઝે
એમ એ રાતા રંગની આંખો—
પરે વળી વળી પોપચાં ઢળે,
ડોલતી એવી ડોકનો યે શો ગર્વ ગળે!

ક્યારે ય એમની કશી ય ના હલચલ!
એવું શું સાંકડું લાગે સ્થલ?
નાનેરું તો ય સમાવે એવડું તો છે નીડ,
ભીંસે છે તો ય શી એવી ભીડ?

પાંખ પસારી રહેલનારાનું,
આકાશે ટ્‌હેલનારાનું,
મૂંઝાતું મન કેમે અહીં માનતું નથી:
આખા આકાશને લાવી મેલવું શેમાં?
નાનેરું નીડ છે એમાં?
એની એ વેદના શું એ જાણતું નથી?

એથી એના દુઃખને નથી ક્યાંય રે આરા!
ઝીંકાતી જોરથી જ્યારે આષાઢ-ધારા
ઝૂકી ઝૂકી આભથી સારા.

[મકરન્દ દવે] વાટ[4]

આભે કાંઇ મેઘલી મળી,
ધરા સૂનકારમાં ઢળી,
એવે મારા નેણમાં તારી વાટની પ્રીતમ, જ્યોત પ્રજળી.

તીખાં કાંઈ તમરાં બોલે,
ધ્રૂજે પાન વાયરા-ઝોલે,
આછી આછી આવતી ફોરમ ઝૂલવા મારા ઉર-હિંડોળે.

હરિ, એમ જોઉં ચોપાસે,
જીવું એક આશના શ્વાસે,
જાગું મારી રાંકની જ્યોતિ જાળવી તારા પ્રેમ-હુલાસે.

પ્રભુ, કેમ કહેણ કહાવું?
વ્હાલાં બે વેણ વહાવું?
અરે! મારા નેણની મૂંગી આરતીએ બસ આવો, વધાવું.

ઝબૂકી જાય અંધારે,
દીવો જેમ તું ૧૯૪૯ જ્યારે,
આવો, એમ પળમાં ઢળવા થથરે જીવણ, જ્યોત આ ...યારે.

આયર્લૅંડની આઝાદીનો શહીદ

રૉજર કેસમેન્ટ



ફાંસીના માંચડા ને જેલની દીવાલો! હરકોઇ પરાધીન પ્રજાના ઉત્થાનની પ્રાથમિક નવાજેશો એ જ છે. પરાધીન પ્રજા સામે સ્વાતંત્ર્યની દેવીનો એ જ અવિશ્રાન્ત પોકાર રહ્યો છે: 'ભર ભર મારું ખપ્પર ભૈયા, હું જુગજુગની પ્યાસી.' પરાધીનતાની ઝૂંસરી લાદનારા આતતાયીઓ હમેશાં એ પોકાર નિઃશ્રાવ્ય બનાવવા આકાશપાતાળ એક કરવા મથે છે, પણ એ જફાકેશી છતાં, ઈન્સાનના દિલને કોઇ ખૂણે સુષુપ્ત રહેતી વતનની હુબ્બ કયારેક પણ એનાં મંદ આંદોલનો યે ઝડપી લઇ ઝણુઝણી ઊઠે છે અને પ્રજા સ્વાતંત્ર્યદેવીનું ખપ્પર ભરવા જાંફરોશ બની મેદાને પડે છે.

એવા હરકોઈ પરાધીન રાષ્ટ્ર જેવું આયર્લૅંડનું પણ નસીબ એક કાળે હતું. આજે તો એ સ્વતંત્ર બન્યું છે, પણ એ સ્વાતંત્ર્યનો આખો પથ શહીદોના લોહીથી ધોવાએલો છે. એકએકથી ચડિયાતી એ શહાદતનો એક બલિ તે રૉજર ડૅવિડ કેસમેન્ટ. યતીન, જતીન, કન્હાઈ, અશફાક ને 'બિસ્મિલ' વગેરેએ જે આરઝૂથી હિંદના સ્વાતંત્ર્યના મૂળમાં પોતાના લોહીનું ખાતર સીંચ્યું છે, એ જ, બિયાબાં વતનને ગુલિસ્તાં બનાવવાની આરઝૂથી પીઅર્સ, કૉલિન્સ, કૉનોલી, કેસમેન્ટ ને મૅકનીલ વગેરેએ આયરિશ આઝાદીના મૂળમાં પોતાનાં લોહી સીંચ્યાં છે.

અલ્સ્ટરથી ડબ્લિનમાં આવી વસેલા એક પ્રોટેસ્ટન્ટ કુટુંબમાં ઈ. ૧૮૮૪ના સપ્ટેંબરની ૧લી તારીખે રૉજર કેસમેન્ટનો જન્મ થએલો. નાનપણથી જ એ ખૂબ સાહસી ને તોફાની હતો, પણ સાથે અભ્યાસમાં પણ એક્કો હતો. શાળામાં તો માતૃદેશ વિષે કશું શીખવવામાં ન આવતું, એટલે રૉજર હમેશાં લાયબ્રેરીઓમાં જઈ, કલાકોના કલાકો સુધી જૂનો ઈતિહાસ વાંચ્યા કરતો. એ વાચને એનામાં વતનનો એટલો તો ચાહ પેદા કર્યો કે એટલી નાની વયે પણ તે પોતાની ભીંતની દીવાલો, અંગ્રેજોને હાથે ફાંસીએ લટકેલા આયરિશ નેતાઓનાં ચિત્રોથી શણગારતો.

સત્તરમે વર્ષે અભ્યાસ છોડી તે ઈંગ્લંડ ગયો ને ત્યાં લિવરપૂલની ઍલ્ડર ડેમ્પસ્ટર શિપિંગ કંપનીમાં જોડાયો. ૧૮૮૭માં અમેરિકન જનરલ હેન્રી સૅન્ડફર્ડ સાથે કૉંગો પ્રદેશની શોધખોળમાં એ જોડાયો. તે પછી અમેરિકા જઈ તે પર ભાષણો આપ્યાં. આને લઇને મહાન શોધસફરી ને રડ્યાખડ્યા આફ્રિકાવેત્તાઓમાં તેની ગણના થવા લાગી. આ ખ્યાતિને લીધે, બ્રિટિશ સરકારે ઈ. ૧૮૯૨માં નાઈજર કોસ્ટ પ્રોટેક્ટોરેટના ટ્રાવેલિંગ કમિશ્નર તરીકે તેની નિમણૂક કરી. ત્યારથી આફ્રિકાના જુદાજુદા દેશોનો એ કૉન્સલ નીમાતો ગયો.

કેસમેન્ટ આફ્રિકા હતો એ સમય—૧૯મી સદીની છેલ્લી પચીસી—શાહીવાદનો બાલ્યકાળ હતો. સઘળી યુરોપિયન સત્તાઓએ ત્યારે દરિયાપાર પોતાના મુલકનો વિસ્તાર કરવાની ભયંકર હોડ માંડી હતી. વળી જુદાજુદા સંશોધકોએ પણ એ જ અરસામાં આફ્રિકાની અઢળક સંપત્તિ ખુલ્લી પાડી હતી. એટલે તો પછી શું પૂછવું? શાહીવાદી ધ્યેયો માટે એની પૂરઝડપે પીંખાવટ ચાલી.

એ પીંખાવટમાં કૉંગોપ્રદેશ બેલજિયમને તાબે ગયો. અત્યાર સુધી તેના વાલી તરીકે રહેલું બેલજિયમ હવે તેમાંથી વેપારી લાભો મેળવવા કટિબદ્ધ થયું. ત્યાંની કાળી વસતિ પર આ ગોરી આફત બરાબર જેવી ઊતરી. નજીવી અથવા વગર મજૂરીએ કાળા લોકો પાસેથી કામ લેવાવા લાગ્યું. હુકમના અનાદર માટે અમાનુષી સજાઓ યોજવામાં આવી.

પણ એ અમાનુષિતા લાંબી ન ચાલી. દુનિયાભરમાં તેના વિરુદ્ધ પોકાર જાગી ઊઠયો. બ્રિટિશ સરકારે એની તપાસ માટે રૉજર કેસમેન્ટની નિમણૂક કરી. એણે બારીક તપાસ કરી સંપૂર્ણ અહેવાલ ઈંગ્લંડ મોકલી આપ્યો, અને તેમાં કૉંગોમાં થતી જુલમની કાળી કથની નગ્ન સ્વરૂપે ખુલ્લી પાડી. આ તપાસના બદલામાં તેને સી. એમ. જી.નો ઈલ્કાબ અર્પણ કરવામાં આવ્યો, પણ ઈંગ્લંડના એ શાહી ચિહ્નને એણે હાથ સુદ્ધાં અડાડેલો નહિ. એ પદકનું પાર્સલ જેમનું તેમ સીલબંધ હજુ સુધી તેના એક સગાને ત્યાં પડેલું છે. એને તો એ પદક કરતાં આયર્લૅંડનું મોં ફરી જોવાની વધુ પ્રબળ ઇચ્છા હતી, એટલે લાંબી રજા લઇ એ આયર્લૅંડ ઊપડયો.

ઓગણીસ મહિના એ આયર્લૅંડ રહ્યો. કાયદેસર સ્વરાજ મેળવવામાં નિષ્ફળ જતાં આયર્લૅંડે હવે સીનફીન ચળવળ શરૂ કરી હતી. કેસમેન્ટે તેના નેતાઓની સ્વતંત્ર આયર્લૅંડ અને આયરિશ વસ્તુઓ તરફની ભક્તિ જોઈ. તેનું દિલ દ્રવી ઊઠયું અને પહેલાં છૂપીરીતે ને પછી ખુલ્લી રીતે આઝાદીના જુવાળમાં એણે ઝુકાવ્યું.

રજા પૂરી થતાં એને પહેલાં આફ્રિકા અને પછી ૧૯૦૬માં દક્ષિણ અમેરિકાના એલચીખાતાઓમાં મૂકવામાં આવ્યો. આયર્લૅંડ પ્રત્યેની ઇંગ્લંડની 'Killing Home-rule by kindness'ની વલણ દિવસે દિવસ તેનું જિગર વધુ ને વધુ ભેદતી જતી હતી. એ અરસામાં પોતાના એક પિતરાઇને લખેલા કાગળમાં એણે આગ્રહપૂર્વક લખ્યું કે 'Drop me a line soon and send me news of Cong and Ireland; nothing else counts. Ireland first, and fo ever; and poor old Congo, too, for the sake of dar skins and all they have suffered.'

આગ, અન્યાયના શિકાર બનેલાઓ પ્રત્યેની સહાનુભૂતિ અ પોતાના દેશ પ્રત્યેની ભક્તિથી દિવસોદિવસ ઈંગ્લંડ તરફ એની ધૃ

એટલી તો કેળવાતી ગઈ કે ઈંગ્લંડ પ્રત્યે આયરિશ વફાદારીની કલ્પના પણ તેને હવે ભ્રમ લાગવા માંડી. છેવટે પેન્શન લઈ એ નિવૃત્ત થયો ને માતૃભૂમિમાં જ આવી વસ્યો.

આયર્લંડમાં આવતાં જ એણે શિક્ષણની પુનર્ઘટના હાથ ધરી, જેથી આયરિશ બાળકોને માતૃદેશનું જ્ઞાન અને ઇતિહાસ સુલભ થાય. આયરિશ સંસ્કૃતિનો ઉદ્ધાર કરવાના તેણે પ્રયત્નો આદર્યા ને આયરિશોને બ્રિટિશ લશ્કરમાં ન જોડાવાનો પ્રચાર શરુ કર્યો.

આયરિશ સ્વરાજ્યની ચળવળ દિવસો દિવસ ઉગ્ર બનતી જતી જોઈ, માગણી કાબૂમાં લેવા આખરે ૧૯૧૨ની પાર્લમેંટની બેઠકમાં મિ. ઍસ્ક્વિથે હોમ-રૂલ બિલ પેશ કર્યું. પરંતુ બ્રિટનના રમકડા જેવા અલ્સ્ટરે વેસ્ટ મિન્સ્ટર સિવાયની કોઈ પણ પાર્લમેન્ટનું શાસન સ્વીકારવા ના પાડી દીધી. વિરોધના ડરથી અઢાર મહિના સુધી પાર્લમેન્ટે એ બિલ દબાવી રાખ્યું.

એ અરસામાં ઈ. ૧૯૧૩માં કેસમેન્ટે અલ્સ્ટરની મુલાકાત લીધી. કાયદાભંગ ને સશસ્ત્ર પ્રતિકારનું નવું જ વાતાવરણ ત્યાં તેણે જોયું. ઈંગ્લંડની રાજદ્વારી પાર્ટી અલ્સ્ટરના વોલંટીઅરોને પીઠબળ આપી રહી હતી. કેસમેન્ટે દક્ષિણ આયર્લંડને તેની જાણ કરી; અને તરત જ બે આગેવાન સીનફીનરો હૉબ્સન અને પ્રો. મૅકનીલે લશ્કર ઊભું કરવાનું કામ હાથ ધર્યું. કેસમેન્ટે પણ ગૅલિક લીગના મુખપત્રમાં આયરિશોને વોલન્ટીઅરો બનવા ચાનક ચડાવવા માંડી.

ખૂબ ઉત્સાહભેર ઠેરઠેર ટુકડીઓ ઊભી થવા લાગી. ડબ્લિનના ચોગાનોમાં કવાયત થવા લાગી. અલ્સ્ટરનું પણ એમ જ હતું. પણ એણે કામ વહેલું શરૂ કરેલું ને હથિયારો પણ પૂરતાં હતાં. દક્ષિણે એ મોડું શરૂ કરેલું ને હથિયારોની પણ તાણ હતી. ત્યાં અધૂરામાં પૂરું સરકારે હથિયારો પર પ્રતિબન્ધ મૂકયો.

મહાયુદ્ધના ભણકારા પણ ત્યારે વાગી રહ્યા હતા. યુદ્ધમાં આયર્લંડનાં હિતો ઇંગ્લંડ સાથે સંકળાએલાં છે એ મતલબનો આર્થર કૉનન ડૉઇલે એક લેખ લખ્યો. કેસમેન્ટે તરત તેના જવાબમાં 'આયરિશ રીવ્યૂ'માં 'આયર્લંડ, જર્મની અને આગામી યુદ્ધ' નામનો લેખ લખ્યો. એમાં જાહેર કર્યું કે ઈંગ્લંડની હાર થતાં આયર્લંડને શોષવા કરતાં લાભ વધુ થશે. એ ખૂબ સક્રિય બન્યો. સભાઓ ગજાવતો ને રાષ્ટ્રીયતાના સિદ્ધાંતો સમજાવતો તે દેશભરમાં ઘૂમ્યો.

પણ એના જવાબમાં બ્રિટને અલ્સ્ટરની સરહદ પર જબરું લશ્કર ઉતાર્યું. આયરિશ પ્રજાના સ્વમાન અને સ્વદેશભાવના પર એ કારી ઘા હતો. કેસમેન્ટ ને મૅકનીલે 'આયરિશ ઇન્ડીપેન્ડન્ટ'માં તેનો પુષ્કળ વિરોધ કરી, ગ્રેટબ્રિટનની નીતિ ખુલ્લી પાડવા માંડી. આથી ઈ. ૧૯૧૩-૧૪ની ઈંગ્લંડની રાજકીય ક્ષિતિજમાં એકલો આયરિશ પ્રશ્ન તરવરી રહ્યો. રાષ્ટ્રવાદીઓ જેમ જ અલ્સ્ટરવાસીઓ પણ બળવાની ધમકી આપ્યા કરતા. એ વખતે આયરિશ વોલંટીઅરો માટે ફંડ ઊભું કરવા કેસમેન્ટને અમેરિકા જવાનું દિલ થયું અને આયરિશ રીપબ્લિકન આર્મીની મંજૂરી મેળવી, છૂપે નામે તે ઊપડી નીકળ્યો.

ત્યાં ગયા બાદ થોડા જ વખતમાં યુરોપીય મહાયુદ્ધ ફાટી નીકળ્યું. કેસમેન્ટને તેમાં આયર્લંડ માટે સોનેરી તક દેખાઇ, ને એ તક હાથથી છટકવા ન દેવાનો ઉપાય તે યોજવા મંડ્યો.

ઈંગ્લંડ પોતાની સાથે આયર્લંડને પણ યુદ્ધમાં હોમે એમ હતું. એટલે કેસમેન્ટને પહેલી જરૂર આયર્લંડને તેમાંથી બચાવવાની જણાઇ. આયર્લંડનું કોઈ કાળે કશું હિત ન બગાડનાર રાષ્ટ્રો સામે ઇંગ્લંડની તરફેણમાં કોઈ ઉપાયે ન ઊભવા તેણે દેશબાંધવાને એક ખુલ્લો પત્ર મોકલ્યો.

આ પત્રની પ્રસિદ્ધિ સાથે જ તુરત બ્રિટનની પરદેશ કચેરીના સિક્કાવાળો એક પત્ર કેસમેન્ટ પર આવ્યો. તેમાં જણાવેલું કે 'હજુ તમે સરકારને સેવા આપવા બંધાએલા છો; તો આ પ્રસિદ્ધ થએલો પત્ર તમારો જ લખેલો છે કે બીજાનો તેનો જવાબ આપો.'

કેસમેન્ટે આ દુષ્ટતા પર ઉપેક્ષાનું સહેજ સ્મિત કર્યા સિવાય કશો જવાબ ન વાળ્યો. બ્રિટિશ જાસૂસો હવે એની પાછળ પડી ચૂક્યા. પણ એ તો ખેતમા રહી છડેચોક આયરિશ આઝાદીનો પ્રચાર આદરતો જ રહ્યો. છેવટે ઇંગ્લંડ વિરુદ્ધ આયરિશ બ્રિગેડ ઊભી કરવાની યોજના તે વિચારવા લાગ્યો ને પોતાની એ મુરાદ બર આણવા કોઈ પણ રીતે જર્મની પહોંચી જવાનો નિર્ણય કર્યો. ઍડલર ક્રિસ્ટેન્સેન નામના એક નૉર્વેજિયનને તેણે સાથે લીધો ને કેટલાક આયરિશ અમેરિકનોના પ્રયાસથી બનાવટી નામનો પાસપોર્ટ મેળવી દાઢી મુંડાવી, વેશપલટો કરી તે ક્રિશ્ચિયાના ઊપડતી સ્ટીમરમાં ચડી ગયો.

ક્રિશ્ચિયાનામાં ગ્રાન્ડ હૉટેલમાં તેણે ઉતારો રાખ્યો. બધી વ્યવસ્થા પતી જતાં જર્મન લીગેશનમાં જવા તે નીકળ્યો. સીધો જ ત્યાં ન જતાં રસ્તે જુદી જુદી દુકાનોમાં ખરીદીનાં બહાને ઘૂસતો જતો હતો. ત્યાં એક દુકાને તેને કોઈ પોતા પર નજર રાખતું જણાયું. વધુ ખાત્રી કરતાં તો તે કેસમેન્ટને પોતાની પાછળ જ પડેલો જણાયો.

જેમતેમ નજર ચુકાવી કેસમેન્ટ જર્મન લીગેશનમાં પહોંચ્યો ને વૉશિંગ્ટનના જર્મન એલચીનો કાગળ નૉર્વેના જર્મન એલચીને આપ્યો. કાગળ છૂપી સંજ્ઞાત્મક ભાષામાં લખાએલો હતો અને કેસમેન્ટને જર્મની પહોંચવાની સગવડ કરી દેવાની તેમાં ભલામણ હતી. એલચીએ કાગળ વાંચી બીજે દિવસે બપોરે મળવાનું કહ્યું.

પાછો આવી, કેસમેન્ટ કાગળ લખવામાં પરોવાયો હતો ત્યાં ક્રિસ્ટેન્સેન ખૂબ ઉશ્કેરાટમાં અંદર ધસી આવ્યો. તેણે જણાવ્યું કે 'એક અજાણ્યા માણસે હૉટેલમાં આવી મને ફરવા આવવા કહ્યું. ટૅક્સીને બદલે ખાનગી ટૂરિંગ કાર તેણે બોલાવી ને '૭૯ ડ્રામેન્સવાઇન' મુકામે હાંકી જવાનું કહ્યું. ત્યાં પહોંચતાં બીજા માળના એક ખંડમાં લઇ જઇ, અંદરથી તાળું લગાવી, મને અમેરિકાની સફરને લગતા સવાલો પૂછ્યા અને પછી કહ્યું: 'તારી સાથે જે એક ઊંચો સરખો અંગ્રેજ છે તે કોણ છે?' મેં તો કોઇ પણ અંગ્રેજને ઓળખતો હોવાનો સાફ ઈન્કાર કર્યો.

કેસમેન્ટે તરત ડિરેક્ટરી કાઢી ને '૭૯ ડ્રામેન્સવાઈન' જોયું તો એ બ્રિટિશ લીગેશનનું સરનામું હતું તરત તેણે જર્મન એલચીને આ હકીકતથી વાકેફ કરતી ચિઠ્ઠી લખી ક્રિસ્ટેન્સેન સાથે મોકલી.

બીજી સવારે વળી બીજો અજાણ્યો ક્રિસ્ટેન્સેનને મળ્યો અને કહ્યું: 'ટેલિફોન બૉક્સમાં જઈ, ૧૧૪૬૦ નંબર પર કૉલ કર; તને તારા હિતનું કાંઇક જાણવાનું મળશે.' ક્રિસ્ટેન્સેને તેમ કરતાં જવાબ આવ્યો: 'જલદી ટૅક્સી કરીને ૭૯ ડ્રામેન્સવાઇન આવો.'

ક્રિસ્ટેન્સેન ત્યાં ગયો ને પહેલાંના જ રૂમમાં તેને લઈ જવામાં આવ્યો. એક ઊંચો સરખો માણસ આવ્યો. ખંડને તાળું લગાવી તેણે બ્રિટિશ મિનિસ્ટર તરીકે પોતાની ઓળખાણ કરાવી, ને પછી બોલ્યો: 'તમારા ને તમારી સાથેના ગૃહસ્થ વિષે હું બધું જાણું છું. ગઈ કાલે તમે તમારી માતાને સંદેશો મોકલેલો, એની નકલ મારી પાસે છે. તમે મૉસના ઍલ્ડર ક્રિસ્ટેન્સેન છો, ખરું ને? અને તમારી સાથેનો ગૃહસ્થ બીજો કોઈ નહિ, પણ રૉજર કેસમેન્ટ છે. કાલે સવારે તેણે ન્યૂ યૉર્કના એક મિત્રને સંદેશો મોકલાવેલો. મને એનું મૂળ લખાણ જોઇએ છે, જેથી તેના દસ્તખત મારી પાસે રહે.'

ક્રિસ્ટેન્સેન આ સાંભળી આભો બની ગયો (અનુ૦ પૃ૦ ૨૧૭મે)

પશ્ચિમના પ્રતિભાવંત વાર્તાલેખક જૅક લંડનની અમર

બક અને સ્પિટ્ઝ

જ્યાં જીવનનો અર્થ ઝનૂન છે, ને મોત એ મિજબાની મનાય છે

એ કાતિલ ઠંડી ને કારમા સૂનકારભર્યા અંધારઘેરા ઉત્તરપ્રદેશમાંની જિજિવિષાની વાર્તા

અલાસ્કાના ઉત્તર ધ્રુવના અંધારા પ્રદેશમાં સોનાની ખાણો મળી આવી હતી, ને એ પીળી ધાતુની ચમકથી આકર્ષાએલા હજારો માણસો ટોળાંબંધ ત્યાં ખેંચાયે જતા હતા. ત્યાંના માર્ગમાં આવતા બરફના ડુંગર ઉપર ડુંગર વળોટવામાં વપરાતી સ્લેજગાડી ખેંચવામાં જાડા વાળવાળા મોટા ડાઘિયા કુતરાઓ જ ખપ લાગતા; એટલે કૅલિફૉર્નિયાના સુંદર પ્રદેશના વાસમાંથી ખડતલ શરીરના બકની સારી કિંમત ઉપજાવી લઇને, કોઇએ ચોરીછુપીથી તેને ઉઠાવીને અલાસ્કા જતી સ્ટીમરમાં ચડાવી દીધેલો.

અલાસ્કામાંનો બકનો નવો શેઠ કૅનૅડિયન સરકારના અગત્યના ખતપત્રો ઉત્તરના હિમપ્રદેશમાં પહોંચાડવાનું કામ કરતો હોવાથી બક જેવો હૃષ્ટપુષ્ટ કુતરો હાથ લાગતાં જ તે પ્રસન્ન થયો અને અલાસ્કાના પ્રદેશમાં બરફગાડી ખેંચવાની તેને તાલીમ આપવા સારુ ફ્રાંસ્વા નામના પોતાના પડછંદકાય સ્લેજ-ડ્રાઈવરને સોંપ્યો.

આમ, ઓચિંતો બક કૅલિફોર્નિયાની અનુકૂળ આબોહવામાંથી ઉત્તર ધ્રુવની તદ્દન નવીન આબોહવામાં આવી પડ્યો હતો. બકને જે ટોળીમાં દાખલ કરવામાં આવ્યો તેનો આગેવાન સ્પિટ્ઝ નામનો એક કૂતરો હતો. સ્પિટ્ઝ અલાસ્કાના બરફ જેવો જ સફેદ હતો. શરીરે તો એ તગડો હતો જ, પણ દીઠે યે દેખાવડો હતો.

બન્યું એવું કે બકની સાથે જ એ ટોળીમાં કર્લી નામે એક કૂતરી પણ નવી દાખલ થએલી. આ જંગલી કૂતરાઓના ઈર્ષાળુ સ્વભાવથી બિનવાકેફ બિચારી કર્લીએ ટોળીમાંના બીજા એક ઊંચા ને મજબૂત કૂતરા સાથે જરા ગેલ કરી; અને તુરત જ—કોઇને કાંઈ ખબરે ય પડે તે પહેલાં તો, જાણે વીજળી ત્રાટકી હોય તેમ બિચારી કર્લી ઉપર હૂમલો થયો. ઝપ દેતી, સ્પિટ્ઝની પોલાદી દાઢો તેના મોઢા પર ખૂંચી ગઈ, અને કર્લી હજી સાવધ પણ થઈ શકે એ પહેલાં તો આંખથી જડબા સુધીનું એના મોં પરનું ચામડું ઊતરડાઈ ગયું!

બકને વિશેષ આશ્ચર્ય તો એ લાગ્યું કે ટોળીના બીજા બધા કૂતરાઓ તે જ પળે એક બાજુ ખસી ગયા, અને કર્લી તથા સ્પિટ્ઝને લડવાની જગ્યા કરી આપી. કર્લીએ પણ તરત સામનો કર્યો. પણ તેના હૂમલા સામે સ્પિટ્ઝે એવી સિફતથી છાતી ધરી કે કર્લી ગડથોલિયું ખાઇને પડી —તે એવી પડી કે પાછી ઊભી જ ન થઇ શકી!

એને પડેલી જોતાં જ હવે પ્રેક્ષક કૂતરાઓનું આખું ટોળું ત્યાં ધસી ગયું ને એક સાથે, ભૂખ્યા વરુઓની માફક બધા જ કર્લી પર તૂટી પડ્યા, અને એ જંગલીઓના સપાટા નીચે પીંખાતી કર્લીની વેદનાની ચીસોથી વાતાવરણ ગાજી ઊઠ્યું. ફ્રાંસ્વાએ આવીને પોતાના ધોકાના સપાટાથી મહામહેનતે તેમને દૂર કર્યાં ત્યારે જ તે ખસ્યા; પણ ત્યાં સુધીમાં તો કર્લીનું અંગેઅંગ ને સાંધેસાંધા પીંખાઇ ગયા હતા, ને લોહીના ખાબોચિયામાં તેનો દેહ લોચો થઇને પડ્યો હતો!

બકને માટે આ અનુભવ નવો હતો. બે પ્રતિસ્પર્ધીમાં જે પડે તેનો બધાએ મળીને કોળિયો કરી જવો, અને એ રીતે વિજયની 'મેહફિલ' માણી લેવી એવો આ જંગલનો નિયમ જોઈ એ તો ડઘાઈ જ ગયો. અને એમાં પોતાના આ વિજય પર જીભ કાઢીને સ્પિટ્ઝને તેણે હસતો જોયો તે ક્ષણેથી જ એને એના તરફ જાણે જન્મોજન્મની હોય એવી ઘૃણા—નફરત જાગી.

હજી તો એના મગજને કર્લીના મૃત્યુના અનુભવની કળ પૂરી વળી પણ નહોતી ત્યાં તો એક બીજો નવો અનુભવ પણ બકને થયો.

પા કલાકમાં તો ટોળીના એ નવે કૂતરાઓ ઉપર ફ્રાંસ્વાએ ચોકઠાં ચડાવ્યાં ને તેમને ગાડીએ જોડ્યા. પોતે આ રીતે પહેલી જ વાર મજૂરની પેઠે ગાડીએ જોડાતો હતો એ બકના સ્વમાનને ખટક્યું તો ખરું, પણ એનો વિરોધ કરવામાં શાણપણ ન હતું તે એ સમજી ગયો હતો. એટલે બધાની સાથે એણે પણ ગાડી ખેંચવામાં અને ઉતાવળે ચાલવામાં પોતાનો સહકાર નોંધાવ્યો. જોકે પોતાના જોડીદાર બીજા કૂતરાઓની કામ કરવાની આતુરતા તેને જરા આશ્ચર્ય પમાડતી રહી. એ બધા બનતી ઝડપે આગળ વધવા તલપાપડ થતા હતા અને એ ગતિમાં જરા યે વિક્ષેપ કે અંતરાય પડે એ તેમને ગમતો નહિ.

બક નવો હતો એટલે ફ્રાંસ્વાએ એને બે અનુભવી ડાઘિયાની વચ્ચે રાખ્યો હતો. બીજા છયે કૂતરા તેમની આગળ એક-એકની હારમાં હતા. સૌથી આગળ, નેતા તરીકે, અલબત્ત, સ્પિટ્ઝ હતો. બકની સાથે બાંધેલા બે ડાઘિયા તેને શિક્ષણ આપવાની પોતાની ફરજ પ્રામાણિકપણે બજાવતા હતા. નિષ્કારણ એઓ બકને કાંઇ જ શિક્ષા કરતા નહિ; પણ શિક્ષા કરવા જેવી ભૂલ બક કરે કે તરત જ દાંત વતી એની ભૂલ બતાવવાનું પણ એ કયારેય ચૂકતા નહિ. બકને પણ આ બધી શિક્ષા ઝડપથી સ્વીકારી લેવી જ ઉચિત લાગી, કેમકે પોતાના ગુરુઓની શિક્ષા સામે વિરોધ નોંધાવવા જો એ પ્રયત્ન કરત તો તેમના કરતાં યે વધારે કડક એવો ફ્રાંસ્વાના ચાબુકનો અનુભવ માથે ઊભો જ હતો. એટલે બકે નવું શિક્ષણ મૂંગે મોંએ ઝડપથી ગ્રહણ કરવા માંડ્યું અને દિવસને અંતે તો એણે પોતાની તાલીમ એટલી સરસ મેળવી લીધેલી કે તેનો શેઠ પણ તેના પગ વગેરે તપાસી લીધા બાદ ખુશ થઈ ગએલો.


શહેરની બધી સુખસગવડોથી ટેવાયેલા કોઈ માણસને અચાનક એકાદ ગામડા કે જંગલમાં મૂકી દેવામાં આવે ને જેવી મુંઝવણ તેને થાય, એવી અનેક મૂંઝવણો શરૂઆતમાં તો બકને થઈ. પણ બ[illegible] માણસની પેઠે પોતાની આદતોનો ગુલામ નહોતો. નવા જીવન[illegible] તે અનુકૂળ થવા લાગ્યો.

મુસાફરી આગળ ચાલી. સાંજ પડયે પડાવ નંખાતો ને પરોઢિ[illegible] મોંસૂઝણું થતાં તો પ્રવાસ શરૂ થઇ જતો. સાંજે તંબુઓ ખોડા[illegible] જાય ને રોજનું મચ્છીનું રૅશન વહેંચાઇ જાય એટલે કૂતરાઓ બર[illegible] માં પોતપોતાના ખાડા ગાળીને સૂઇ રહેવાની વ્યવસ્થા કરી લેત[illegible]

ખાવાનું દરેકને માપસર મળતું. પણ બકના વજનદાર ને પે[illegible]

કૃતિ 'કૉલ ઑવ ધ વાઇલ્ડ'માંનો એક પ્રસંગ

★અનુવાદક · મગનલાલ પડિયા



પણ બકે પાસે જઈને નિશાન બદલ્યું, અને વીજળીની ત્વરાથી નીચા નમી તેણે સ્પિટ્ઝના આગલા ડાબા નળા પર લોખંડી રાક્ષસીઓનું એવું તો બચકું ભરાવ્યું કે હાડકાંની કડકડાટી બોલી·

સાતા શરીર તરફ સરત રાખી, તેને બીજાઓ કરતાં અરધો શેર વધારે, એટલે કે દોઢ શેર ગચ્છી મળતી; અને છતાં બક ભૂખ્યો રહેતો! સંસ્કારી માણસની માફક ધીમેધીમે ખાવાની તેને ટેવ હતી તે પણ હવે તેને છોડી દેવી પડી, કેમકે આ જંગલીઓ વચ્ચે તો જે વહેલો ખાઈ લે તે બીજાના ખોરાક પર તરાપ મારતો. અને એ રીતે શરૂઆતમાં બક લુટાયો પણ ખરો. એટલે બને એટલી ઝડપથી ગળામાં ઓરી દેવાનું પણ તે શીખ્યો. પછી તો એ પણ ઝૂંટવતાં શીખ્યો, એટલું જ નહિ પણ 'રૅશન' વહેંચનાર નોકરની નજર ચૂકવી તેના જથ્થામાંથી ચોરીને સેરવી લેવાની પ્રવીણતા પણ તેણે કેળવી.

કૅલીફૉર્નિયામાં તેના ઉપર થએલા નાગરિક સંસ્કારો એક પછી એક ભુંસાતા ચાલ્યા. તેની કાયા કેળવાઇકેળવાઇને લોખંડ જેવી બની ગઈ અને સામાન્ય જખમ કે ઝપાઝપીના દરદને ન ગણકારવું તો સામાન્ય થઈ ગયું. એની આંખ ચકોર થઈ અને ઘ્રાણેન્દ્રિય તીવ્ર થઈ. તેના કાન તો એટલા સરવા થઈ ગયા કે તે ભરઊંઘમાં પડ્યો હોય તોપણ ઝીણામાં ઝીણો અવાજ સાંભળીને તે તુરત હોશિયાર થઈ જતો, પંજાનાં આંગળાં વચ્ચે જમા થતા બરફને ચાલતાં ચાલતાં જ મોં વડે ભાંગવાનું પણ તે શીખી ગયો, અને તરસ લાગે ત્યારે બે પગે પાછા હઠી આગલા પંજાની જોરથી થપાટ મારી ખાબોચિયા પરનું બરફનું પડ તોડતાં પણ તેને આવડી ગયું. પણ તેની ખાસ આવડત તો તોફાનની હવા ઓળખવામાં હતી. રાત્રે સૂતી વખતે ભલેને પવન તદ્દન શાંત ને પડી ગએલો હોય, છતાં આગામી હવાનું પારખું તે એવું તો પાકું કરીને પોતાનો સૂવાનો ખાડો ખોદતો કે મોડી રાતે જ્યારે તોફાન જાગી ઊઠે ત્યારે તેની બખોલ તો તોફાનની અવળી બાજુએ, સલામત અને હૂંફાળી જ રહેતી.

કૅલિફૉર્નિયાના સુધરેલા સમાજમાં રહેવાથી તેનામાં મૃતપ્રાય થઈ ગએલી કેટલી યે સ્વભાવગત ખાસિયતો પાછી આપમેળે અહીં પોતાનું કામ કરવા લાગી ગઈ અને આદિકાળના જંગલી કૂતરાઓનું માનસ ફરી એનામાં જાગ્રત થવા લાગ્યું. બચકું ભરતાંની સાથે જ માંસનો લોચો ઊતરડી લેવાની જંગલી વરૂની કાબેલિયત તેને એવી તો આવડી ગઈ, કે જાણે વર્ષોથી તેના લોહીમાં જ એ ન હોય! પોતાના જંગલી વડવાઓનો સૈકાઓ-જૂનો એ વારસો એણે થોડા જ વખતમાં વગર શિક્ષણે વાતાવરણમાંથી જ મેળવી લીધો.

આ નવા જીવનમાં બંધબેસતા થવામાં જ બક એટલો બધો રોકાઇ ગયો હતો કે કોઇપણ ઝગડામાં તે બનતાં સુધી પડતો નહિ. આગેવાન તરીકેના હક-દાવે સ્પિટ્ઝ કોઇકોઇ વાર દાદાગીરી કરતો તોપણ બક ગમ ખાઈ જતો. તેમ છતાં એ શરૂઆતના દિવસોમાં જ એક પ્રસંગ એવો બની ગયો કે જેમાં બક અને સ્પિટ્ઝ વચ્ચે જામી પડી.

સાંજ પડી અને તંબૂ તાણ્યા ત્યારે પવન કાળજું ચીરી નાખે તેવો ફૂંકાતો હતો. બકે પોતાની આગવી લાક્ષણિકતાથી એવી સરસ ઓથ નીચે ખાડો કર્યો કે જ્યાં ઠંડા સૂસવાટાની જરા પણ અસર પહોંચતી નહોતી. અરે, રૅશન ખાવા જવા માટે પણ આવું સરસ હૂંફાળુ સ્થાન છોડવું પડ્યું તે તેને ગમ્યું નહિ. પણ ભૂખ લાગી હતી એટલે ગયા વગર પણ છૂટકો નહોતો.

પણ ખાઇ આવીને બક જુએ છે તો સ્પિટ્ઝે પોતાની જગ્યા પચાવી પાડી હતી! આ શી રીતે ચલાવી લેવાય? તેનો પિત્તો ગયો અને તેણે લડાઇ જાહેર કરી દીધી. લાગલો જ તે સ્પિટ્ઝ પર કૂદ્યો. સ્પિટ્ઝે પણ જોશપૂર્વક સામનો કર્યો. લાગ મળે કે એકબીજાને કરડી ખાવા બંને ચકરચકર ફરવા લાગ્યા. બકને હાડોહાડ લાગી ગઇ હતી અને પરિણામ જરૂર જીવલેણ જ આવત.

પણ ત્યાં તો બીજાં કૂતરાંઓની ચીચિયારીઓ અને ફ્રાંસ્વાની રાડ સંભળાઇ. બાજુના જંગલમાં વસતા આદિવાસીઓના કૂતરાઓનું એક ટોળું ક્યાંકથી ગંધ મેળવી, તંબૂ ઉપર ચડી આવ્યું હતું. એ ટોળામાં હતા જંગલનાં 'રાંકાંઓ.' શરીરે જુઓ તો સાવ હાડકાં ગણી શકો. લોખંડના સળિયા જાણે ચામડીમાંથી ઉપસી આવ્યા હોય એટલા દૂબળા. પણ આંખમાં ભૂખની આગ સળગતી જોઈ લો. બક અને સ્પિટ્ઝનો ઝગડો ચાલતો હતો ત્યાં આ ટોળું તંબૂ ઉપર ખાબકી પડ્યું. ફ્રાંસ્વા ચાબુક અને ડંડો લઇને તૂટી પડ્યો. પણ રાંકાંઓ તો સીધાં ખાવાનું હતું ત્યાં જ ધસી ગયા અને ફ્રાંસ્વાના ચાબુક કે દંડાની પરવા કર્યા વગર ખાવાનું પૂરું કર્યે જ રહ્યા.

દરમ્યાનમાં ફ્રાંસ્વાની ટોળીના કુતરાઓ પણ આવી પહોંચ્યા ને પછી બંને ટોળાં વચ્ચે બરોબરની જામી. બક તો જોઈને છક જ થઈ ગયો કે આ કંગાલ દેખાતા રાંકાઓ પણ ભૂખના દુઃખે કેવો જબ્બર સામનો કરી શકે છે! બકના ખડતલ ટોળાને પણ આ આક્રમણકારોએ પાછું હટાવી દીધું. બકને પણ ડાચિયાં અને વડચકાંનો ઠીકઠીક લાભ મળ્યો. ગુસ્સામાં બકે એકને ગળેથી પકડ્યો. અને પછી તો એના ગરમ લોહીના સ્વાદે બકને ઝનૂની બનાવ્યો. તે જોશથી લડવા લાગ્યો. એ જ વખતે દગલબાજ સ્પિટ્ઝે તેના પર પાછળથી હીચકારો હૂમલો કર્યો, પણ બક તેની પકડમાંથી છટકી ગયો.

ઘણી મહેનત પછી જ્યારે હુમલાખોરોને માંડમાંડ તગડી શકાયા ત્યારે જોયું તો ફ્રાંસ્વાનો એકેએક કૂતરો જખમી થયો હતો. હમણાં જ નવી દાખલ થએલી ડૉલીનું ગળું વીંધાઈ ગયું હતું, એકની તો આંખ નીકળી પડી હતી, ને બીજાનો કાન તો એવો ખવાઈ ગયો હતો કે ચીંદરડે ચીંદરડાં !

પાટાપીંડી કરીને ફ્રાંસ્વાએ તેમને ગાડીએ જોડ્યા. પણ હજુ તો ૪૦૦ માઇલની મુસાફરી બાકી હતી; અને તે પણ ખરા કપરા પ્રદેશની. ફ્રાંસ્વાને એક બીજો પણ ડર હતો. રાંકાંઓનાં બચકાંથી ઘણીવાર હડકવા લાગુ પડતો. અધવચાળે જ જો પોતાનું ટોળું હડકાયું થઇ જાય તો શું થાય ? એ પ્રશ્ન એને ખરેખરો મૂંઝવતો હતો. અને ફ્રાંસ્વાની બીક થોડીઘણી પણ સાચી નીવડી ! બેત્રણ દિવસ રહીને અચાનક ડૉલી હડકાઇ થઈ હડકાયા કૂતરાની નિશાની પોકારતી વરુની લારી જેવી એક ભયંકર ચીસ નાખી ને તે બાજુમાં ઊભેલા બક ઉપર જ ખાબકી. હડકવાની એ નિશાની ઓળખવાની કૂતરાંઓમાં કુદરતી પ્રેરણા જ હોય છે, અને દરેક કૂતરું એવા હડકાયાના હુમલાથી બચવા માટે જીવ લઇને ભાગે છે. એટલે એની ચીસથી જ ચમકી ઊઠેલો બક જીવ લઇને ભાગ્યો. ડૉલી તેની પાછળ પડી. નાનામોટા બરફના ટાપુઓ ઉપર ટાપુઓ એકીશ્વાસે કુદાવતો બક દોડવા જ લાગ્યો. ડૉલી પણ તેની પાછળ જ પગલે પગલું માપતી આવતી હોય તેમ લપકતી આવતી હતી. આમ ને આમ ચારપાંચ માઈલના ઘેરાવામાં આ જીવલેણ શરત ચાલી હશે, એવામાં બકને ફ્રાંસ્વાનો સાદ સંભળાયો. લાગલો જ તે પાછો વળી ફ્રાંસ્વા પાસે આવવા બેવડી ઝડપે ચાલી નીકળ્યો. મોતની ઝાળ જેવી ડૉલી હજી પણ તેની પાછળ જ કદમ દબાવતી ધપ્યે આવતી હતી. ફ્રાંસ્વા પોતાની કુહાડી તોળીને જ ઊભો હતો. જેવો બક ફ્રાંસ્વા પાસેથી ઝડપભેર પસાર થયો કે તરત જ તેને નીકળી જવા દઈ તેણે વીજળીની ઝડપથી ડૉલી પર કુહાડી ઝીંકી. ડૉલીનું માથું છેદાઇ ગયું.

થાકીને લોથપોથ થએલો બક બરફમાં બેસી ગયો. તેના મોંમાં હાંફ તો માતો ન હતો. આ લાગ સાધીને ફરી સ્પિત્ઝે એના પર હીચકારો હુમલો કર્યો, અને અસાવધ બકને તેણે બેત્રણ એવાં બચકાં ભર્યા કે તેના દાંત માંસ સોંસરા છેક હાડકાં સુધી ખૂપી ગયા. દોડીને શક્તિહીન થઈ ગએલો બક કાંઈ કરે તે પહેલાં તો ફ્રાંસ્વાની નજર ત્યાં પડી ને તેણે સ્પિત્ઝને ચાબુકથી એવો તો ફટકાર્યો કે આખી ટોળીમાં એવો માર કદિ કોઇને નહોતો પડ્યો. બક બચી ગયો.

તે દિવસથી બક અને સ્પિત્ઝનાં હાડોહાડ વેર બંધાયાં. સ્પિત્ઝે જોયું કે દક્ષિણ પ્રદેશમાંથી આવતાં બીજાં કૂતરાંઓ પેઠે બક ન તો નવા વાતાવરણથી દબાયો છે, કે ન તો આબોહવાની પ્રતિકૂળતા એને નડી છે. જંગાલિયતની ક્રૂરતા અને ખંધાઈ પણ એ બરોબર શીખી ગયો છે ળી શેઠનો પણ એ માનીતો છે. શરીરે તગડો ને માતેલો તો એ છે જ. આ બધાં લક્ષણો સ્પિત્ઝની આગેવાનીમાં વિરોધી હતાં. પોતે આજ સુધી આ ટોળાનો અબાધિત નેતા રહ્યો હતો. બકમાં એને પોતાના આ સામ્રાજ્યનો હરીફ દેખાયો.

ટોળાંની નેતાગીરી એ આ જંગલી પ્રદેશમાં માની સ્વભાવના કૂતરાને મન જેવીતેવી વાત નથી હોતી. જાતે ગાડીમાં જોડાયો હોવા છતાં પોતે આ બધાને દોરી રહ્યો છે એ અરમાન સ્પિત્ઝના જીવનના મેરુદંડ જેવું હતું. કંઈક એવું જ અરમાન આ હિમાચ્છાદિત પ્રદેશના સર્વે કૂતરાઓમાં સદા જલતું રહેતું; એ જ અરમાન સૌ કૂતરાંને પોતાનાં હાડ તૂટી જાય ને છેલ્લો શ્વાસ પહોંચે ત્યાં સુધી ગાડી ખેંચાવ્યા કરતું. એ જ અરમાન-ગુમાનનો પ્રેર્યો સ્પિત્ઝ સૌ કૂતરાઓને તલવારની ધાર જેમ હકૂમતની ધાર ઉપર રાખતો, અને કોઈ કાંઈ ગફલત કે ગેરવર્તણૂક કરે તો તેને સજા કરીને સીધો કરી દેતો. એ અરમાનની આગ હવે બકમાં પણ પ્રકટી ઊઠી.

તેણે હવે ખુલ્લંખુલ્લા સ્પિત્ઝની નેતાગીરીને પડકારવા માંડી. આજ સુધી દબાએલા રહેતા ટોળાના કૂતરાઓને પણ તેણે સ્પિત્ઝની સામે ઉશ્કેરવા માંડ્યા. કોઈ શિસ્તભંગ કરતા કૂતરાને સ્પિત્ઝ દબડાવવા જતો તો બક વચ્ચે પડી પેલાને રક્ષણ આપવા લાગ્યો. એક વાર સવારે ગાડીએ જોડાવાનો વખત થયો ત્યાં સુધી પાઈક નામનો એક કૂતરો પોતાના ખાડામાં જ સૂતો રહ્યો ને ફ્રાંસ્વાની ઘણી યે બૂમો છતાં તે આવ્યો નહિ. આથી સ્પિત્ઝનો પિત્તો ગયો; ને જેવો પાઈકને ખાડામાંથી શોધી કાઢવામાં આવ્યો એવો જ તેને સજા કરવા સ્પિત્ઝ તેના પર કૂદ્યો. પણ બક વચમાં કૂદ્યો ને સ્પિત્ઝની તરાપ ખાલી જઇને તે ગડથોલું ખાઇ ગયો. પોતાની ભેર તણાતી જોઇ, પાઈક પણ હવે સ્પિત્ઝની સામે થઈ તેના પર ધસ્યો. અને એ જ વખતે બક પણ સ્પિત્ઝની ઉપર ફરી કૂદ્યો. ન્યાય-અન્યાય ને યુદ્ધનું પ્રામાણિકપણું એ હવે ભૂલી ગયો હતો. ફ્રાંસ્વાએ આ જોયું. આજ સુધી સ્પિત્ઝની અવળચંડાઈ ગળી જનાર બકની આડાઈ પર એ મનમાં ને મનમાં હસ્યો; પરંતુ શિસ્તની દૃષ્ટિએ એણે બકને સજા કરી; અને પાઈકને સજા કરવાની સ્પિત્ઝને પૂરેપૂરી તક આપી.

છતાં બીજા કૂતરાઓને સ્પિત્ઝ સામે આમ ઉશ્કેરવાનું બકનું કામ તો ચાલુ જ રહ્યું. ફક્ત હવે બક એટલી સાવચેતી રાખતો ફ્રાંસ્વાના દેખતાં તે કાંઈ કરતો નહિ. પણ એની ગેરહાજરીમાં એ સ્પિત્ઝનું શાસન નબળું પાડ્યા જ કરતો. એક જ હુકમે કામ કરવાની જે ટેવ અને વૃત્તિ બધાંમાં હતી તે ધીમેધીમે હવે ભુંસાવા લાગી. પહેલાં બધાને સ્પિત્ઝનો જે ભય લાગતો તે ઊડી ગયો ને કેટલાક તો ખુલ્લેખુલ્લો બળવો પોકારવા જેટલા ધૃષ્ટ બન્યા.

ધીમેધીમે અવ્યવસ્થા વધતી ચાલી. ફ્રાંસ્વાનો ચાબુક જ કાંઈ વ્યવસ્થા રાખી શકતો; પણ જેવી એની પી ફરતી કે તરત કાંઈક ને કાંઇક બખેડો શરૂ થઇ જતો. ફ્રાંસ્વા પાકો શ્વાનપારખુ હતો. બ ને સ્પિત્ઝને એક જ ટોળામાં સાથે રાખવા એ એક જ મ્યાનમાં બે તલવાર રાખવા જેવું હવે હતું, એ તે સમજતો હતો. એ બેની વચ્ચે ભવિષ્યમાં હવે ચોક્કસ જામનારી ખૂનખાર લડાઈના ભણકારા તેને વાગવા લાગ્યા. અને આખરે એક દિવસ એ લડાઇ આવી પડી

એક રાત્રે વાળુ કરીને બધા કૂતરાઓ પોતાપોતાના ખાડામાં જતા હતા, ત્યાં ડબ નામના એક કૂતરાની નજરે એક સસલું પડ્યું. આવો સરસ મઝાનો કૂંળો ખોરાક જોઈ ડબ ડાંઉડાંઉ કરતો તેની પાછળ થયો, અને તરત—પલકવારમાં તો બધા કૂતરા તેની સાથે થઈ ગયા. થોડેક દૂર એક પોલીસપાર્ટીનો મુકામ હતો તેના પ પચાસેક ડાઘિયા એમની સાથે ભળ્યા.

સસલું જીવ લઈને નાસતું હતું. બરફથી છવાએલી પાસેની ખ તો તે વટાવી ગયું. પણ કૂતરાઓ તેનો કેડો મૂકે તેમ નહોતા. બ એ સૌને મોખરે હતો. તેણે ખૂબ જ ઝડપ રાખી હતી, છતાં સસલાને પહોંચી શકે એમ લાગતું નહોતું. તોપણ જાણે તીર છૂ હોય તેમ, માથું નીચું ઘાલીને અને ભોંયસરસો થઇને તે ચાંદની પોતાનું શરીર ચમકાવતો સુસવાટ દોડ્યે જતો હતો.

પોતાની બધી શક્તિઓ સંપૂર્ણપણે—છેલ્લા બુંદ સુધી ખરચી સાહસ કરવાની એક પળ જિંદગીમાં આવે છે. એ પળ જીવન ખુદ ચેતનાના શિખર સમી હોય છે. બકના જીવનમાં અત્યારે પળ આવી હતી. પુરપાટ દોડ્યે જતા સસલાને પકડી પાડવું, તે

કૂંળા શરીરમાં દાંત પેસાડીને તેના લોહીનો સહુથી પ્રથમ આસ્વાદ લેવો, ને પોતાનું મોં છેક આંખ સુધી એ લોહીમાં રંગવું એ એક જ ધ્યેયમાં બકને મન અત્યારે જીવનની ધન્યતા હતી. એનામાં રહેલું ચેતનનું અણુ યે અણુ અત્યારે તંગ થઈ ઊઠયું હતું. તેના સ્નાયુની પેશી યે પેશી અને તેના શરીરની છેક છેલ્લી શિરા સુધીનાં બધાં અંગ આજે એક જ કર્તવ્ય બજાવી રહ્યાં હતાં.

બીજા બધા તો બકની પાછળ જ દોડતા હતા; પણ શાન્ત અને ગણત્રીબાજ સ્પિત્ઝે બીજો રસ્તો લીધો. જેવું તેણે સસલાને ખાડી ઓળંગવા માટેના વળાંક તરફ જતું જોયું, એવો જ તે ટોળાથી જુદો પડી ગયો અને બધાની માફક ગોળાકારે સસલાની પાછળ જવાને બદલે તેણે સીધો વચ્ચેનો આડમારગ લીધો.ને ખાડીની પેલી બાજુ સસલાથી આગળ તેના માર્ગમાં જઈ ઊભો રહ્યો.

શ્વાસભેર દોડયે જતા બકે સસલાનું બરફ છવાયેલું શરીર વળાંકને ઓળંગતું જોયું. પણ જેવો પોતે વળાંક વળે છે ત્યાં તો તેણે સ્પિત્ઝને ખાડીના કિનારાની ભેખડ પરથી સસલાના માર્ગમાં કૂદતો જોયો. સ્પિત્ઝના શૂળા જેવા દાંત સસલાની પીઠમાં ઊંડા પેસી ગયા અને બીજી જ ક્ષણે, જીવન અને મરણ વચ્ચેના વિગ્રહની જાહેરાત કરતી સસલાની તીણી ચીસ સંભળાઈ. અને તેની વાંસોવાંસ, કૂતરાંના ટોળાએ વિજયના આનંદની લારીઓ પોકારી.

ન બોલ્યો એક બક. પોતાની સર્વ શક્તિ ખરચી પોતે જે વિજય તરફ ધસી રહ્યો હતો તે તેના હાથમાંથી સ્પિત્ઝે આંચકી લીધો હતો. આ વિચાર તેને આવ્યો ન આવ્યો, ને બીજી જ પળે તો તે સ્પિત્ઝ પર ધસ્યો. તેના શિકારનું ધ્યેય સસલું મટીને હવે સ્પિત્ઝ થયો.

પણ ગુસ્સાના આવેશમાં તે હુમલો ચૂકી ગયો. સ્પિત્ઝનું ગળું તેની પકડમાં આવતાં આવતાં રહી ગયું. અને બંને જણ બરફમાં લોટ-પોટ થઈ ગયા. સ્પિત્ઝ તરત જ જાત સંભાળીને ઊભો થઇ ગયો અને બકના ખભા પર એક વડચકું ભરી લઇને દૂર છટકી ગયો. લોખંડનું છટકું ભીડાવું હોય તેમ તેણે બકના શરીરમાં બે બચકાં પેસાડી દીધાં.

બક હવે વસ્તુસ્થિતિ પામી ગયો. જીવન કે મરણના આખરી અંજામની ઘડી આવી પહોંચી હતી.

પાછળ આવતા કૂતરાઓ પેલા સસલાને જમી જઇને હવે આ દંગલની ચોમેર કુંડાળું વળીને શાન્ત સ્થિર ઊભા રહી ગયા હતા. અનિમેષ આતુરતાથી આ બે શ્વાનવીરોનું દ્વંદ્વ જોતી તેમની આંખો જ માત્ર અંગારાની જેમ તગતગતી હતી. બે પ્રતિદ્વંદ્વીઓના અથડાવાના, પડવાના અને ઊભા થવાના, શ્વાસોચ્છ્વાસના ને દાંતના કડકડાટના અવાજ સિવાય બીજું બધું શાંત હતું. બકને કર્લી વાળો પ્રસંગ સાંભરી આવ્યો. જો પોતે પડશે તો આ ઓગણસાઠ ડાચાં પોતાને ભરખી જશે એ વિધિલેખ હતો! તે ઝનૂનથી લડવા લાગ્યો.

સ્પિત્ઝે તો આજ સુધીમાં આવાં ઘણાં યુદ્ધો ખેલ્યાં હતાં. આખા ધ્રુવપ્રદેશના કેટલા યે નવા-જૂના કૂતરાઓ ઉપર એણે વિજય મેળવ્યો હતો. તે ભારે ઘડાયેલો લડવૈયો હતો. લડતી વખતનો તેનો ગુસ્સો ભયંકર રહેતો, પણ એ ગુસ્સો આંધળો કદિ થઇ જતો નહિ. સામો આવતો હૂમલો ઝીલવાની તૈયારી સાથે જ તે ત્રાટકતો.

બકે સ્પિત્ઝની ગરદન પકડવા બેચાર નિષ્ફળ પ્રયત્ન કર્યાં; પણ સ્પિત્ઝના સ્નાયુઓમાં જ્યાં જ્યાં તેણે વડચકાં ભરવા પ્રયત્ન કર્યો ત્યાં ત્યાં માંસને બદલે સામા સ્પિત્ઝના કડકડતા દાંત જ સામા મળ્યા. તેના હોઠ ચીરાઇને લોહી નીકળવા લાગ્યું, સ્પિત્ઝના એક પણ મર્મસ્થાન સુધી બકના દાંત પહોંચી શકયા નહિ. અનેકવાર તેણે સ્પિત્ઝની સફેદ ગરદનની ધોરી નસ ખેંચી લેવાનો પ્રયત્ન કર્યો, પણ સાવચેત સ્પિત્ઝ સપાટામાં આવ્યો જ નહિ.

હવે બકે ખભાથી જબ્બરઘસારો કરી સ્પિત્ઝને ઉથલાવી પાડવાનો પ્રયત્ન કરવા માંડયો. પણ એમાં યે તે ફાવ્યો નહિ ઉલટા, સ્પિત્ઝનાં બચકાંથી તેના ખભા ચીરાતા જતા હતા. થોડી વારમાં તો બક લોહી નીંગળતો થઈ ગયો જ્યારે સ્પિત્ઝ લગભગ એવી ને એવી સ્થિતિમાં રહ્યો. યુદ્ધ ધીમેધીમે ભયંકર ને ભયંકર થતું જતું હતું. અઠ્ઠાવન કૂતરાઓનું ટોળું આ બેમાંથી એક કયારે પડે અને કયારે એનો કોળિયો કરી જવાય એની રાહ જોતું ઊભું હતું.

બકે હવે સ્પિત્ઝને ઝપટમાં લેવા ચકરચકર ફરવા માંડયું. સ્પિત્ઝે પણ બકને ઉથલાવી પાડવા સામા સપાટા લગાવવા માંડયા. એકવાર તો બક હડબડીને પડી પણ ગયો. જેવો તે પડયો તેવું જ અઠ્ઠાવન પ્રેક્ષકોનું ટોળું એના ઉપર ધસી આવ્યું. પણ બીજી જ પળે બક ઊભો થઇ ગયો ને ટોળું થંભી ગયું તેમનું વર્તુલ હવે સાંકડું થયું હતું.

બે પ્રતિસ્પર્ધીઓનું દ્વંદ્વ પાછું જામ્યું. સ્પિત્ઝ ગણતરીબાજ હતો, તો બકમાં એક બીજો ગુણ હતો, જે પ્રાણીમાત્રને મહાન બનાવી દે છે:–કલ્પનાશીલતા. તે જન્મજાત ઝનૂનથી તો લડતો જ હતો; પણ વધુમાં તે બુદ્ધિથી પણ લડી શકતો હતો! તેણે હવે આખરી તર્ક લગાવ્યો. જાણે કે સ્પિત્ઝને ખભે થપાટ લગાવી તેને પાડી નાખવા માટે ધસતો હોય એમ એ ધસ્યો; પણ છેક પાસે જઇને એણે નિશાન બદલ્યું ને ખભે થપાટ લગાવવાને બદલે, વીજળીની ત્વરાથી નીચા નમીને, તેણે સ્પિત્ઝના આગલા ડાબા પગના નળા પર પોતાની લોખંડી રાક્ષસીઓનું બચકું ભીડાવ્યું. હાડકું ભાંગવાની કડકડાટી બોલી ને સ્પિત્ઝને હવે ત્રણ પગે સામનો કરવાની ફરજ પડી.

વળી બકે પાછો ખભાના હુમલા વડે તેને પછાડવાનો પ્રયત્ન કર્યો; પણ ત્રણ પગ છતાં સ્પિત્ઝ ડગ્યો નહિ. બકે વળી એકવાર પેલી યુક્તિ લડાવી, ને સ્પિત્ઝને છેતરીને તેના આગલા જમણા પગનો નળો તોડી નાખ્યો. વેદનાથી મરી જતો છતાં નાચાર બનેલો સ્પિત્ઝ હજી ટકી રહેવા માટે માંડો થઇને યત્ન કરવા લાગ્યો.

પણ ફક્ત બે પગે તે કેટલુંક ટકી શકાય? એણે પ્રેક્ષકોના વર્તુલને વધુ સાંકડું થઇને પોતા તરફ ભીડાતું જોયું. આવી રીતે અગાઉ કેટલી યે વાર તેણે ટોળાને પોતાના હરીફ પર ભીડાતું આવતું જોયું હતું. પણ, આજે હવે તેનો વારો હતો. કોઈ જ આશા રહી નહોતી. જંગલના આ વણલખ્યા કાનૂનમાં દયાને સ્થાન જ નહોતું. બક પણ હવે લોહીતરસ્યો થયો હતો. તેણે છેલ્લી ઝપટ મારી.

આસપાસ બધે શાંતિ હતી. કુંડાળું વળીને ઊભેલા ડાઘિયાઓ જાણે પત્થરના હોય એમ સ્થિર થઇ ઊભા હતા. સ્પિત્ઝનું અભિમાન હજી લડી રહ્યું હતું. બે પગે માંડમાંડ ઊભા રહીને તે સામનો કરતો હતો અને આંખ સામે તરવરી રહેલા મોતમાંથી—બકના દાંત તેની ગરદનને કરડી ખાય તેમાંથી બચવા તે ફાંફાં મારતો હતો. બકના છેલ્લા ધસારાથી, આગલા પગના આધાર વગરનો સ્પિત્ઝ ઉથલી પડયો. બીજી જ પળે બક તેના પર ત્રાટકયો. તેના દાંત સ્પિત્ઝના ગળામાં ખૂંચી ગયા. ત્રીજી પળે તો તે ખસીને દૂર ઊભો રહ્યો.

લાગલું જ પેલા શાંત ઊભેલા ટોળાનું કુંડાળું વધુ સાંકડું ભીડાઇને જાણે એક બિંદુ બની ગયું. સ્પિત્ઝ હતો ન હતો થઈ ગયો.

બીજે દિવસે સવારે ફ્રાંસ્વાએ ગાડી જોડી ત્યારે સ્પિત્ઝ ન દેખાયો, પણ બકને તેણે સ્પિત્ઝની જગ્યાએ સૌથી આગળ આવીને ઊભેલો જોયો અને તે સમજી ગયો. સ્પિત્ઝના સામ્રાજ્યનો સૂર્ય આથમી ગયો હતો. બકનું એકચક્રી સામ્રાજ્ય આજથી શરૂ થતું હતું.

ગુજરાતનું સર્જન

લેખક • **અમૃતલાલ વ. પંડયા** ★

ઇન્સ્ટીટયૂટ ઑવ આર્કીઑલૉજી • વલ્લભવિદ્યાનગર • આણંદ



પૃથ્વીના દોઢ અબજ વર્ષના આયુષ્યમાં ગુજરાતની સર્જનક્રિયા કેવીરીતે થઇ અને ગુજરાતનું કલેવર કેવીરીતે તથા શાનુંશાનું ઘડાયું એ ભૂ-રચનાની અત્યંત રસમય ક્રિયાની હકીકતો સરળ ભાષામાં આ લેખમાળા સમજાવતી આવી છે. તેમાં, આજથી સાત કરોડ વર્ષ પહેલાં ગુજરાત અને હિંદ જેના એક ભાગ જેવા હતા તે વિશાળ ગૉન્ડવાના-લૅન્ડ ઉપર જ્વાળામુખીનો મોટો ઉત્પાત મચીને આપણા ગિરનાર, પાવાગઢ, સાતપુડા આદિ પર્વતો અને ગુજરાતની રસાળ કાળી માટીવાળી ભૂમિ કેમ રચાઈ તેની હકીકત હવે આ લેખમાં પૂરી થાય છે. અને તે જ અરસામાં એ વિરાટકાય ગૉન્ડવાના-લૅન્ડ આખો એકાએક શીરીતે ડૂબી ગયો તે આ હપતામાં દર્શાવ્યું છે. વળી એ ડૂબવાનાં ભૂસ્તરીય પ્રમાણોના નકશા પણ સાથે આપેલા છે.

આ પ્રમાણે, આજથી છએક કરોડ વર્ષ પૂર્વે, ક્રિટેશિયસ (Cretaceous) યુગના પાછલા વખતમાં લાવારસની નીચે ગુજરાત, મધ્યહિંદ, મધ્યપ્રાંત અને મહારાષ્ટ્ર, સાવ દટાઈ ગયાં, અને આ પ્રદેશોમાં તે વખતે અસ્તિત્વ ધરાવતી ગૉંડવાના મહાયુગની જીવસૃષ્ટિ,–જેવાં કે મહાકાય પ્રાણીઓ અને જેના વડે કોલસાનાં આજનાં પડો રચાયાં તે વૃક્ષો, આ ધગધગતા લાવા રસમાં ગડપ બની નાશને ભેટયાં. આ લાવારસ સુકાઇને જે ખડકો બન્યા તે ખડકોની વિશેષ માહિતી 'પ્રકૃતિ' નામના આપણા એક ઉત્કૃષ્ટ ત્રૈમાસિકમાં (પુસ્તક ત્રીજું અંક પહેલો વર્ષ ૧૯૪૪માં) પ્રગટ થએલા 'દક્ષિણની સોપાન-શિલાઓ' નામના લેખમાંથી મેળવી શકાશે. આ ખડકનો રંગ ઘેરો રાખોડી હોય છે. ગુજરાતમાં એ ખૂબ જાણીતો છે. મહી કાંઠામાં મહી નદી આ ખડકોમાંથી પસાર થાય છે; નર્મદાની દક્ષિણના ગુજરાતમાં આ ખડક પુષ્કળ થાય છે; સૌરાષ્ટ્ર ને કચ્છના પણ કેટલા યે ભાગો એ ખડકના રચાએલા છે. તાપીના કાંઠે એનો સારો વિસ્તાર થયો છે; અને સાતપુડા તથા સહ્યાદ્રિ પર્વતો એના જ રચાએલા છે. આ સોપાનશિલાઓ પણ આગ્નેય ખડકો (Igneous rocks) કહેવાય છે, કારણકે તે ભૂગર્ભના અગ્નિ વડે ઉત્પન્ન થય છે. બીજા આગ્નેય ખડકો 'ગ્રેનાઈટ' વગેરેની વિગત આ લેખમાળાના શરૂઆતના ભાગમાં અપાઈ ગઈ છે.

લેટરાઈટ (ઍલ્યુમીનિયમના ખનિજ)ની રચના

આ આગ્નેય ખડકોની સપાટી પર પાણી અને મોસમની અસરથી એક પ્રકારની રસાયનિક ક્રિયા થાય છે અને તેના પરિણામે આ ખડકની સપાટીના ભાગ કેટલાંક તત્ત્વો નાશ પામતાં તેનો રંગ લાલ થઈ તે એક જુદા જ પ્રકારના લેટરાઈટ, Laterite નામના ખડકમાં પલટાવા લાગે છે.

સોપાન-શિલા ઉપર આ ક્રિયા થતાં સાતપુડા, સહ્યાદ્રિ વગેરે પર્વતોની સપાટીના ભાગો લાલ નજરે પડે છે. આ પર્વતોમાંથી સાતપુડા પર્વત વધુ જૂનો હોવાથી તે ઘણે સ્થળે   છે. આ લેટરાઇટ ખડકમાં ઍલ્યુમીનાનું પ્રમાણ વિશેષ હોવાથી તેમાંથી ઍલ્યુમીનિયમ નિપજાવી શકાય છે.

ગુજરાતના સર્જનમાં આ સોપાનશિલાઓનો ફાળો મોટો રહ્યો છે. નર્મદાની દક્ષિણના ગુજરાત-પ્રદેશની સપાટી આ ખડકની જ રચાએલી છે; ને આ કાળા ખડકની સપાટી પર પાણીની અસર થઇ ઘસાઈઘસાઇને તેમાંથી કાળી માટી રચાય છે. આ માટીની નીચે થોડાક ફૂટની ઊંડાઇમાં જ આ કાળો ખડક નીકળી આવે છે. આમ ગુજરાતના જે પ્રદેશો ક્રીટેશિયસ યુગમાં પૃથ્વીના ગર્ભમાંથી વરસેલા લાવા નીચે દટાયા તે સઘળા પ્રદેશોનું ભૂપૃષ્ઠ આજે આ સોપાન-શિલાઓ વડે રચાએલું નજરે પડે છે, અને આ પ્રદેશોના પાયામાં, એ સોપાન-શિલાઓના જાડા પડની નીચે, અસલ ગૉંડવાના (કોલસો ધરાવતા) અને તે પહેલાંના ખડકો (ધાતુમય) અસ્તિત્વ ધરાવે છે. નદીઓ વડે જ્યાંજ્યાં સોપાનશિલાઓનું એ જાડું પડ ઘણું ઊંડું કપાયું છે ત્યાંત્યાં આ સાવ નીચેના કોલસાના ખડકો નજરે પડે છે. દાખલા તરીકે દક્ષિણ ગુજરાતમાં નર્મદાની અંને બાજુ શૂલપાણ પાસે દેવગંગા નદીના ઊંડા ઘસારાને લઇ સાતપુડાની સોપાનશિલાઓ ખૂબ ઘસાઈ ગઈ છે અને ત્યાં ગૉંડવાના મહાયુગના વેળુ અને ચૂર્ણ-પાષાણોના જાડા થરો બહાર નીકળી આવ્યા છે. આ ખડકોની વિગત અને તેમની ઔદ્યોગિક ઉપયોગિતાની માહિતી આ લેખમાળાના માર્ચ અંકના હપતામાં આવી ગઈ.

આ સોપાનશિલાઓમાંથી અમુક પ્રમાણમાં કૅલ્સાઈટ, અકીક વર્ગના પત્થરો અને ઍલ્યુમીના નીપજે છે. પણ બીજી રીતે એ ખડકો ધાતુઓ વગરના હોઇ ઔદ્યોગિક દૃષ્ટિએ તેમનું ખાસ મહત્ત્વ નથી. બાંધકામના પત્થર તરીકે અને સડક પરના બૅલૅસ્ટ તરીકે જ તેમનો ઉપયોગ થાય છે. વળી આ ખડકોના ધોવાણથી જે કાળી માટી રચાય છે તે કપાસ, શેરડી વગેરેની ખેતી માટે હિંદમાં સર્વોત્તમ લેખાય છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની જમીન આવા જ પ્રકારની છે.

ગૉંડવાના-લૅન્ડ ડૂબે છે

હવે વિરાટ પરિવર્તનના ઓળા પથરાયા. જૂનું જગત જવા બેઠું અને પૃથ્વીના પટ પર નૂતન સર્જનનાં મંડાણ થયાં. જળનું સ્થળ અને સ્થળનું જળ થવા બેઠું.

ગૉંડવાનાની ભૂમિ પર ભભૂકી ઊઠેલા મહાકાય જ્વાળામુખીઓએ પૃથ્વીના પેટાળમાં ભરેલો એટલો બધો પ્રવાહી પદાર્થ લાવારસ રૂપે ઓકી નાખ્યો હતો કે તેનાથી બે લાખ ચોરસ માઇલનું ક્ષેત્રફળ ધરાવનાર આશરે પાંચેક માઇલ ઊંચો સોપાનશિલાઓનો પ્રદેશ રચાઇ ગએલો તે આપણે જોઇ ગયા. પણ પૃથ્વીના પેટાળ-

માંનો આટલો બધો પદાર્થ બહાર નીકળતાં એના પેટાળમાં જે પોલાણ પડ્યું તે પૂરવા કોઇ વિશાળ પ્રદેશ જમીનમાં ધસી જાય તે દેખીતું છે. એટલે પરિણામ એ આવ્યું કે દક્ષિણ અમેરિકાથી આફ્રિકા, હિંદ, તથા ઑસ્ટ્રેલિયા સુધી જે વિરાટકાય ભૂખંડ—ગૅાંડવાના-લૅન્ડ વિસ્તરેલો પડચો હતો તે હવે ધીમેધીમે નીચે બેસતો દરિયાને તળિયે જવા લાગ્યો ! એની સપાટી પર આફ્રિકા અને હિંદ વચ્ચે જે પર્વતમાળાઓ પથરાએલી પડી હતી તે પણ ગરકાવ થવા લાગી. છતાં એના કેટલાક ભૂભાગોનો પાયો બીજા ભાગો કરતાં મજબૂત હોવાથી એ જેમ ને તેમ રહ્યા, અને તે આજના દક્ષિણ અમેરિકા, આફ્રિકા, હિંદ અને ઑસ્ટ્રેલિયા. બાકીના ગૅાંડવાના-લૅન્ડની વનસ્પતિઓ અને વિશાળ જંગલો તથા એનાં મહાકાય પ્રાણીઓની અવનવી દુનિયા (જુઓ બાજુનું ચિત્ર) એ સઘળી સૃષ્ટિ સાગર-સમાધિનો ભોગ બની ! કેવું કગકગાટી-ભરેલું હશે એ મહાસંહારનું ભીષણ દૃશ્ય !




ગૅાંડવાના-લૅન્ડ ડૂબતાં દટાઇ ગએલી ક્રિટેશિયસ યુગની આ સૃષ્ટિનાં પ્રાણીઓ તથા વનસ્પતિ આજે 'ફૅાસિલ' રૂપમાં મળી આવે છે.


સોપાનશિલાવાળો હિંદનો વિસ્તાર

(સામેના પાને લેખના મથાળે મૂકેલા નકશાની સમજણ)

છસાત કરોડ વરસ પર ક્રીટેશિયસ યુગના અંતકાળે, પૃથ્વીના ગર્ભમાંથી લાવારસ ભભૂકીને ગૅાન્ડવાના લૅન્ડ ઉપર પથરાતાં સોપાનશિલાઓના જે ખડકો રચાયા તેણે રોકેલો હિંદનો વિસ્તાર એ નકશામાં દર્શાવ્યો છે. એ ખડકો વડે જે મોટો ઉચ્ચપ્રદેશ રચાયો તે ઉત્તરે અણહિલપાટણથી દક્ષિણે ધારવાડ સુધી ને પૂર્વે નાગપુરથી પશ્ચિમે કચ્છ-સૌરાષ્ટ્ર સુધી પ્રસરેલો હોવા ઉપરાંત ગૅાંડવાના લૅન્ડની સપાટીનો કેટલોક ભાગ તેણે રોકી લીધેલો. એ સમયે ગૅાંડવાના-લૅન્ડનું અસ્તિત્વ હતું તે વાત ભુલાવી જોઇએ નહિ. આ પ્રદેશમાં માત્ર બે જ મુખ્ય પર્વતો હતાઃ અરાવલ્લી ને સાતપુડા. એ બંને ગુજરાતથી માંડી છેક ગૅાંડવાના લૅન્ડના હાર્દ સુધી પ્રસરેલા હતા તે નકશા પરથી જણાશે. લીટી વડે દર્શાવેલી પટ્ટીઓ તે એ પર્વતમાળાઓ, ને ટપકાં વડે દર્શાવ્યો છે તે લાવા ખડકોથી રચાએલો ઉચ્ચ પ્રદેશ છે.



(આકૃતિઃ ૨) સોપાનશિલાઓનો ઉચ્ચપ્રદેશ રચાયો તે વખતે સાતપુડા પર્વત અને સોપાનશિલાઓનાં પડોની સ્થિતિ.



(આકૃતિ : ૩) જેવો ગૅાંડવાના-લૅન્ડ ડૂબવા માટે નીચે નમ્યો, તેની સાથે જ સાતપુડા પર્વત પણ પશ્ચિમ ભાગમાં જરા નીચો નમ્યો. પરિણામે એ પર્વત તથા સોપાનશિલાઓનાં પડો કેવી રીતે વાંકાં વળ્યાં તે આ આકૃતિમાં દર્શાવ્યું છે. આ રીતે આ પ્રદેશ અને પર્વત નીચે નમતાં, તેમના પર તે વખતનો દરિયો (ટેથીસ મહાસાગરનો એક ભાગ) ફરી વળેલો, ને દક્ષિણ ગુજરાતના હાલના દરિયાકાંઠાની લગભગ પોણોસો માઇલ પૂર્વે આવેલો વિસ્તાર (નેત્રંગ નજીક) તેમાં ડૂબી ગએલો. સાતપુડાનાં પડોએ લીધેલો એ વળાંક હજુ પણ નેત્રંગ પાસે એ પર્વતમાં નજરે પડે છે. ગૅાંડવાના-લૅન્ડ ડૂબવાનાં આ ભૂસ્તરીય પ્રમાણો પહેલાં આપણા ગુજરાતમાં જ મળી આવે છે.

[હવે આવતા હપતામાં, ગૅાન્ડવાના-લૅન્ડ ડૂબતાં હિમાલય કેવીરીતે સાગરના ગર્ભમાંથી ઊભો થવા લાગ્યો અને તેને પરિણામે તે સમયે ગુજરાતમાં શાશા નૈસર્ગિક બનાવો બન્યા તેની રસમય હકીકત આવશે.]

કિરાતકન્યા હાથમતી

'સંગમશોભના સાબરમતી'ના નામથી તેર વર્ષ પર આવેલો જેમનો રસભર નદી-પરિચય અત્યંત લોકપ્રિય થઈને પાઠ્યપુસ્તકોમાં પણ આવેલો, એ જ લેખકનો આ બીજો નદી-પરિચય એટલો જ આકર્ષક અને વિવિધ અવલોકનો, ચિંતનો તથા વિદ્વત્તાભર્યાં વિધાનોથી સભર પ્રાસાદિક પ્રવાસલેખ બની રહે છે.

લેખક પ્રો. રામપ્રસાદ શુક્લ એમ. એ.

હાથમતી[1] એ તો સાબરમતી જેવી સાધારણ નદીની એક શાખા. એને વળી શબરસુંદરી કે કિરાત-કન્યાનાં કાવ્યોચિત ઉપનામો શાનાં? ઉત્તર ગુજરાતને આંગણે સાબરમતીનું માહાત્મ્ય મોટું હોય એટલે કાંઈ વિપુલજલભર ભારતીય નદીઓની હરોળમાં બેસવાની એની યોગ્યતા થોડી જ ગણાય? સિંધુ, ગંગા કે બ્રહ્મપુત્રાના વારિરાશિને પૃથ્વીના માનદંડ જેવા હિમાલયનું પીઠબળ, દક્ષિણ હિંદની નદીઓના જળઝરણપ્રદેશો પણ વિસ્તારયુક્ત, એટલે આજના ગુજરાતમાં રુદ્રકન્યા નર્મદા કે પ્રાચીન પયોષ્ણી તાપીને બાદ કરતાં નદી નામે ગણાવાને યોગ્ય સરિતાઓ જ કયાં છે? આવી-આવી પ્રશ્નપરંપરાનું સમાધાન એટલું જ કે વ્યોમદીપોના અભાવે ઘર-દીવડાને સત્કારવાનો શિરસ્તો સનાતન છે. અને વળી વિકલ્પ વિચારો. ઋગ્વેદે જેને નદીઓમાં સૌથી મોટી નદીતમા તરીકે નવાજીને પર્વતથી સમુદ્ર સુધી અસ્ખલિત રૂપે વહેતી તેમજ એની સર્વ સરિત્‌સખીઓમાં શ્રેષ્ઠ તથા વિપુલ જલબળવાળી વર્ણવી છે એ ખોવાએલી મહાન નદી સરસ્વતીના એક અવશેષ રૂપે જો સાબરમતી હોય તો, એને તેમજ એની શાખા-પ્રશાખાઓને સાધારણ કહેતાં બે વાર વિચાર કરવો પડે. આ મુગ્ધ માન્યતા કવિકલ્પના ઠરે તોપણ એટલું તો વિવાદાતીત લાગે છે કે સિંધુ-ગંગાના કિનારા પર જ્યારે સંસ્કૃતિની સ્ફુરણા પણ થઈ ન હતી તે અતિપ્રાચીન—પ્રાગૈતિહાસિક પ્રાચીનતમ—સમયમાં નર્મદા, મહી કે સાબરમતીની ખીણોમાં આદિમાનવે મનુષ્ય તરીકે જીવવાની કદાચ શરૂઆત કરી. કૃષિજીવન ને સંસ્કૃતિનાં પ્રથમ બીજ અહીં જ અંકુરિત થયાં.[2] અહીં જ માનવજૂથો ને ગ્રામોની પણ રચના થઈ. નદીઓ ઓળંગવા તરાપાઓ ભલે કદાચ માનવજીવનની શરૂઆતથી હશે; તથાપિ જળમાર્ગોની અવરજવરના શ્રીગણેશ તો આ જ નદીઓના મુખપ્રદેશમાં થયા, ને સમુદ્રક્ષમ યાનવિદ્યા પણ ઘણુંખરું અહીં જ વિકસી. અને આ ગૌરવ એમને ન આપવું હોય તોપણ આટલું તો નિઃસંશય ઇતિહાસસિદ્ધ છે કે આર્ય સંસ્કૃતિની સમાન સંસ્કૃતિઓ આ નદીપ્રદેશોમાં પ્રથમથી હતી. એની સાથે આર્ય સંસ્કૃતિના કેટલાક પ્રવાહો અફળાયા—અથડાયા, તો કેટલાક વળી હળીમળીને એકરૂપ થઇ ગયા. ઉપરાંત, સમુદ્રવાટે પ્રલંબાતી સંસ્કૃતિઓને પણ પોતાનાં મુખો મારફત અવરજવરની અનુકૂળતા એમણે આપી છે અને તેરીતે યુગેયુગે સંસ્કૃતિના નવા સમન્વયો રચ્યા છે.[3]

સાબરમતીનું આ ઐતિહાસિક મહત્ત્વ એની શાખાપ્રશાખાઓને ભાગે પણ જાય છે. સંસ્કૃતિઓના અવશેષો મુખ્ય નદીતટે કરતાં શાખા-પ્રશાખાઓના કિનારાઓ પર કે ખીણોમાં મળી આવવાનો સંભવ કદાચવિશેષ છે.[4] કેમકે નદીઓના મુખ્ય પ્રવાહો પોતાન


---

[1] હાથમતીને પદ્મપુરાણે હૃસ્તિમતી કહી છે; પરંતુ પુરાણોની વ્યુત્પત્તિ ભાગ્યે જ શ્રદ્ધેય હોય છે. સાબરમતીને સાભ્રમતી ગણાવી છે એને મળતી જ આ વ્યુત્પત્તિ છે. હાથમતીની સાચી વ્યુત્પત્તિ અસ્થિ+મતી હોય એમ લાગે છે. અસ્થિ = હાડકાં. આલંકારિકરીતે લઇએ તો નદીનાં હાડકાં એટલે નદીમાંના પત્થર, ખડક, શિલાઓ ઈત્યાદિ. હાથમતી પથરાળ નદી છે એ એનું વિશિષ્ટ લક્ષ ની વેકૂર પણ મોટી હોય છે. ખડકો ઉપરાંત ઘણે સ્થળે નદીતળમાં માઈલો સુધી લાડવા ઘાટના મોટા ગોળ પથરાઓ છે. શ્વભ્ર=વાંધાં એ જેમ સાબરમતીનું વિશિષ્ટ લક્ષણ છે, એમ અસ્થિ એ હાથમતીનું એવું જ વ્યાવર્તક લક્ષણ છે; કારણકે સાબરમતીની બીજી કોઈ પણ શાખા કરતાં હાથમતીમાં વધુ પત્થર છે. (હાથમતીને તીરે વેદપુરાણપ્રસિદ્ધ ભૃગુકુળના મુખ્ય પુરુષ ચ્યવન ભાર્ગવનો વાસ હતો. એના પૌત્ર દધીચિએ વૃત્રને મારવા માટે પોતાનાં હાડ (અસ્થિ) આપ્યાં હતાં એ હકીકત સાથે આ અસ્થિ શબ્દને જોડવાનું મન થાય તો એને કવિકલ્પના ગણીને ઇતિહાસના અભ્યાસીએ એથી દૂર રહેવું સારું.)

૨ જુઓ શ્રી વિષ્ણુ કરંદીકરનો લેખ: 'Narmada Valley Civilization'(૧૯૩૩માં વડોદરામાં ભરાએલી 'અખિલ હિંદ પ્રાચ્યવિદ્યા પરિષદ'ની છઠ્ઠી બેઠકનો અહેવાલ).શ્રી કરંદીકરની નર્મદાની સંસ્કૃતિની પ્રાચીનતા વિષેની માન્યતાને ભૂસ્તરશાસ્ત્રનો પણ ટેકો છે. કોઈ કોઇ પુરાતત્ત્વવિદો માને છે કે આદિમાનવના અવશેષો ગુજરા પશ્ચિમ હિંદ ને મદ્રાસ તરફથી મળી આવવાનો વધુ સંભવ છે.

૩ ગુજરાતની ભૂમિ સંસ્કારવિનિમય ને સમન્વયની ખાસ ભૂમિ છે કેટકેટલી પરદેશી જાતિઓ અહીં આવીને આ ભૂભાગોમાં ભળી ગઇ પાશુપત સંપ્રદાયનાં મોટાં મથકો અહીં હતાં; જૈન દર્શનોને છેવટ સ્વરૂપ વલભીમાં મળ્યું; બૌદ્ધ ધર્મનાં અનુપમ વિદ્યાધામ પણ અહ હતાં; ને ભારતવર્ષમાં જેના નામે યુગેયુગે ભક્તિના જુવાળો ચડ છે એ શ્રી કૃષ્ણની જીવનલીલા પણ અહીં વિકસી ને સંકેલાઈ.

૪ ઇ. ૧૯૩૪ના જાન્યુઆરીમાં શામળાજી પાસે મેશ્વો નદીની ખીણ માંથી મધ્યકાલીન શિલ્પાકૃતિઓનો ઠીક જથ્થો હાથ લાગ્યો હતે "ઈડર સંસ્થાનના કેટલાક પુરાતન અવશેષો" નામના પુસ્તકમ આનો ઉલ્લેખ છે. આ અવશેષોની શોધમાં આ લેખના લેખકનો થો ફાળો હતો. જોકે સંશોધનદૃષ્ટિએ સંપૂર્ણ ગણાય એવી તપાસ થ શકી નહોતી. અમારી એ સમયે યોગ્યતા નહોતી. અધિકારી અ ઉતાવળિયા નિર્ણયો ન બાંધે એવા સમતોલ વિદ્વાનોને હાથે ગુજરા ની નદીઓની સવિસ્તર ઐતિહાસિક તપાસ આવશ્યક છે.



વહનમાર્ગમાં વારંવાર ફેરફારો કરે છે અને ક્વચિત મૂળ વહનમાર્ગ અને પ્રાપ્ત વહનમાર્ગ વચ્ચે માઇલોનું અંતર પડી જાય છે! (આ રીતે સતલજ નદીનો આજનો વહનમાર્ગ મૂળ વહનમાર્ગથી આશરે ૬૦ માઈલ દૂર ગયો છે એમ મનાય છે. સિંધુ નદીનાં વહેણોમાં પણ માઇલો સુધી અંતરો ખસ્યાં હોવાના પુરાવાઓ મળે છે.) વહનમાર્ગોના આ ફેરફારોમાં સંસ્કૃતિના અવશેષો ધોવાઈ જાય છે. પણ શાખા-નદીઓનાં વહેણોમાં મુકાબલે ઓછા પલટાઓ આવે છે, એથી અવશેષો સચવાઈ રહેવાનો અવકાશ વધારે. આ રીતે નાની સરખી હાથમતીનું પણ ખાસું મહત્ત્વ છે. અહીં (૧) વૈદિક ને પૌરાણિક, (૨) મધ્યકાલીન—પાશુપત, ભાગવત, બૌદ્ધ, જૈન તથા (૩) સલ્તનત [illegible]યના, એવા સંસ્કૃતિના ત્રણ થરના અવશેષો તો ઉપરછલ્લી દૃષ્ટિથી જોનારને પણ ઊડીને આંખે વળગે એ રીતે સ્પષ્ટ દેખાઇ આવે છે.

ઐતિહાસિક દૃષ્ટિ અલગ રાખીએ તો, ઉપયોગિતાની દૃષ્ટિએ પણ હાથમતીનો નંબર કદાચ ગુજરાતમાં પહેલો જ આવે. ગુજરાતમાં નદીની કોઈ લાંબામાં લાંબી નહેર હોય તો તે હાથમતીની. સાબરમતી ને નર્મદાની નહેરો તો થાય ત્યારે ખરી, પણ છેલ્લી અર્ધી સદીથી યે વધુ સમય સુધી આણે તો હજારો એકર જમીનને ફળદ્રુપ બનાવી નવપલ્લવિત કરી છે. ઉત્તર ગુજરાતનાં અનેક ગામોને એણે ધાન્યના ઢગલા આપ્યા છે. આટલી સેવા અર્પીને પણ હાથમતીએ શું એકાદ પ્રશસ્તિ મેળવવાની યોગ્યતા પ્રાપ્ત કરી નથી? વળી [illegible]માંથી નહેર કાઢવામાં આવે એ તો કૃષિવિકાસના સ્પષ્ટ ઉદ્દેશને લક્ષીને; પણ નહેર બનતાં પહેલાં યે હાથમતીની આખી ખીણ કૃષિ-સંપત્તિથી ભરપૂર છે. એના [illegible] કિનારા પર વિસ્તૃત ખેતરો પથરાએલાં છે. તેમાં ધાન્ય અને કઠોળ ઉપરાંત શેરડીનું પણ ભરચક વાવેતર થાય છે. હાથમતી-કાંઠાની શેરડીની મીઠાશ જેણે માણી હોય એ જ જાણે. માથોડાથી વધુ ઊંચી શેરડીના વાઢ, એમાં ફરતા કોલુઓ, ઊકળતા રસના તવાઓ અને ગોળના રવાઓના ઢગના ઢગ જોયા પછી હાથમતીની મીઠાશ હૈયે વસ્યા વિના રહે જ નહિ.

હાથમતીને શગરસુંદરી પણ કહી શકાય, કારણ એના બંને તટ-પર હિંદની પ્રાચીનતમ જાતિઓમાંની એક ભીલ જાતિના વિસ્તૃત

વસવાટો છે. આ કોમનાં દુઃખસુખ તેમજ દૂષણ-ભૂષણોની એ છેક પ્રાગૈતિહાસિક કાળથી સાક્ષી છે. એની ચડતીપડતીના પલટાતા રંગો એણે જોયા છે અને એ તડકીછાંયડીઓમાં પણ એને ટકાવી રાખી છે.[5] સુંદરી કહેવા જેટલાં સૌન્દર્યસ્થાનો પણ હાથમતીના કિનારાઓ ઉપર છે; છતાં એને કિરાત-કન્યાનું અભિધાન આપવાનું મને એટલા માટે યોગ્ય લાગે છે કે કેવળ વનકન્યા જ જે સ્વતંત્રતા માણી શકે છે એ હાથમતીનું ખાસ લક્ષણ છે. મૂળ પાસેનો દોઢ હાથનો એનો પ્રવાહ પાંચ સાત ગાઉમાં તો વિશાળ પટ થઇને વહે છે અને પાછો આખો પટ શુષ્ક દેખાય છે. ભીલોડાથી ઉપરવાસ હાથમતીનો પટ સૂકો છે, જેને કારણે પદ્મપુરાણે એને 'શુષ્કરૂપા' કહી છે. પણ ભીલોડા છોડી ચાર માઈલ પર ચીલોડા પાસે આવતાં તો આખી નદી ભરપૂર થઇને વહે છે. આ પછી કયાંક વહેણ તૂટે છે તોપણ એનો પ્રવાહ એકંદરે જલભર રહે છે. અને આગળ ઉપર તો મોટા મગર રહી શકે એવા ધરાઓ પણ એમાં પડે છે. આમ, લગ્નજીવન ગાળતી સુંદરી જેવું એકધારું નહિ પણ કન્યાજીવનની ચમકીલી દશાઓ દર્શાવતું હાથમતીનું જીવન છે.

હાથમતી નદીનું ઉગમસ્થાન છાણી(ખેરવાડા પાસે)ની દક્ષિણે સહેજ પશ્ચિમ તરફ ઢળતા ડુંગરોની હાર છે. એક ગિરિઝરણનાં પાણી ઝીલતી એ મહીકાંઠાના ભીલોડા વિભાગના પાલ ગામના ગોંદરાને ઘસીને પસાર થાય છે. અહીં સુધી એની ગતિ પશ્ચિમાભિમુખ રહે છે, ને ઉત્તર-દક્ષિણ બંને તરફના ડુંગરોના ઢોળાવનાં પાણી તે ઝીલતી જાય છે. પણ પછી પાલથી થોડે આગળ વળાંક લઇને એ ઉત્તરથી દક્ષિણ વહેવા લાગે છે અને ત્યાં જ એનું ખરું નદીસ્વરૂપ બંધાય છે. અહીંથી વચમાં કવચિત પશ્ચિમાભિમુખી થતી એ મુખ્યત્વે ઉત્તર-દક્ષિણ વહે છે અને આ રીતે ભીલોડા વટાવી ખેરોજ સુધી પહોંચ્યા બાદ પાછી દક્ષિણ તરફ ઢળતો પશ્ચિમી વળાંક લે છે. આમ ડેમાઈ તથા તિતપર સુધી પશ્ચિમાભિમુખ રહ્યા પછી દક્ષિણાભિમુખી થઈ હિંમતનગર અને હાપા વટાવી તે સાબરમતી સુધી પહોંચે છે. નદીનું વહેણ ઘણુંખરું ઇશાનથી નૈઋત્ય તરફ વહે છે.

પાલમાં ચતુર્ભુજના મંદિર તરીકે ઓળખાતું સોલંકી સમયની બાંધણીનું મંદિર છે. મંદિરના ગર્ભ-ભાગમાં બે મૂર્તિઓ છે, અને નીચે એક યુગલની મૂર્તિ આકર્ષક અંગમરોડવાળી છે. પુરુષે સ્ત્રીના ગળામાં ડાબો હાથ નાખેલો છે અને જમણો ગોઠણ જરા આગળ લાવી અંગમરોડ કરીને ઊભેલો છે. સ્ત્રી સહેજ ઉલ્લાસમાં જમણી બાજુ ફરીને ઊભેલી છે. એનો જમણો પગ એણે છટાથી વાંકો વાળેલ છે અને ડાબા પગથી કેડનો મરોડ કરીને ઊભી છે. મંદિર એવી ખંડિત દશામાં છે કે બીજી કશી માહીતિ મળતી નથી; પણ એ જ ગામના બગીચાના કોટમાં રામજી મંદિર પાસે ૧૨૦૮ની સંવત્ ... શિલાલેખ છે,[6] એટલે ગૂર્જરેશ્વર કુમારપાલના સમયમાં સોલંકી શિલ્પશૈલીનાં અનેક મંદિરો બંધાએલાં એમાંનું આ પણ એક બાંધણીના ઘાટ પરથી લાગે છે. અહીં એક દિગંબર જૈન મંદિર જોવા જેવું છે, પણ એ ખાસ જૂનું જણાતું નથી. મારી નોંધપોથી કહે છે કે આ સ્થળે બોરસલ્લીનું એક સુંદર ઘટાઘેરું વૃક્ષ છે, અને ગોરસઆંબલી મેં જિંદગીમાં પ્રથમ અહીં જ જોઈ.

પાલથી બેલડીઆ સુધી આવતાંમાં તો હાથમતીનું કાંઠું લગભગ બેવડું થઈ જાય છે અને કોઇકોઈ સ્થળે ઊંડા ધરા બંધાઈ જાય છે. ચિકોડા ગામની નજીકના આવા એક સુંદર ધરાને કિનારે એક રમ્ય સાંજ ગાળ્યાનું મને ચોખ્ખું સ્મરણ છે. ધરાની ભેખડ ઉપર ઝઝૂમી રહેલું વડનું ઝાડ, એની બાજુમાં જ દૂર સુધી લંબાતી અને છેવટ ડુંગર–તળેટીમાં ભળી જતી ગાડાવાટ, પાછળની ટેકરીઓની લગભગ સુધી લંબાઈ રહેલા પડછાયા, એવી આ વધતી જતી વિજનતામાં હું અને મારા સાથીદાર ચિત્રોડી શાળાના ભીલશિક્ષક મૌન ધરીને ઊભા હતા, એટલામાં અચાનક સામેની ટેકરીઓ ઓળંગીને કાગડાની કતારો ઉપર કતારો આવવા લાગી અને આજુબાજુનાં વૃક્ષો ઉપર રાતવાસો રહેવાને ગોઠવાઈ ગઇ. આથમતા દિવસની નિઃસ્તબ્ધ શાન્તિમાં આ કોલાહલે એવું તો આંદોલન જગાવ્યું કે સૃષ્ટિ આખી ઘડીભર કાકમય બની રહી. ધીમેધીમે એ કોલાહલ શમી ગયો અને અમે પાછા ફર્યા ત્યારે, વાતાવરણના પ્રભાવે કે કુદરતને ઓળખનારી આંખ નવું રૂપ ભરતી હતી એ કારણે, કાગડાનો અવાજ કર્ણકટુ હોય એ પૂર્વગ્રહ સરી પડ્યો. ત્યાર પછી કતારબંધ કાગડાઓ કોલાહલ કરતા ઊડતા જોવા એ મારે મન સદા હર્ષનો વિષય રહ્યો છે. અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં રહેનાર સૌ કોઇને ખબર હશે કે રોજ સવારે રાણીબાગનાં વૃક્ષો પરથી ઊડીને કાગડાઓ ટોળેટોળાં પશ્ચિમ તરફનાં જંગલોમાં જાય છે અને સૂર્યાસ્ત થતાં હારબંધ પાછાં ફરે છે. ઘેરબેઠાં આટલો આનંદ આપનાર આ કાકકુળ હાથમતીને કિનારે ગાળેલી એ રમણીય સાંજ સાથે અનેકવાર મને મનોમય અનુસંધાન કરાવે છે.

ચિકોડાથી આગળ ચાલીને બંને બાજુ પહોળા થતા ડુંગરાઓની હાર વચ્ચેથી પસાર થતી હાથમતી 'ઉગરિયાના મેળા' તરીકે ઓળખાતા, ભીલ લોકોનો જ્યાં મેળો ભરાય છે એ સ્થાન પર આવી પહોંચે છે. ત્યાં બંને બાજુ ડુંગરાની હારો થોડે છેટે રહે છે. ... નદીતલમાં ઊભા રહીને સર્વત્ર દૂર સુધી દૃષ્ટિ ફેંકી શકાય છે અને કશે બંધિયાર જેવું લાગતું નથી. ચોમેર પથરાએલી ટેકરીઓ ચિત્રરેખાઓની પાર્શ્વભૂમિકા જેવી લાગે છે. મેળો ભરાય છે એ રમ્ય નદીતટ ઉપર મહાદેવનું મંદિર છે અને નીચે જ પાણીનો એક મોટો ધરો ભરેલો રહે છે. આ સ્થળે પ્રતિવર્ષ ભાદરવાના શુકલ પક્ષમાં મેળો ભરાય છે અને વી... ...સ ગાઉથી આજુબાજુના ભીલો ... એકઠા થાય છે. ઈ. સ. ૧૯૩૩માં આ મેળો જોવા માટે ઈડરથી ખાસા થઈ પગે ચાલતો હું ગયો હતો. ભીલોના મોટા સમૂહને સાથે જોવાની તેમજ એમનો સમૂહ-રાસ નિહાળવાની તક મને ... દિવસે સાંપડી હતી. સ્ત્રી-પુરુષો સાથે જ રાસ લેતાં હતાં. અઢીસો સ્ત્રીપુરુષોનું બહારનું મોટું કુંડાળું હતું અને એને સમ... દોઢસો જેટલાં સ્ત્રી-પુરુષોનું અંદરનું કુંડાળું હતું. સૌના જમણા ... વર્તુલના મધ્યબિંદુ તરફ સહેજ ઢળકતા રહેતા, અને એના પર ... ચાલનારનો જમણો હાથ રહેતો. મધ્યમાં બેત્રણ ઢોલી નાચી ... ઢોલ બજાવતા હતા. એના તાલ પ્રમાણે સૌની ગતિ થતી હતી. ...માં જોમ અને તરવરાટ હતાં. સમુદ્રનાં (અનુ૦ પૃષ્ટ ૨૧

[5] સ્વાયત્ત પંચાયત તંત્રોમાંથી પરાયત્ત શૂદ્ર ગણાવાની કોટી સુધી આ જાતિઓની કાળબળે અવનતિ થઇ. શૌર્ય ને સચ્ચાઇની ખોટ કદી એમનામાં ન હતી. સ્વાશ્રયી જીવન ગાળવામાં પણ આ જાતિઓના સર્વ માનવીઓ એક્કા જેવા છે; છતાં સમૂહજીવન જીવતાં એમને ન આવડ્યું. શ્રમવિભાગ ને સમયાનુકૂળ ઉત્પાદનનાં ઓજારો વિકસાવવાની કળાના અભાવે વાણિજ્યવ્યવહારના માર્ગોથી દૂર પડી ગએલી આ જાતિઓ જીવનસંઘર્ષની હરીફાઇઓમાં અધમાધમ થતી ચાલી.

[6] ઉપરની સર્વ હકીકત તા. ૧૦-૧૧-૧૯૩૩ના રોજ પાલ ગામે મેં લીધેલી મારી નોંધ ઉપરથી આપેલી છે.

ગંધક

જગતનું કદાચ જૂનામાં જૂનું રસાયનતત્ત્વ

એ એટલું તો સર્વવ્યાપી છે કે ખનીજ રૂપે તે જમીનમાં સ્વતંત્રપણે રહેલું હોવા ઉપરાંત લોખંડ તાંબુ સીસું આદિ ધાતુઓમાં, ચીરોડી આદિ પત્થરોમાં, લસણ ડુંગળી મૂળા રાઈ જેવી વનસ્પતિમાં, ઘેટાંના ઊનમાં—અરે ખુદ તમારા પોતાના વાળમાં પણ રહેલું છે.

લેખક
ડૉ. નરસિંહ મૂ. શાહ એમ એસસી., પીએચ. ડી.


ગંધક વિષેની માહિતી તો ઘણા જૂના કાળથી મળી આવે છે. વ્યવસ્થિત વિજ્ઞાનને માર્ગે રસાયણશાસ્ત્ર વિકસ્યું તે અગાઉના કાળના છેક જૂના કીમિયાગરોનાં ત્રણ મૂળ તત્ત્વોની ત્રિપુટી (મીઠું, ગંધક અને પારો)માં પણ ગંધકનું સ્થાન હતું. ત્રાંબાનાં ગુણને ગંધક મારે છે, એ ઉપરથી તેને માટેનો અંગ્રેજી શબ્દ 'સલ્ફર' યોજાયો હોય એમ લાગે છે; કેમકે સંસ્કૃતમાં શુલ્વારિ એટલે ત્રાંબાનો દુશ્મન. એ ઉપરથી 'સલ્ફર' થયું લાગે છે. યુરોપમાં ઇટાલીના પ્રદેશ સિસિલીમાં ગંધક પુષ્કળ નીકળે છે, એટલે ગ્રીસ અને રોમવાસીઓને ગંધકને લગતું જ્ઞાન હતું જંતુવિનાશક તરીકે તેના ધુમાડાનો ઉલ્લેખ હોમરે ત્રણ હજાર વર્ષો પૂર્વે કરેલો હતો. વળી રંગ કાઢવા માટે તેનો ઉપયોગ પણ એ જમાનામાં જાણીતો હતો. દવા તરીકે તો ગંધક ઉપયોગમાં લેવાતો જ. કીમિયાગરો ગંધકને અગ્નિના સત્ત્વરૂપ ગણતા. પણ વિજ્ઞાનને પહેલવહેલું વ્યવસ્થિત રૂપ આપનાર મહાન ફ્રેંચ વિજ્ઞાનિક લવાયઝિયરે ઇ. ૧૭૭૭માં પુરવાર કરી બતાવ્યું કે ગંધક એક મૂળ તત્ત્વ છે.

ગંધક કુદરતમાં સ્વતંત્ર તેમજ સંયુક્ત અવસ્થામાં જડી આવે છે. પૃથ્વીનાં પડોમાં ગંધકનું પ્રમાણ અતિ જૂજ છે ઇટાલીમાં સિસિલીના જ્વાળામુખી-પ્રદેશમાં ગંધક ખૂબ નીકળે છે. અમેરિકાના લૂઇશિયાના અને ટેકસાસના પ્રાંતોમાંથી પણ સ્વતંત્ર અવસ્થામાં ગંધક મળી આવે છે. આ ઉપરાંત ન્યૂ ઝીલૅન્ડ, ચીલી, રશિયા ને ખાસ કરીને જાપાન તથા જ્વાળામુખીવાળા એવા બીજા પ્રદેશોમાં ગંધકનાં ભરાણોમાંથી ગંધક સારા પ્રમાણમાં મળે છે. એ સર્વમાં અમેરિકા કુલ ગંધકનો ૮૦ ટકા ભાગ પેદા કરે છે.

સંયુક્ત અવસ્થામાં ગંધક સુવર્ણ માક્ષિક (લોહ અને ગંધકનું ખનિજ) ત્રાંબુ, સીસું, તથા જસત વગેરે ગંધકિત ખનિજોમાં હોય છે, તેનો ઉપયોગ પણ ગંધકના ઉપયોગી પદાર્થોની બનાવટમાં થાય છે. આ ઉપરાંત ચીરોડી, બેરાઇટીઝ અને એવા બીજા સહેલાઈથી મળતા ખનિજ સલ્ફેટોમાં પણ ગંધક સંયુક્ત અવસ્થામાં હોય છે, જેને ઉપયોગમાં લેવા માટે આજે સારીપેઠે સંશોધન ચાલે છે. આ પ્રશ્ન હિંદને ખાસ ઉપયોગી છે; કેમકે આપણે ત્યાં શુદ્ધ ગંધક નીકળતો નથી, પરંતુ ઉપર દર્શાવેલા સલ્ફેટો પુષ્કળ પ્રમાણમાં મળે છે. એટલે સંશોધન દ્વારા તેમાં રહેલો ગંધક ઉપયોગમાં લઇ શકાય એવી રીતે જડી આવે તો હિંદમાં રાસાયનિક ઉદ્યોગને ખૂબ વેગ મળે. વળી ગંધકનો તેજાબ બનાવી તે વડે બીજાં રસાયનો પણ સસ્તાં બનાવી શકાય. આ સંબંધમાં આ લેખમાળામાં અગાઉ કહેવાઇ ગયું છે.

જીવંત સૃષ્ટિમાં પણ ગંધક અગત્યનો અંશ છે. જીવનરસ (Protoplasm)માં પણ તેનું અસ્તિત્વ છે. ડુંગળી, લસણ, મૂળા ને રાઈનાં તીખાં તત્ત્વોમાં ગંધકયુક્ત પદાર્થો આવેલા છે. આપણા વાળ અને ઘેટાના ઊનમાં પણ ગંધક સંયુક્ત દશામાં છે. માનવ સંસ્કૃતિના ઇતિહાસમાં પણ ગંધકનો મહત્તાપૂર્ણ હિસ્સો છે.

વપરાશમાં ગંધકનો સૌથી જાણીતો ઉપયોગ દારૂગોળાની બનાવટમાં થાય છે અને તેને માટે તે ઘણો જ મહત્ત્વનો પદાર્થ છે. આ શોધે જ ગંધકને વિશેષ મહત્તા પ્રાપ્ત કરાવી. દિવાળીનું દારૂખાનું અને આતશબાજી તથા બંદૂકના ભડાકાનું નાનું શું અનુકરણ કરતાં બાળકોના પોટાશના ભડાકામાં પણ ગંધકનું સ્થાન પહેલું રહેલું છે. પરંતુ ગંધકની આ સંહારાત્મક બાજુ કરતાં તેની રચનાત્મક સિદ્ધિઓ અનેક છે. ગંધકનો બારીક ભૂકો, બજારમાં અનેકવિધ નામે મળે છે: ગંધકનો લોટ(૯૯ ટકા), ગંધકની ધૂળ, સૂકો ભૂકો (૬૬ટકા) વગેરે. આ ચીજો ખેતી તથા બાગબગીચામાં પાક તેમજ ઝાડપાન, ફળફૂલ વગેરેને જિવાત સામે રક્ષણ આપવામાં ખૂબ ઉપયોગી છે. ઉપરાંત કાગળના ઉદ્યોગમાં તેના માવાની બનાવટમાં તેમજ ગંધકનો તેજા[illegible]નાવવા માટે મબલખ ગંધક વપરાય છે. રબરના વલ્કેનાઇ[illegible]ઝમાં તો તેનો [illegible]. જો ન શોધાયો હોત તો આપણી સાઇકલો ને મોટરનાં ટાયર બનાવવાનું શક્ય જ ન થાત. અને તેથી આગળ, રબરમાં [illegible]શેષ પ્રમાણમાં ગંધક મેળવીને વલ્કેનાઇટ બનાવાય છે, જેમાંથી વીજળીનો સામાન, ફાઉન્ટેન પેનનાં ઘર ઈત્યાદિ સામાન તૈયાર કરવામાં આવે છે. વળી બનાવટી રેશમના આધુનિક ઉદ્યોગમાં વપરાતા ગંધકના ઉપયોગી પદાર્થ કાર્બન ડાઈસલ્ફાઈડની બનાવટ માટે પણ તેનો પુષ્કળ ઉપયોગ કરવામાં આવે છે.



ગંધક કાઢવાની ભઠ્ઠી : આવી રીતના ઢળતા ભોંતળવાળા ઓરડામાં ગંધકિત ખનીજના ગઠ્ઠા ગોઠવીને તેને ગરમી આપતાં તેમાંથી શુદ્ધ ગંધક રસ થઈને ભોંતળના ઢાળ પરથી બહાર નીતરી આવી એકઠો થાય છે, અને આ પદ્ધતિથી૭૫ ટકા ગંધક કાઢી લઈ શકાય છે.

કુદરતમાંથી મળી આવતો ગંધક ધૂળ, માટી ઇત્યાદિ અશુદ્ધિઓ સાથે મળેલો હોય છે. તેમાંથી ગંધક જુદો પાડવા માટે એ મોટા મોટા ગાંગડાંને ભઠ્ઠીમાં ગોઠવીને ગરમ કરવામાં આવે છે (જુઓ ચિત્ર) ગંધક સહેલાઇથી ઓગળી જાય છે, એટલે નીચે વહી આવેલા પ્રવાહી ગંધકને એકઠો કરવામાં આવે છે. અમેરિકામાં વળી જુદી પદ્ધતિ

છે. ત્યાં ગંધકને જુદો પાડવા માટે ભૂગર્ભમાં નળીઓ ઉતારી દબાણમાં વરાળ છોડવામાં આવે છે અને પ્રવાહી ગંધકને પંપ કરીને ઉપર લાવવામાં આવે છે. આ રીતે છુટા પાડેલા ગંધકને પછી મોટા તાવડામાં ઉકાળવામાં આવે છે અને તેની વરાળ મોટા બંધ ઓરડામાં લઇ જવામાં આવે છે. આ વરાળ ઠંડી પાડતાં તેમાંથી થોડો ભાગ આછા પીળા ભૂકા રૂપ બનીને દીવાલ પર બંધાઇ જાય છે. આને ગંધકનાં ફૂલ કહે છે. બાકીનો મોટો ભાગ ઓરડામાં તળિયે લાકડાનાં ગોળ બીબાંમાં પ્રવાહી રૂપે ભેગો થાય છે તે ઠંડો પડયે બજારમાં સામાન્યત: મળતો રોલ ગંધક બને છે.


ગંધક બહુરૂપી છે. રોમબીક મૉનોક્લિનિક, પ્લાસ્ટિક, કોલોઈડલ (ગંધકનું દૂધ) વગેરે જુદાંજુદાં રૂપ ગંધક ધારણ કરે છે. આમ, એક જ પદાર્થ જુદાજુદા ભૌતિક ગુણોવાળો બને એ તેની વિશિષ્ટતા છે. પરંતુ તેનું રાસાયનિક સ્વરૂપ તો એક જ રહે છે, તેને બહુરૂપતા (allotropy) કહે છે.

કાર્બન ડાઈસલ્ફાઇડ

સામાન્ય રીતે વિજ્ઞાનનો અભ્યાસ શરૂ કરનાર વિદ્યાર્થી કાર્બન ડાઈસલ્ફાઈડને 'અણગમતા દુર્ગંધિત પ્રવાહી પદાર્થ' તરીકે પિછાને છે. તેમાં સારા વિદ્યાર્થીઓ જાણે છે કે તેમાં ગંધકને ઓગાળવાની શક્તિ છે. વળી કાર્બન ડાઈસલ્ફાઇડ એટલે સહેલાઈથી સળગી ઊઠે એવો અતિ ભયંકર પદાર્થ એમ પણ સામાન્યરીતે સૌને ખબર હોય છે. ગરમ વાસણ નજીક પણ કાર્બન ડાઇસલ્ફાઈડ થોડો વખત રાખીએ તો તે આપોઆપ સળગી ઊઠશે! બસ, કાર્બન ડાઇસલ્ફાઇડ વિષેનું જ્ઞાન આટલું જ હોય છે.

પણ આજે આ પદાર્થ ઉદ્યોગોમાં અતિ ઉપયોગી અને મહત્ત્વપૂર્ણ ચીજ થઇ પડયો છે. કાર્બનિક (organic) પદાર્થો માટે તે ઉત્તમ દ્રાવક છે. લૉન્ડ્રીઓમાં કપડાંને ડ્રાઇ કલીનિંગ કરવા માટે તેનો ઉપયોગ ખૂબ થતો: પરંતુ તેનું સ્થાન હવે કાર્બન ટેટ્રાક્લોરાઇડે લીધું છે. આયોડીન અથવા ઍન્ટીમની પેન્ટક્લોરાઇડ અને કાર્બન ડાઈસલ્ફાઈડના મિશ્રણમાં ક્લોરીન વાયુ પસાર કરવાથી કાર્બન ટેટ્રાક્લોરાઇડ બને છે. 'પાઈરીન'ના નામથી આ ટેટ્રાક્લોરાઇડ આગ બુઝાવવામાં પણ વપરાય છે. ને રબરના વલ્કનાઇઝેશન તથા બનાવટી રેશમ(રેયૉન)ના ઉદ્યોગમાં તેનો ઉપયોગ આજે ઉત્તરોત્તર વધતો જ ચાલ્યો છે, એટલે તેની અગત્ય ખૂબ અંકાય છે.

કાર્બન ડાઈસલ્ફાઇડની શોધ ઈ. ૧૭૯૬માં લંપાડિયસ નામના વૈજ્ઞાનિકે કરેલી. ગરમ કાર્બન પર ગંધકની વરાળ છોડીને આ પદાર્થ બનાવાય છે. આ ક્રિયામાં ગરમી ખૂબ આપવી પડે છે, કારણ કે આ ક્રિયા ઉષ્મા-સંગ્રાહક (endo Thermic) છે. કાર્બન તરીકે લાકડામાં બનાવેલા કોલસા વાપરવામાં આવે છે. આ બનાવટ લોઢાનાં



કાર્બન ડાઇસાલ્ફાઈડ બનાવવા માટેની વીજળિક ભઠ્ઠી

બકયંત્રો (retorts)માં કરવામાં આવે છે, અને ગરમી માટે કાં તો વીજળી વપરાય છે યા તો ભઠ્ઠીઓમાં કોલસા બાળી ગરમી પેદા કરવામાં આવે છે. કાર્બન ડાઈસલ્ફાઈડનું ઉત્કલન-બિંદુ માત્ર ૪૬· ડિગ્રી સેન્ટીગ્રેઇડ છે, આથી તેની વરાળ કોઈપણ ગરમ પદાર્થ સાથે સંસર્ગમાં આવે એટલે તરત તે સળગી ઊઠે છે: તેને ખુલ્લા તાપની જરૂર પડતી નથી. એટલે આ પદાર્થની બનાવટમાં ખૂબ ધ્યાન રાખવું પડે છે. લાકડાના કોલસાને બદલે કોક કોલસો વાપરવાની શકયતાઓ તપાસવા માટે અખતરાઓ ચાલુ છે, પરંતુ પરિણામ લાકડાના કોલસાના જેટલું સંતોષકારક આવતું નથી.

વીસ્કોઝ રીત અનુસાર બનાવટી રેશમ–રેયોનની બનાવટમ લાકડાના માવા પર પ્રથમ કૉસ્ટિક સોડાના દ્રાવણ સાથે કેટલા કલાકો સુધી પ્રક્રિયા કરવામાં આવે છે, ને પછી વધારાનો કૉસ્ટિ કાઢી નાખવામાં આવે છે. પછી તેની દળવામાં આવે છે, એટ સેલ્યુલોઝના તાંતણા સાથે ડાઇસલ્ફાઈડ સંયોજિત થાય છે અ છેવટે સેલ્યુલોઝના તાંતણા જુદા પાડે છે. આમ બનાવટી રેશમન ઉદ્યોગમાં કાર્બન ડાઈસલ્ફાઈડ મહત્ત્વનું સ્થાન લે છે.

કાર્બન ડાઈસલ્ફાઇડની વરાળ ખૂબ ઝેરી છે, એટલે તેનો ઉપયોગ જંતુવિનાશક તરીકે કરવામાં આવે છે. કોઠારોમાં ઉંદર અ ઝીણી જિવાતનો નાશ કરવા માટે ડાઈસલ્ફાઈડ છાંટવામાં આવે

અમેરિકામાં અભ્યાસ (અનુ૰ પૃ. ૨૦૯થી ચાલુ)

એન્જીઅરિંગ હૅન્ડ બુક (લગભગ ત્રણ હજાર પાનાં છે.) ડેટ્રૉઈટ પ્રેસ જર્નલ છાપું. આટલું આવડતું હોય તો સારા ટકા માર્કસ આવે. પ્રશ્નપત્રમાં આશરે એંશી શબ્દોના અર્થ પૂછવામાં આવ્યા. ઝડપી વાચનના આઠ પેરેગ્રાફ. દરેક પર સાતઆઠ પ્રશ્નોના ઉત્તર આપવાના-કેટલાંક નિવેદનોની તર્કમય દલીલો, મૅથેમૅટિકસનાં પચાસ પ્રશ્નો, ચાર ગણિતના પ્રશ્નો, ફિઝિકસની કેટલીક ટર્મિનૉલૉજી, મેડીકલ શબ્દોનું વિવેચન: પેરીટોનિયમ ઇત્યાદિ, પક્ષીઓનાં નામ વગેરે પ્રશ્નો હતા. ઠીક મઝા આવી. આમ પરીક્ષા હલકી ગણાય, છતાં ય આખરે પરીક્ષા જ, આ પરીક્ષા અમેરિકામાં બધી જ યુનિવર્સિટીમાં એકીસાથે જ લેવાય છે. ૩૦૨ યુનિવર્સિટીમાં ૧૭૫૨ કૉલેજો છે. પરિણામ પણ એકંદર ધોરણે અપાય છે. તેમાં વિદ્યાર્થીને અમુક ટકા માર્ક મળે એનો અર્થ એવો કે એટલા ટકા વિદ્યાર્થીઓ ઊતરતા છે.

મૅટ્રિકના પેપર મશી· તપાસાય છે. આના પ્રશ્નના ઉત્ત ચોક્કસ પેપર પર ચોક્કસ પેન્સિલથી લખવામાં આવે છે. તે ઉત્તરપ યંત્રમાં મૂકતાં ફોટાસ્ટૅટીક ઇફેકટ (Photostatic effect) થાય જેટલા ખરા જવાબો હોય તેના + મુકાય અને ખોટા હોય તેન મુકાય. આમ, ટાઈપરાઈટર માફક છપાઇ જાય! પછી સરવાળો રનાર યંત્રમાં એ કાગળ જાય ને ત્યાં સરવાળો થઈ બહાર આ

અહિંનાં છાપાંઓ દરરોજ આશરે સાઠ પાનાનાં નીકળે રવિવારનું છાપું દોઢસો પાનાંનું હોય છે. આવાં આશરે મહિના ૫૫૦૦ છાપાં અને માસિકો નીકળે છે. કોઇ માણસ નિવૃત્ત એકલાં છાંપા વાંચવાનો જ નિયમ રાખે તો અર્ધાં છાપાં વાંચી શકે નહિ! આ છાપાં ખૂબ જ મોટાં હોય છે. અગત્યના સ ચાર કયે પાને છે તેની સમજ પણ પડે નહિ.

પ્રાચીન નાટચશાસ્ત્ર

નાયક-ભેદ

તથા તેની અનુષંગી અન્ય કળાઓનો પરિચય આપતી લેખમાળા ——— લેખક ——— હપતો - ૩૫



યોગેન્દ્ર પ્રિયદર્શી

નાયક, એ નાટકમાં વર્ણવેલા મુખ્ય ફળનો અધિકારી કે ભોક્તા છે. તેના જાતિ અનુસાર, પ્રકૃતિ અનુસાર, કર્મ અનુસાર વગેરે જુદાજુદા અનેક ભેદો છે. તે હવે જોઇએ.

જાતિ અનુસાર ભેદ: જાતિ અનુસાર નાટકના ત્રણ ભેદ છે: (૧) દિવ્ય, (૨) અ-દિવ્ય, (૩) દિવ્યાદિવ્ય.

દિવ્ય: દેવજાતિના નાયકો (દેવતાઓ). જેમકે: 'પાર્વતીપરિણય' નાટકમાં મહાદેવ.

અ-દિવ્ય: મનુષ્ય નાયકો. જેમકે: 'શાકુન્તલ'માં દુષ્યંત; 'રત્નાવલી'માં વત્સરાજા વગેરે.

દિવ્યાદિવ્ય: દૈવી ગુણો ધરાવનાર દિવ્ય મનુષ્યો કે અવતારી પુરુષ નાયકો. જેમકે: 'ઉત્તર રામચરિત'માં રામચંદ્ર.

પ્રકૃતિ અનુસાર ભેદ: પ્રકૃતિ કે સ્વભાવ અનુસાર નાયકના ચાર ભેદ છે: (૧) ધીરોદાત્ત, (૨) ધીરોદ્ધત, (૩) ધીરલલિત, (૪) ધીરપ્રશાંત.

ધીરોદાત્ત નાયક ક્ષમાશીલ, વિનયશીલ, સત્ત્વશીલ, ગંભીર, આત્મશ્લાઘા (સ્વપ્રશંસા) વગરનો, દૃઢ નિશ્ચયી, નિરહંકારી, એકવચની તથા હર્ષ-શોકમાં સ્થિર હોય. જેમકે: રામચંદ્ર, હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર, નળરાજા વગેરે.

ધીરોદ્ધત નાયક ગર્વિષ્ઠ, બલિષ્ઠ, પ્રચંડ, અહંકારી, આત્મગૌરવશ્લાઘી, પરાક્રમી, દૃઢસ્વભાવી તથા કંઇક કપટવાળો હોય. જેમકે: રાવણ, ભીમસેન વગેરે.

ધીરલલિત નાયક મધુર-કોમલ, વિનોદ-ઉલ્લાસ-વિલાસપ્રિય, સંગીત-નૃત્યાદિ કલારાગી, રસિક, યુક્તિ-પ્રયુક્તિઓમાં ચતુર વગેરે ગુણોવાળો હોય. જેમકે: શ્રીકૃષ્ણ ઈત્યાદિ.

ધીરપ્રશાંત નાયક સામાન્ય સહજ સર્વ ગુણોવાળો ભદ્રપુરુષ હોય. જાતે તે બ્રાહ્મણ કે વૈશ્ય હોય. જેમકે: 'મૃચ્છકટિક'નો ચારુદત્ત, 'માલતી માધવ'નો માધવ ઇત્યાદિ.

વ્યવહાર અનુસાર ભેદ: આ ઉપરાંત સ્ત્રી સાથેના વ્યવહાર અનુસાર નાયકના બીજા ચાર ભેદ છે: (૧) દક્ષિણ, (૨) અનુકૂલ, (૩) શઠ, (૪) ધૃષ્ટ.

દક્ષિણ નાયક ચતુર, કાર્યકુશળ તથા સર્વ સ્ત્રીઓ સાથે એકસરખો વ્યવહાર રાખનાર હોય. જેમકે: શ્રીકૃષ્ણ.

અનુકૂલ નાયક એટલે જેનું વલણ સ્ત્રીને અનુકૂલ હોય તે અથવા જે એક જ સ્ત્રીને વરેલો હોય તે. જેમકે: રામચંદ્ર.

શઠ નાયક એક કહી બીજું કરનારો, ઉપરથી એક સ્ત્રી પર પ્રીતિ દેખાડી છૂપીરીતે બીજી સ્ત્રીને ચાહનારો હોય. જેમકે: શંકર.

ધૃષ્ટ નાયક બેશરમ, નિર્લજ્જ, વારંવાર ધિક્કાર્યા છતાં તે ને તે સ્ત્રી પાસે જનારો કે ખુલ્લીરીતે અન્યને ચાહનારો હોય. જેમકે: રાવણ.

નાટચશાસ્ત્રમાં સ્ત્રીઓના સબંધમાં નાયકના ચારને બદલે પાંચ ભેદો જણાવેલા છે અને તે ઉપરના ભેદોથી જુદા છે. તે આ પ્રમાણે: (૧) ચતુર, (૨) ઉત્તમ, (૩) મધ્યમ, (૪) અધમ, (૫) સંપ્રવૃત્તક.

ચતુર: પ્રણય-ક્રોધ-પ્રસાદનમાં (સ્ત્રીને મનાવવામાં) કુશળ, મધુરવચની (મીઠી વાણી વાપરનારો), રતિ-ઉપચારમાં નિપુણ, દક્ષ, સમદુઃખ તથા ક્લેશસહ (કજિયો સહન કરી શકનાર) ઇત્યાદિ.

ઉત્તમ (જ્યેષ્ઠ): સ્ત્રીનું અપ્રિય ન કરનાર, પ્રિયભાષી, સ્વમાની તથા હૃદયનાં અજ્ઞાત (ગૂઢ) તત્ત્વોને જાણનાર. વળી નીચેનાં લક્ષણોયુક્ત નાયકની ગણના પણ આ પ્રકારમાં થાય છે: ત્યાગી, અ-ક્રોધી, આસક્તિરહિત મદન(કામ)ને વશ ન થનાર તથા સ્ત્રીના અવમાનથી વિરક્ત થનાર.

મધ્યમ (સમ): સર્વ અવસ્થાઓમાં મધ્યસ્થ (સમાન) રહેનાર.

અધમ: વારંવાર અવમાનિત થયા છતાં નિર્લજ્જ થઇ સ્ત્રીની પાસે જનાર; મિત્રોના વાર્યા છતાં તેની પાસે જઈ પોતાની આસક્તિ પ્રગટ કરનાર તથા રતિસુખની માગણી કરનાર.

સંપ્રવૃત્તક: ભય તથા ક્રોધને નહિ ગણકારનાર, વારંવાર પાછો પડવા છતાં આસક્તિ નહિ છોડનાર, રતિપ્રહારમાં કર્કશ (સખ્ત), શિથિલ મનનો, મૂર્ખ તથા સ્ત્રીઓના રમકડા રૂપ.

આમ, નાયકના વિવિધ ભેદો જણાવ્યા. તેને દિવ્ય, અ-દિવ્ય તથા દિવ્[illegible]સાથે ગુણવાથી તેના અડ[illegible]સ જેટલા ભેદો થાય છે. આ ઉ[illegible] પણ પ્રાચીન કાળમાં પ્રચલિત વિવિધ નાટચપ્રકારો (વિવિધ રૂપક તથા ઉપ-રૂપક) અનુસાર તેના બીજા અનેક ભેદો હતા. એ રીતે તેના નાનામોટા સર્વ મળીને તો લગભગ દોઢસો જેટલા ભેદો થાય છે. આ સર્વ ભેદોનો વિચાર કરીને નાયકનું નિરુપણ કરવાનું તથા તેના સ્વભાવ મુજબ કાર્યોને નાટકમાં યોજવાનું કામ પ્રાચીન કાળમાં તો કદાચ કઠણ નહિ હોય; પણ અત્યારે તો તે ખૂબ જ કઠિન છે. (ચાલુ)

ડ્રાઈવર: સાહેબ, મોટરનું એન્જિન ખરાબ થઈ ગયું છે. મોટર આગળ નહિ જઇ શકે.

શેઠ: તો લઈ લે પાછી ઘર!

અમેરિકામાં અભ્યાસ

'કુમાર'માં તેમજ અન્યત્ર અમેરિકાના પત્રો તો અનેકવાર આવી ગયા છે, પણ અહીં રજૂ થાય છે તેમાં ત્યાંના અભ્યાસને લગતી માહિતી અભિનવ છે એ વિશિષ્ટતા છે.

કોલસા, પેટ્રોલ, પોલાદ, વીજળિક-શક્તિ, ત્રાંબું, સૂતર, લાકડું વગેરેના ઉત્પાદનમાં અમેરિકા જગતભરમાં પહેલી પંક્તિમાં વિરાજતું રાષ્ટ્ર છે. દુનિયાની ⅘ મોટરો અહીં બને છે. દુનિયાના અર્ધા ટેલીફોનનું ઉત્પાદન અમેરિકા કરે છે. રૂ. ૨૧,૦૦,૦૦,૦૦,૦૦૦નાં તો દર વર્ષે હેરઑઇલ ને કોસ્મેટિક્સ તે વેચે છે. દર વર્ષે ૪૦,૦૦૦ માણસોને મોટર અકસ્માતથી મારી નાખે છે. અને દર સાડા અગિયાર સેકન્ડે ત્યાં એક બાળક જન્મે છે. ગયે વર્ષે ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ રતલ આઈસ્ક્રીમ આ દેશ ઉડાવી ગયો હતો. દર અઠવાડિયે ૯,૫૦,૦૦,૦૦૦ અમેરિકનો સિનેમા જુએ છે. દર મહિને ૫,૫૦,૦૦,૦૦૦ માસિકપત્રોની નકલો પ્રગટ થાય છે. ૪,૦૦,૦૦,૦૦૦ તો ત્યાં જુગારીઓ છે; અને ૨,૦૦,૦૦,૦૦૦ ફોટોગ્રાફરો છે. ૫૦,૦૦,૦૦૦ ટિકિટ સંગ્રાહકો છે અને ૨૫,૦૦૦ જ્યોતિષીઓ છે. ગયે વર્ષે ઘોડદોડની શરતમાં એ દેશે ૧,૩૦,૬૫,૧૪,૩૧૪ ડૉલર બરબાદ કર્યા હતા. એક સામાન્ય અમેરિકન કુટુંબ સરેરાશ ૧૨૨ ડૉલર કમાય છે. દરેક પ્રકારની સગવડ પૂરી પાડવાની તકેદારી રખાયા છતાં ૪૦ ટકા અમેરિકનગૃહોનાં બાથરૂમ કે 'શાવર' નથી અને ત્રીસ ટકા ઘરમાં પાણી જ આવતું નથી. શિકાગો ને લૉસ ઍન્જેલીસ શહેરમાં દરરોજ એક ખૂન થાય છે. એ લૉસ ઍન્જેલીસનો વિસ્તાર જગતના કોઈ પણ શહેર કરતાં વધુ હશે.

અત્રેની પરીક્ષાઓમાં Honoursની પદ્ધતિ છે. પરીક્ષા વખતે કોઇ પણ હાજર રહેતું નથી. સુપરવાઈઝર પણ નહિ. વિદ્યાર્થીઓ પર વિશ્વાસ ન હોય તો સુપરવાઇઝર જોઇએને? વળી એકાદ નિષ્ણાત પ્રોફેસરનો અમૂલ્ય સમય પણ બરબાદ ન થાય. પરીક્ષાનો કલાક પૂરો થાય એટલે વિદ્યાર્થીઓ જાતે જ પોતાનાં પેપર ટેબલ પર મૂકી આવે. કોઇ વધારે સમય લે જ નહિ. બ્લુ બુકની ઉપર 'Pledged' અને વિદ્યાર્થીની સહી એટલું લખવાનું. એટલે 'મેં કોઇની મદદ લીધી નથી, તેમ કોઇને મદદ કરી નથી' એવી વિદ્યાર્થીની કબૂલત આવી ગઈ. વળી બધી જ પરીક્ષાઓ ઉઘાડી, એટલે ગમે તે ચોપડીઓ સાથે રાખી શકાય; નોંધો સુદ્ધાન્ત. વાંચીને પરીક્ષા આપો તેની પણ હરકત નહિ. પણ અહીં પરીક્ષા એટલે પ્રૉબ્લેમ. ગમે તેટલી ચોપડીઓ લઈ જાઓ, પણ એક જ ગૂંચ ઉકેલવાની હોય. એ હાથ ન આવે તો ચોપડીઓ કશી જ મદદ કરી શકે નહિ.

પીએચ. ડી.થી ખાસ લાભ જણાતો નથી. એમ. એસ. પૂરતું છે. પીએચ. ડી.નું ક્ષેત્ર પણ ઘણું સાંકડું છે. પાછળના જીવનમાં તેનો ઉપયોગ ઓછો રહે છે. એક રીતે સમય, શક્તિ ને દ્રવ્યની બરબાદી. તેના કરતાં તો ફૅક્ટરી ટ્રેઇનિંગ વધારે અગત્યનું છે. એકબે વર્ષ પ્રૅક્ટિકલ અનુભવ લીધો હોય તો ઘણો લાભ થાય. અત્રે માન્યતા એવી છે કે વ્યક્તિ ચારેક વર્ષ નોકરી કરે પછી જ એનો હાથ બેસે ને ત્યાર પછી જ એ ફૅક્ટરીને લાભકર્તા નીવડે. ત્યાં સુધી ફૅક્ટરી જે પગાર આપે તે ફૅક્ટરીને નકામો બોજો જ ગણાય. ઘણીવાર લાયકાત કરતાં પણ પગાર વધારે હોય છે. ચાર વર્ષ પછી અમેરિકન હોય તો એને પોતાની લાયકાત વધારે જણાય ને વધારે પગાર માટે ફૅક્ટરી બદલવા વિચાર કરે. પરદેશી હોય તો એ દેશ પાછો વળવા વિચારે.

બહારની ફૅક્ટરીઓમાંથી ઉદ્યોગપતિઓ પોતે જ વિદ્યાર્થીઓ પસંદ કરવા કૉલેજમાં આવે છે; આપણે ત્યાંની પેઠે અહીં અરજી કરી નોકરી મેળવવાની હોતી નથી. ઉદ્યોગપતિઓ જાતે આવી પોતાને પસંદ પડે તેને નોકર તરીકે રાખી લે છે. અઠવાડિયાગાં બેત્રણ વખત આવી મુલાકાતો લેવાય છે. મિશિગનના એન્જીનીઅર્સનો ઉદ્યોગપતિઓને મોહ છે. ઘણીખરી મોટી કંપનીઓ એ કૉલેજમાંથી જ એન્જીનીઅરો લે છે. પણ હિંદીઓને કદી પણ તક મળતી નથી.

અત્રે સવારે ચ્હા, બપોરે બાર વાગ્યે લંચ અને સાંજે છ વાગ્યે ડિનર, એમ ત્રણ જ વખત દિવસમાં ખોરાક લેવાનો હોય છે. બપોરની ચ્હાની ટેવ નથી. અત્રેના લોકો કૉફી તથા કૉકા કૉલા (એક જાતનો સોડા) બહુ પીએ છે. એક કપ ચ્હા તથા ટોસ્ટના એકવીસ સેન્ટ આપવા પડે છે: લગભગ અગિયાર આના થાય. લંચ વખતે સૂપ, એક બે બાફેલાં શાક, (બટાટા, વટાણા, વાલ અને તાંદળજાની ભાજી, કોઇવાર કૉબેજ), ટૉસ્ટ, પાઇ (એક જાતનો કેઇક) અને આઇસ્ક્રીમ હોય છે. સાંજના પણ તે જ. કોઇક વખત સ્પૅનિશ ચોખા અને દાળ જેવો સૂપ મળે. જગવાની વાનીઓ અહીં ઘણી જ ઓછી હોય છે.

અમેરિકામાં Mass Production ભયંકર છે ને વધતું જ જાય છે. જનરલ મોટર્સે નવ મહિનામાં એક અબજ રૂપિયાનો ચોખ્ખો નફો કર્યો. આ એક જ કંપની દુનિયામાં કેટલી મોટર વેચતી હશે એનો ખ્યાલ કરવા જેવો છે. એ જ લોકો પાછા યુનિવર્સિટીમાં લેક્ચર્સ આપવા આવે છે, અને તે વખતે એવું સારું ભાષણ આપે છે કે આ લોકો કેવી રીતે આટલી મશીનરી બનાવે છે તે નવા માણસને તો વિચિત્ર લાગે. હમણાં એડીસન કંપનીનો એન્જીનીઅર રેફ્રીજરેશન ઉપર ભાષણ આપી ગયો. એક પણ ગૂંચવણભર્યાં ડિઝાઈનની વાત કરી નહિ, છતાં યે ત્રણ કલાકમાં બધું જ રીવાઈઝ થઈ ગયું! અહીં સીનેમા ફિલ્મથી જ્ઞાન આપવાની રીત સરસ હોય છે.

હમણાં અમેરિકાના પ્રમુખની ચૂંટણી થઇ ગઈ. આખા અમેરિકામાં એ ઐતિહાસિક દિવસ ગણાય છે. પ્રેસિડેન્ટ ટ્રુમેન ચુંટાયા એ અહીંના લોકો માટે એક બહુ જ અચંબો પમાડે એવી બીના બની ગઇ છે. કોઇની યે કલ્પનામાં એ નહોતું. વર્તમાનપત્રો, રેડિયો, ભવિષ્યવાણીઓ જ્યાં જુઓ ત્યાં 'દેવે' આવશે એ જ વાત થતી. દેવેને પો[illegible]નું આત્મવિશ્વાસ ઘણો જ હતો, તેથી તેમણે બહુ પરિશ્રમ લીધો નહિ; જ્યારે ટ્રુમેને સખ્ત યુદ્ધ આપ્યું. વધારે આત્મવિશ્વાસથી જ દેવેએ તક ગુમાવી. અત્રે ચૂંટણીમાં મતપ્રદાન પણ યંત્રવત્ છે. મતદાર મત નાખે તેમ એક મત ઉમેરાતો જાય ને સરવાળો દેખાય. દર મિનિટે ચૂંટણી કયો રંગ પકડશે તે સમજી શકાય. રાત્રે આઠ વાગ્યે ચૂંટણી પૂરી થઈ, ને બીજે દિવસે સવારે પાંચ વાગ્યે તો સાડા પાંચ કરોડ માણસના મત ગણાઈ ગયા ને પરિણામ જાહેર પણ થયું! કામકાજ ઘણું જ ઝડપી ને શાંતિભર્યું થાય છે.

આપણે ત્યાં આટલી ગરમી છતાં જેમ ચ્હા જ પીવા મન થાય તેમ અહીં આટલી ઠંડી છતાં લોકો આઈસ્ક્રીમ, આઇસ કૉલ્ડ મિલ્ક, ૪૦° પીવાનું પાણી જ પીએ. જોઇએ તેનાથી બધું ઊંધું થતું જ લાગે!

અહીં પરીક્ષામાં માર્ક આપવા માટે નેગેટિવ પદ્ધતિ છે. જેમ જેમ ભૂલો થતી જાય તેમતેમ માર્ક કપાતા જાય. એવું પણ બને, જવાબ લઈ આવતાં વચમાં ભૂલો કરી હોય કે ખોટાં અનુમાન કે

હોય તો યે માર્ક ઓછા મળે. કેટલીક વખત 'હા'-'ના'ની Quiz હોય છે. એમાં જેટલું સાચું હોય તે પર પરિણામ આવે. ગપ્પાં મારો તો બેવડી સજા થાય. એટલે ૩૦ સવાલમાંથી ૨૦ જવાબ ખરા લખ્યા હોય ને ૧૦માં ગપ્પાં માર્યા હોય તો ૧૦ ખરા ગણી ૬૦માંથી ૪૦ માર્ક આપવાને બદલે ૨૦ માર્ક આપે!

અહીંની મૅટ્રિકની પરીક્ષામાં આપણી પેઠે પુષ્કળ વિદ્યાર્થીઓ બેસે છે, પણ બુદ્ધિશાળી કામગારો એટલા મોંઘા પડે છે કે આપણી માફક ખૂબ પરીક્ષકો રાખવા ન પરવડે, એટલે દરેક પેપરમાં એક શીટ આપવામાં આવે છે. તેના ઉપર મૅગ્નેટિક (ચુંબક) પેન્સિલથી જે દાખલા પૂછ્યા હોય તે લખવાના ને જવાબ સ્વચ્છતાથી સ્પષ્ટ રીતે લખવાનો. દરેક પેપરમાં પચીસથી ત્રીસ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હોય. પછી દરેક વિદ્યાર્થીનું પેપર એક ઑટોમૅટિક મશીન પર મૂકાય, એટલે પેલા ચુંબકત્વને લીધે જેટલું ખરું લખ્યું હોય તેટલા જ માર્ક આપમેળે ટાઇપ થાય. સરવાળો પણ થઇ જાય અને દરેકના માર્ક નક્કી મળે! આમ મશીન જ વિદ્યાર્થીનું પરીક્ષક!

ગયે અઠવાડિયે જગમશહૂર પાર્ક ડેવીસ ઍન્ડ કંપનીની દવાઓ બનાવવાની ફૅક્ટરી જોઇ. ટૅબલેટ્સ, કૅપ્શુલ્સ, ટિંક્ચર્સ, સીરપ્સ, કૉડલીવર જેવાં જુદાંજુદાં તેલ અને નાનીમોટી બધી જ જાતની દવાઓ કેમ બનાવવામાં આવે છે તે નજરે જોયું. કૅપ્શુલ બનાવવા માટે ઉપરનું કવર જેલી શુગર સિરપમાંથી મોલ્ડમાં સૂકવી બનાવામાં આવે છે. અંદરનો પાઉડર ચોક્કસ મિશ્રણનો હોય છે. એક બાજુએ સિરપ પડયો હોય ને બીજી બાજુએ પાઉડર પડયો હોય. એક મોટા ઑટોમૅટિક મશીનમાં સિરપ લોખંડની નળી જેવા મોલ્ડ પર ચોપડાઇ જાય, સુકાય, પૉલિશ થાય, પાઉડરથી ભરાય, બંધ થાય, ઉપરના ઢાંકણાને વૉટરટાઇટ સીલ થાય, પેટીમાં પૅક થાય (પેટી પણ સાદા કાર્ડબૉર્ડમાંથી ઑટોમૅટિક તૈયાર થઇ આવી હોય). સીલ થાય, લેબલ લગાવાય ને તૈયાર માલ મળે! આ બધું એક જ મશીન પર ઝડપથી થાય! આવી વસ્તુઓ આપણે ક્યારે બનાવી શકીશું? આપણે ત્યાં ફૅક્ટરીમાં લોખંડ કે પોલાદ સિવાય બીજી કોઈ ધાતુના બનાવેલા સાંચા ને ચીજો જોવા મળે જ નહિ; જ્યારે અહીં તો કેટલી યે ચીજો કાચ, પોર્સેલીન, ચાંદી વગેરેની હોય છે.

દર બુધવારે ગ્રૅજ્યુએટ કૉફી સમય રાખવામાં આવે છે. તે વખતે જાણીતા વિજ્ઞાનીઓ ને નિષ્ણાતો આવે છે ને વૈજ્ઞાનિક વિષયો પર વાર્તાલાપ કરે છે. તે વખતે બધા જ ગ્રેઇડના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો એકઠા થાય છે. રાજકીય પ્રશ્નો પર કદી વાર્તાલાપ થતો નથી.

અમેરિકન સરકારના એક હવાઈ નિષ્ણાત અહીં ભાષણ આપી ગયા. તેના કહેવા પ્રમાણે ત્રીજું વિશ્વયુદ્ધ અનિવાર્ય છે. ક્યારે થશે એટલો જ પ્રશ્ન છે. જર્મની આખી દુનિયામાં બધા દેશો કરતાં વિજ્ઞાનમાં આગળ વધેલું હતું. તેમાં હવાઈ વિજ્ઞાનમાં તો એ વિશ્વથી દસ વર્ષ આગળ હતું. લડાઇ પૂરી થઇ એ ગાળામાં જ કલાકના નવ હજાર માઇલ કાપી શકે એવું રૉકેટ શોધ્યું હતું. નૉર્મન્ડીમાં ત્રણ માસ મોડું ઊતરાણ થયું હોત તો અમેરિકાને રૉકેટનો સ્વાદ ચાખવો પડત. યુદ્ધનું પાસું પણ કદાચ પલટાઇ ગયું હોત.

એકવાર અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સ્ટેઇકસથી બ્રિજ રમતાં પકડાએલા. યુનિવર્સિટી આ વાતમાં ખૂબ જ કડક છે. તે વિદ્યાર્થીઓને છ દિવસની જેલની સજા કરવામાં આવેલી. સામાન્ય રીતે આથી સળંગ એક અઠવાડિયું બગડે ને અભ્યાસમાં પણ ભારે તકલિફ પડે. તેથી દર અઠવાડિયાને છેડે બે દિવસ જેલમાં જઈ આવવું. એવી યોજના ત્રણ અઠવાડિયાં સુધી કરવામાં આવી હતી!

હજામતના અભ્યાસ માટે પણ અહીં નવ અઠવાડિયાના નિયમિત અભ્યાસક્રમ હોય છે. એ અભ્યાસ પૂરો કરી લાઇસેન્સ મેળવી શકાય છે. આ અભ્યાસ ન કર્યો હોય તેનાથી હજામતની દુકાન ખોલી શકાય નહિ. અહીં હજામતના ત્રણથી પાંચ રૂપિયા ને વાળ કપાવાના આઠથી દસ રૂપિયા આપવા પડે છે. માથુ ચોળવાનું(શૅમ્પુ) વગેરેનું ખર્ચ વધારાનું. વિદ્યાર્થીઓ હલકી જાતની હજામતની દુકાનોમાં જાય છે. છતાં વાળ કાપવાના સાડા ત્રણ રૂપિયા તો આપવા જ પડે છે! આમ દરેક નાની બાબતમાં ખર્ચ પુષ્કળ થાય છે. જાતમહેનત સિવાય સર્જન થતું હોય તે વસ્તુઓ જ સસ્તી હોય! બાકી ખૂબ જ ખર્ચાળ દેશ છે. કેટલાક વિદ્યાર્થીઓ રકાબીઓ ધોવા જાય છે ને તેમને પણ દર કલાકે ઍંશી સેન્ટ કે એક ડૉલર(ત્રણેક રૂપિયા) પગાર મળે છે, ને ખાવાનું મળે તે જુદું.

મારો aptitude (graduate) test લેવામાં આવ્યો, ત્યાર પછી પ્રોફેસરોની grading Exam. થઈ. દરેક પ્રોફેસરને વિદ્યાર્થી[illegible] આપે. દરેક વિદ્યાર્થીને દસ સવાલનો એક ટેસ્ટ પેપર આપ[illegible]માં આવે. તેમાં વિદ્યાર્થી પ્રોફેસરની શીખવાડવાની રીત, વર્તન, વિદ્યાર્થીઓને જીતી લેવાની કુનેહ, એ દરેક માટે ગ્રેઈડ મૂકે. પ્રોફેસર કડક છે કે નરમ એ પણ વિદ્યાર્થીઓએ જાહેર કરવાનું. વિદ્યાર્થીને અભ્યાસક્રમ મુશ્કેલ લાગે છે કે નહિ? લખાવેલી નોંધો અગત્યની લાગે છે કે નહિ? એવાએવા પ્રકારના પ્રશ્નોના જવાબ આપવાના. પછી બધા વિદ્યાર્થીઓના જવાબોનું સરાસરી પરિણામ નક્કી કરે. એટલે પ્રોફેસરને પોતાની દરેક વિશેષતા માટે રેટિંગ મળે.

બીજા સત્રમાં અભ્યાસક્રમ પસંદ કરતી વખતે વિદ્યાર્થીઓ આ પરિણામ પરથી પ્રોફેસરની કીંમત આંકે છે ને પસંદગી કરે છે. આથી પ્રોફેસરો પણ વિદ્યાર્થીઓને ખૂબ જ અનુકૂળ રહે છે અને વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ દૂર કરવા હરહમેશ તૈયાર રહે છે. વળી વર્ષોનો અનુભવ હોય તો જ રહી શકે; નહિ તો એવા પ્રોફેસરના વર્ગની હાજરી ઘટી જાય. તેમના પ્રમોશન અને પગારનો પણ થોડે અંશે આ હકીકત પર આધાર રહે છે.

અમારે નાતાલની રજાઓ પડી તેની આગલી રાત્રે સ્નાતકો ને શિક્ષકોની પાર્ટી હતી. એમા ખાણીપીણીનું બહુ મહત્ત્વ નહોતું. પણ વાતો ખૂબ જ ગમ્મતભરી થઈ. પચાસ વર્ષ પહેલાં કેમિકલ એન્જીનીઅરિંગના શિક્ષણની શરૂઆત કર[illegible]. પ્રોફેસર વ્હાઇટને [illegible]ને થોડોક ઉપદેશ આપવા વિનંતી કરવામાઆવી. અત્યારે તેમનુ વય બ્યાશી વર્ષનું છે. એમણે નીચે મુજબ પ્રવચન કર્યું:

'તમને વિદ્યાર્થીઓને મારે કશું જ કહેવાનું નથી. ફક્ત એક વાર્તા કહું. એક વખત પૃથ્વીનાં બધાં પ્રાણીઓની સભા ભરાઈ. ખૂબ ચર્ચા પછી તેઓ એવા નિર્ણય ઉપર આવ્યા કે માનવપ્રાણી સર્વ પ્રાણીઓમા શ્રેષ્ઠ છે. એને શિક્ષણ પણ સારું મળ્યું છે. માટે દરેક પ્રાણીએ પોતાના જીવનનાં દસ દસ વર્ષ એને આપવા કે જેથી બધાને લાભ થાય એવી ઉપકારક પ્રવૃત્તિમાં તે પોતાનું જીવન ગાળે.

ગધેડામાં ઝાઝી ગતાગમ હોતી નથી. એટલે એ બધાં પ્રાણીઓમાં સહુથી પહેલો ઊભો થયો અને પોતાની જિંદગીનાં દસ વર્ષ પ્રથમ ગધેડાએ મનુષ્યને આપ્યાં. કહેવત છે કે વીસે વર્ષે મનુષ્યને સાન અને વાન આવી જાય છે એટલે એ વયે જ તે ખરો માણસ કહેવાય. એટલે ત્યારથી દસ ઉમેરતા વીસથી ત્રીસ વર્ષની વય સુધી મનુષ્ય ગધેડા જેવું વર્તન કરે છે.

પછી વારો આવ્યો હાથીનો. પણ દસ વર્ષ આપવાં કે નહિ તેની એને મૂંઝવણ થઈ ને ખૂબ જ મથામણને અંતે એ પોતાના જીવનનાં દસ

વર્ષ આપવા કબૂલ થયો. પરિણામે ત્રીસથી ચાલીસ વર્ષની વય સુધીમાં મનુષ્ય કાંતો ગધેડો જ રહે છે, અગર તો એનામાં હાથીની ગંભીરતા આવે છે. એ ગાળામાં મનુષ્ય પોતે ધારે તેવો થઇ શકે છે. પરંતુ ચાલીસથી પચાસ વર્ષની વયના ગાળા સુધીમાં તો એનામાં હાથીનું ડહાપણ અવશ્ય આવી જ જાય છે.

પછી ઘોડો ઊભો થયો અને પોતાની જિંદગીનાં દસ વર્ષ એણે મનુષ્યને આપ્યાં. એટલે પચાસથી સાઠ વર્ષની વય દરમિયાન મનુષ્યમાં અશ્વના જેવી તેજી આવે છે અને પૂર્વજીવનના અનુભવે ઘડાઈ એ વયે તે જગતને ખૂબ જ ઉપયોગી નીવડે છે.

પછી આવ્યો શ્વાન. સાઠથી સિત્તેર વર્ષની વય દરમિયાન મનુષ્ય એક કૂતરા પેઠે વૈતરું કરે છે, કારણકે હવે જીવનનાં થોડાં જ વર્ષો બાકી રહ્યાં છે એવો ખ્યાલ ખાસ તેનામાં આગળપડતો હોય છે અને તેથી માનવતાનું બને તેટલું શ્રેય કરવા પોતાનામાં જે કાંઇ સત્ત્વ હોય તે ઝડપથી વાપરી નાખવા તે આતુર હોય છે.

છેવટે ઊભો થયો વાનર. અને ખરેખર સિત્તેર વર્ષની વય પછી મનુષ્ય વાનર જેવું જ જીવન જીવે છે.'

એટલે પ્રોફેસર વ્હાઇટે માર્મિક રીતે જણાવ્યું કે એમની પાસેથી વિદ્યાર્થીઓએ હવે બહુ આશા રાખવી જોઇએ નહિ તેમ એમના કથન પર અગાઉ જેવો વિશ્વાસ પણ મૂકવો નહિ!

અત્રે ઘણી વસ્તુઓ યાંત્રિક મળે છે. વિજળીના ટોસ્ટર પર બ્રેડ મૂકવાથી આપોઆપ ટોસ્ટ તૈયાર થઈ જાય છે. વૉશિંગ મશીનમાં દશ શેર કપડાં નંખાય અને પંદર મિનિટમાં ધોવાઈ બહાર નીકળે. અહીં બધું ધોવાનું કામ મશીનમાં જ થાય છે. ઈલેક્ટ્રિક ક્લીનર (સાવરણી)થી મારી લૅન્ડ લૅડી અરધા કલાકમાં આખુ મકાન વાળી નાખે છે. રોજિંદી જરૂરિયાતો માટે આવાં ઘણાં સાધનો મળે છે. મોટર માટે પ્લાસ્ટિકનું વૉટરપ્રુફ ટ્રાન્સપેરન્ટ કવર મળે છે. એથી ગરાજનું ભાડું બચી જાય. મોટર પર ઢાંકી જ દેવાનું. વાળીને એક હાથે ઊંચકી શકાય!

મારી લૅન્ડ લેડી જર્મન છે. ઊઠે છે ત્યારથી આખો દિવસ કામ કરે છે. આજે શુક્રવારે 'ક્લીનીંગ ડે' છે, એટલે ઘરમાં બા કામ કરતાં હોય એવું યાદ આવે છે. અત્રેનાં ચાર પાંચ ઘરમાં હિંદીઓ રહે છે. ત્યાં લૅન્ડ લેડી બા જેવી જ થાય છે. આંતરરાષ્ટ્રીય કેન્દ્રમાં ડીરેક્ટર ડૅાકટર ગેઇલ પિતા જેવા. કોઇપણ જાતની તકલિફ હોય તો તેમની પાસે જવાનું. એ બધી જ તકલિફો દૂર કરે. માંદા પડ્યા હોઈએ કે અભ્યાસની તકલિફ હોય તો એ જ સાન્ત્વન આપે. એ આન્તર રાષ્ટ્રીય કેન્દ્ર પરદેશી વિદ્યાર્થીઓ માટે સારું કામ કરે છે. બને ત્યાં સુધી બધી જ તકલિફોનું ત્યાં નિવારણ થાય છે. દર ગુરુવારે સાંજે ચારથી પાંચ વાગ્યા સુધીમાં બધા જ પરદેશી વિદ્યાર્થીઓ ત્યાં ચા પીવા એકઠા મળે છે. કેન્દ્ર તરફથી બધાંને ચાનાસ્તો આપવામાં આવે છે. આખા અઠવાડિયામાં આ કાર્યક્રમ એવો છે કે જેમાં હાજરી આપવાનું બનતાં સુધી કોઇ ચૂકતું નથી.

ગયા પત્રમાં 'થૅંક્સ ગિવિંગ ડે' વિષે મેં લખ્યું હતું. એ મહાન રાષ્ટ્રીય તહેવાર છે.તે દિવસે ઇંગ્લૅન્ડથી અંગ્રેજોએ આવી અમેરિકામાં પહેલવહેલો વસવાટ કરેલો. કિનારે ઊતર્યાં પછી પહેલા વર્ષમાં બીલકુલ પાક ઊતરેલો નહિ અને ભારે દુકાળ પડેલો. ત્યાર પછીના શિયાળામાં અમુક જગાએ ઘણો સારો પાક ઊતર્યો તેથી એ લોકોને લાગ્યું કે ઈશ્વરે તેમના પર મહેરબાની કરી. ત્યારથી તેમણે ઇશ્વરનો આભાર માનવા માટે આ દિવસ નક્કી કર્યો છે. એ દિવસે રાતા ઇન્ડિયન ને અમેરિકનો સાથે બેસી તૂર્કી (એ નામનું કૂકડા જેવું મોટું પંખી) જમે છે. તૂર્કી અમેરિકનો પૂરું પાડે છે અને મકાઇ રાતા ઇન્ડિયનો. આ પછી બન્ને જાતિઓ વચ્ચે લડાઇઓ થઈ, એટલે આ દિવસનું મહત્ત્વ વધ્યું. આ દિવસે સારા પ્રમાણમાં જમણવાર ચાલે છે. એક હૉસ્ટેલમાં એ દિવસે ૪૭૦૦ રતલ તૂર્કી ખવાઈ ગએલી! મકાઇ આપણે ત્યાં હલકા વર્ણનો ખોરાક ગણાય છે તે અહીં સામાન્ય ખોરાક છે. દિવસમાં એકાદ વખત બાફેલી મકાઈની પ્લેઇટ ખાવાની હોય જ. અહીંની મકાઈ આપણા કરતાં વધુ સ્વાદિષ્ટ પણ હશે.

અમારા પ્રોફેસરો એક મૂળભૂત વાત એ શીખવે છે કે તમે જે કાંઈ વિચારો તે બહાર પાડો. પરીક્ષામાં તો ખાસ. પરીક્ષા એક કલાકની જ હોય છે અને પ્રશ્નો ખૂબ જ હોય, એટલે ઉત્તરો માટે મગજમાં જે વિચારો ચાલતા હોય તે રજૂ કર્યે જ છૂટકો. એક કલાકની આખરે ભલે પૂરો જવાબ ન આવે: દાખલો પૂરો ન ગણ્યો હોય છતાં તમો ખરે માર્ગે છો એવી અધ્યાપકોને ખાત્રી થાય તો ચાલીસ પચાસ ટકા માર્ક મળે જ. આપણા પેપરો એમને વધારે સ્વચ્છ લાગે છે. કંઈક અંશે એ વાત ખરી પણ છે, કારણકે અહીં ગ્રૅજ્યુએટ વર્ગના વિદ્યાર્થીઓ પણ પેન્સિલથી લખે છે. ખોટું પડે તો રબરથી સાફ કરે. ઘણા જણ તો આખાં પાનાં સાફ કરવા બેસે! જાતજાતનાં રબરોના લીટા પડે એટલે નોટ ગંદી દેખાય.

આપણા મગજમાં કેવા પ્રકારના વિચારો ચાલે છે તે જાણવા ડિઝાઈનના અભ્યાસક્રમો, પ્રયોગશાળાના અહેવાલ વગેરેમાં માત્ર સાફ લખાણ જ નહિ પણ ઘેર રફ કામ કર્યું હોય તે સઘળું પ્રોફેસરો સમક્ષ રજૂ કરવાનું હોય છે. એક નિબંધ સો પાનાંનો હોય. પણ તેનું રફ કામ પાંચસોથી છસો પાનાનું હોય. આ બધું જ સાદર કરવાનું. અધ્યાપકો બધું જ તપાસે. વ્યાકરણદોષો તો ખૂબ જ શોધે. સાફ હેવાલ પણ અધ્યાપકો તપાસી પાછો મોકલે ત્યારે એમાં કેટલી યે સૂચનાઓ આપેલી દેખાય. લાલ ભૂરી પેન્સિલથી જ્યાંત્યાં સૂચનાઓ લખેલી જ હોય. આ રીતે અહીંના પ્રોફેસરો અને તેમના મદદનીશો ખૂબ જ કામ કરે છે.

એન્જી[illegible]ંગમાં સો વિદ્યાર્થીઓ છે. આપણે ત્યાં બધા એક જ વર્ગમાં [illegible] અહીં એ સંખ્યાના પાંચ વિભાગ પાડી નાખવામાં આવે છે. અને એક પ્રોફેસર એકની એક વસ્તુ દિવસમાં પાંચ વાર જુદા જુદા વિભાગને શીખવે છે. એટલે એકીસાથે પંદરથી વીસ જ વિદ્યાર્થી શિક્ષણ લેતા હોય. આથી અધ્યાપક જોડે અંગત પરિચય પણ વધે છે. આમ અધ્યાપક દર સત્રમાં એક જ અભ્યાસક્રમ પાંચ વખત શીખવે. એવા વર્ષમાં ત્રણ ટર્મ. પંદર વખત એકજ જાતનું લેકચર આપે

થોડા વખત પહેલાં અહીંના એક હજામે ઠંડા પાણીથી હજામત કરવી એ ગરમ પાણીથી હજામત કરવા કરતાં ફાયદાકારક છે એમ વૈજ્ઞાનિક પુરાવાથી સિદ્ધ કર્યું ને એક હજાર રૂપિયા આપી એ શોધની પેટંટ કઢાવી. એટલે શોધ કરનારની કાયદેસરરીતે પરવાનગી મેળવ્યા સિવાય કોઈ પણ વ્યક્તિ એનો લાભ ન ઉઠાવી શકે. પેટંટભંગ માટે અહીં ભારે સજા થાય છે. એટલે કોઈ પણ હજામ ઠંડા પાણીથી હજામત કરી શકે નહિ!

ગયા બુધવારે સાંજના ૪ થી ૯-૩૦ વાગ્યા સુધી ગ્રૅજ્યુએટ ઍપ્ટીટ્યુડ એક્ઝામીનેશન હતી. આ પરીક્ષા એમ. એસ.ના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત છે. તે સિવાય એમ. એસ.ની ડિગ્રી આપવામાં જ આવતી નથી. એમાં દરેક વિષયના જ્ઞાનની સામાન્ય પરીક્ષા જ હોય છે. ઇંગ્લિશ, મૅથેમૅટિક્સ, ફીઝિક્સ, મેડીસીન, લૉજિક ઇત્યાદી લગભગ બસો ને પચાસ પ્રશ્નોના ઉત્તર આપવાના હતા. એના અભ્યાસક્રમમાં વેબ્સ્ટર્સ અંગ્રેજી ડીક્શનરી, પેરીની કેમિકલ



પચ્ચીસ વર્ષ પહેલાં

અંક ૭ · અષાડ ૧૯૮૦ (જુલાઇ ૧૯૨૪)

'**મા**તૃદેવો ભવ'ના શ્રી રવિશંકર રાવળના ત્રિરંગી ચિત્ર સાથે ઊઘડતો 'કુમાર'નો ૭મો અંક માતૃભાવનાનાં વિવિધ લખાણોથી છંટાયો છે: શ્રી કાકાસાહેબ કાલેલકરે એ સૂત્ર પર લખેલો ભાવલેખ, શ્રી દેશળજી પરમાર રચિત ચાર માતાઓનાં સુંદર સ્તુતિકાવ્ય, અને 'મા'ના વાત્સલ્યથી નીંગળતી એક જૂની લોકકથા સાથેનો અસરકારક લેખ એમાં છે. એ અહીં તારવીએ :

દુનિયા આખીએ સહસ્ર મુખે જેના ગુણ ગાયા છે; ઉપદેશકોએ જે ફરી ફરી બોધ્યો છે; કવિઓએ જેનાં ગીત ગુંજ્યાં છે; કથાકારોએ જેની અનેક કથાઓ ગૂંથી છે; ને જુગજુગથી જે જગતની જીભે આહ્લાદ આપતો રમતો આવ્યો છે, એવો એ શબ્દ છે: મા.

જન્મીને બાળક પહેલાં એ જ બોલતાં શીખે છે; દુ:ખ કે સુખમાં એ જ શબ્દ એની જીભે ચડે છે; મરણની ઘડીએ પણ એ નથી ભુલાતો.

જેણે નવ માસ પોતાને ગર્ભમાં સેવ્યો છે એ 'મા' માણસના આત્માને સ્પર્શી શકે છે તેટલું દુનિયાનું કોઈ સ્પર્શવા સમર્થ નથી.

તમે ખરાબમાં ખરાબ માણસ હશો, ને જગત આખું તમને છેહ દેશે, તે ઘડીએ પણ તમારી 'મા' તમને નહિ તરછોડે.

તમે એને દુભવશો, તરછોડશો, દુ:ખ દેશો કે વિસારી મેલશો, છતાં એ તમારા પર રજમાત્ર રોષે ભરાવાની નથી. એના અંતરમાં તો તમે સદાને માટે બાળક જ રહેવાના.

એક બહુ જૂની વાત છે. ઘણાંએ એ સાંભળી પણ હશે. પણ એ ફરીફરી સાંભળવા જેવી છે.

એક માણસ કોઇ ખૂબસુરત પણ દુષ્ટ સ્ત્રીના ફંદમાં લપટાયો હતો. એના રૂપમાં આંધળો બની તે એની પાછળ ગાંડો થઇ ગયો હતો. એ મોહના આવેશમાં એકવાર તેણે એ સ્ત્રીને કહ્યું કે 'તું મને એટલી બધી વહાલી છે કે દુનિયામાં હું તારે માટે ગમે તે કરું.'

પેલી સ્ત્રીએ ગુમાનમાં કમકમાટી ઉપજાવે એવી ભયંકર માગણી કરી: 'એમ હોય તો તારી માનું હૃદય ચીરી કાઢી મને લાવી આપ.'

પેલા મોહાંધ માણસે પોતાની માને મારી નાખી, અને તેનું હૃદય ચીરી કાઢી પેલી સ્ત્રીને આપવા દોડયો.

બે હાથના ખોબામાં લોહીથી નીંગળતું હૃદય લઇ એ દોડયો જતો હતો, એવામાં તેને ઠેશ વાગી ને એ પડી ગયો.

એ પડયો તેવું જ એની માનું હૃદય પોકારી ઉઠયું, 'ખમ્મા બેટા! તને વાગ્યું તો નથીને?'

આર્યાવર્તમાં સેવાધર્મ પડતી હાલતમાં આવ્યો હતો એ કાળમાં ઈશ્વરી સત્તાએ પરદેશથી મોકલેલી પહેલી સેવિકા તે સિસ્ટર નિવેદિતા. સ્વામી વિવેકાનંદની શિષ્યા બનીને આવેલી એ અંગ્રેજ કન્યા માર્ગરેટ ઇ. નોબલે હિંદને પોતાની માતૃભૂમિસમ સ્વીકારીને સ્વાર્થત્યાગ, તપશ્ચર્યા અને લોકસેવાના ત્રણ કલ્યાણમાર્ગો પર આ દેશમાં જે જીવનસફર ખેડી તેનું ચિત્ર-ચરિત્ર આ અંકમાં છે. એનો સારભાગ:

ઈંગ્લંડની ભૂમિ ઉપર ઈ. સ. ૧૮૬૭ના ઑકટોબરની ૨૮મી તારીખે રેવરન્ડ સૅમ્યુઅલ રિચમન્ડ નોબલને ઘેર એક કન્યારત્નનો જન્મ થયો. આઇરિશ કુળનો તેનો પિતા નમ્ર અને પવિત્ર ધર્મગુરુ હતો. તેણે પોતાનું ટૂંકું યૌવન માન્ચેસ્ટર શહેરનાં ગરીબગુરબાંમાં વહેંચી દીધું હતું. રંકનો આશરો અને દુ:ખીનો દિલાસો નોબલ હતો. બાપના બધા સુંદર સંસ્કારોનો વારસો માર્ગરેટને મળ્યો.

એકવાર તેના બાપનો હિંદમાંનો કોઈ પાદરી મિત્ર મળવા આવ્યો. માર્ગરેટ સાથેની વાતચિતમાં એના મુખ પરના ધાર્મિકભાવ જોઈ પાદરીએ ભવિષ્ય ભાખ્યું અને આશિષ આપી કે 'હિન્દનો કોઇ જાદુઈ સાદ તને બોલાવશે અને અકળ બળે દોરશે.' પિતાને આ ભવિષ્યવાણીમાં ભરોસો પડયો, ને ચોત્રીસ વરસની ભરજુવાન વયે તે જ્યારે મરવા પડયો ત્યારે માર્ગરેટની માતા તરફ ફરીને એ બોલ્યો, 'કોઇક પળે પણ હિન્દને આપણી માર્ગરેટનો ખપ પડશે. હું તો જાઉં છું, પણ પેલી ભવિષ્યવાણીની યાદ તને દેતો જાઉં છું.'

અભ્યાસ અને વય વધતાં માર્ગરેટની બુદ્ધિ ખીલી ઉઠી. મોટી થતાં એ કન્યાશાળામાં શિક્ષિકા થઈ. સ્ત્રીનું ને માતાનું ગૌરવ વધારવા તેની આકાંક્ષા હતી. કેટલીક શાળાઓમાં કામ કરીને તેણે આખરે પચીસ વર્ષની ઉમરે પોતાની રીતે વિદ્યા આપવા પોતાના જ ગામમાં એક ખાનગી કન્યાશાળા કાઢી. અહીં એ જુવાન કન્યાઓનાં હૃદયો જીતવા માંડી. તેઓમાં અથાગ ઉત્સાહ અને નવીન પ્રાણબળ રેડયાં. પોતે મોવડી થઇને 'સિસેમ કલબ' નામનું એક મંડળ સ્થાપ્યું. ત્યાં સાહિત્ય, સમાજ તથા નીતિશાસ્ત્ર ઉપર ચર્ચા ને વાતચીતો થતી.

૧૮૯૩માં અમેરિકામાં જગતના જુદાજુદા ધર્મોના આચાર્યોની મહાસભા મળી હતી. હિન્દુધર્મના પ્રતિનિધિ તરીકે સ્વામી વિવેકાનન્દ ત્યાં ગયા [illegible] તેમના અપૂર્વ ભાષણથી સ્વામીજીની ખ્યાતિ દેશવિદેશ[illegible] અમેરિકાથી નીકળી વ્યાખ્યાન-પ્રવાસે ફરતા ફરતા તે ૧૮૯૫ના સપ્ટેમ્બરમાં વિલાયત પહોંચ્યા. આતુર માર્ગરેટ પણ એ વ્યાખ્યાનોમાં સ્વામીજીના બોલ ઝીલવા જતી.

પારસમણિનો સ્પર્શ થયો હોય તેમ મિસ નોબલના જીવનના રંગઢંગ બદલાઈ ગયા. હિન્દુધર્મ, વેદાન્ત અને સ્વામીના શુદ્ધ ચારિત્ર્ય ઉપર એની સુરુચિ ઢળી. સ્વામીજીએ કહ્યું કે 'મારી પાસે મારા દેશની સ્ત્રીકેળવણી માટે એક યોજના છે. તમે તે ઉપાડી લો તો હિન્દની સ્ત્રીઓની ઉન્નતિમાં તમે સહાયરૂપ થઈ શકશો.' સ્વામીજી આ વાત કરી રહ્યા હતા તે વેળા માર્ગરેટને લાગ્યું કે પોતે હિન્દુસ્તાનની હજારો અબુધ સ્ત્રીઓનો સાદ વિવેકાનન્દને મોંએ સાંભળી રહી છે. માર્ગરેટે એ સેવા ઉપાડવા હા કહી અને ૧૮૯૮ના જાન્યુઆરીમાં મિસ માર્ગરેટ નોબલ આર્યાવર્તને આરે કલકત્તા-કાંઠે ઊતરી.

એક સુંદર પ્રભાતે સ્વામી વિવેકાનન્દે બેલુર મઠના પૂજાના ઓરડામાં મિસ માર્ગરેટ નોબલને હિન્દુ ધર્મની દીક્ષા આપી. આજથી તે રામકૃષ્ણ-વિવેકાનંદને અર્પણ થએલી સિસ્ટર (ભગિનિ) નિવેદિતાના નામથી ઓળખાઈ. થોડા સમય પછી હિન્દુ કુટુંબો વચ્ચે રહીને એક 'ભગિનિગૃહ' ચલાવવાની અને એ મારફત હિન્દુ સ્ત્રીઓમાં સંસ્કાર અને કેળવણી દાખલ કરવાની ઈચ્છાથી કલકત્તામાં

બાગબઝારના ઝૂંપડામાં તેણે એક નાનું ઘર ભાડે લીધું.

ધીમે ધીમે નિવેદિતાનું ઘર નાનાં બાળકોનો તો અખાડો બની ગયું. નિવેદિતાએ પોતાને ત્યાં આવતાં બાળકોને કિન્ડરગાર્ટનની રીતે શિક્ષણ આપવા માંડ્યું. શેરીની સ્ત્રીઓ પોતાને ઘેર બેસતી ઊઠતી થઇ તેમની આગળ રામાયણ-મહાભારત સંભળાવવાનું તથા ભરતગૂંથણ શીખવવું શરુ કર્યું. આથી ધીમેધીમે ખાનદાન અને મોટા ઘરની સ્ત્રીઓ પણ બપોરે ઘરકામથી પરવારી નિવેદિતાને ત્યાં શીખવા આવવા લાગી. અનાથ બાળકો અને નિરાધાર વિધવાઓને માટે તો નિવેદિતાનું ઘર આશ્રમ જેવું બની ગયું.

નિવેદિતાની આ ખાનગી શાળા અને ભગિનિગૃહ ધીમેધીમે ફાલતાં ગયાં તેમ તેમ તેનું ખરચ પણ વધતું ગયું. ક્રિશ્ચિયાના કરીને એક બીજી બાઈ પણ નિવેદિતાની મદદે જોડાઈ. શિક્ષણનું કામ ક્રિશ્ચિયાનાને સોંપી બચતા વખતમાં લેખો અને પુસ્તકો લખી તેમાંથી થતી આવક તે શાળામાં ખરચતાં. છતાં યે તાણ પડતી, તે પોતાનું જાતખરચ બને તેટલું ઓછું કરીને તેમણે પૂરવા માંડી.

શાળાના અથાગ બોજા ને થાકથી ઇ. ૧૯૦૫માં તે એવાં માંદાં પડ્યાં કે લગભગ મરણના મુખમાંથી બચ્યાં. થોડાક માસ થયા, ત્યાં પૂર્વ બંગાળ રેલ ને દુકાળની પીડામાં સપડાયું. આ સમાચાર નિવેદિતાને કાને આવતાં ઘણા દહાડા એક ગામથી બીજે ગામ તેમણે વરસતા વરસાદમાં અને ખૂબ ભેજમાં મુસાફરી કરી. બારીસાલ પરગણાનાં ગામેગામની શરદીવાળી ખીણો ઓળંગી અને પાણીનાં પૂરમાં ચાલી લોકોને અન્નવસ્ત્ર વહેંચી, બને તેટલી મદદ કરી. આ મહેનત અને રખડપાટમાં એમને મૅલેરીઆ લાગુ પડ્યો. તેમના અંગત સ્નેહીઓએ ઝૂંપડાનો ગંદો લત્તો છોડી દેવાની તેમને ભલામણ કરી, પણ નિવેદિતાએ એ ભગિનિગૃહ છોડવાની સાફ ના પાડી.

ત્રણ વર્ષ અમેરિકા અને ઇંગ્લંડમાં ગાળી ૧૯૧૧ની બેસતી વસંતે એ હિન્દ આવ્યાં. એ જ વર્ષની પાનખરમાં એ દાર્જીલિંગ ગયાં. અહીં એકાએક તે બીમાર થયાં. માંદગીને બિછાને એમણે અંગ્રેજીમાં બૌદ્ધ ધર્મની એક સુંદર પ્રાર્થના રચી અને તેની એકેક પ્રત પોતાના મિત્રોને મોકલી. જેનું આખું જીવન એક પ્રાર્થના જેવું હતું તેના તરફથી આ સૌને છેલ્લી પત્રિકા હતી. ઑક્ટોબરની એ સવારે જ એમનો દેહાન્ત થયો અને એમની છેલ્લી ઇચ્છા મુજબ એમના દેહને હિન્દુ વિધિ પ્રમાણે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

યુરોપનો વિલાસ છોડી, તપોમય જીવન સ્વીકારી, ભરતખંડની સેવા કરીને નવા બંગાળની તરુણ પ્રજાને કેળવવાનું માન નિવેદિતાને છે. હિન્દુ ધર્મનો આત્મા એમણે સચેતન કર્યો; બોરસલીની સુકાએલી માળાની સુવાસ જેવી આર્ય સ્ત્રીઓનું અંતર પણ એમણે જગાડ્યું. એમના ભાષણનું તેજ ને વાતચિતની છટા અપૂર્વ હતાં. અવિરત કામ એ એમનો જીવનમંત્ર હતો. એ જે વસ્તુને અડકતાં તે સુંદર થઈ જતી. એમનાં લખાણોમાં હિન્દનો આત્મા પ્રકાશે છે. એમણે ૧૧ સુંદર પુસ્તકો અને અનેક લેખો લખ્યા છે.

અંગ્રેજ કવિ રુડિયાર્ડ કિપ્લિંગની આ અંકમાંની 'પુરણ ભગત' નામની વાર્તા એવી તો અતૂટ રસભરી છે કે હિંદુ જીવનનો મર્મ પ્રબોધતી એ વાર્તા તક મળ્યે વાંચવાની ભલામણ જ કરવાની રહે છે.

'ચીતરવાનું સહેલ છે' અને 'આકાશદર્શન' એ લોકપ્રિય માળાઓ ઉપરાંત 'મિજલસ'માં આ અંકમાં પણ 'તમને હસતાં આવડે છે?' નામનો એક ચોટદાર મધ્યવર્તી ફકરો છે: તેનો અગત્યનો ભાગ:

તમે કહેશો, 'આ તે કેવો સવાલ? કંઈ મજાક કરો છો કે શું? આવડા મોટા થયા છીએ ને હસતાં નહિ આવડતું હોય?' પણ ખરું કહું છું. તમારામાંનાં ઘણાને હસતાં નહિ આવડતું હોય.

તમારી પરીક્ષા માટે તમે અથાગ મહેનત લીધી હોય, તમને પાકી ખાતરી હોય કે તમે પાસ થવાના જ છો,—અને છેવટની ઘડીએ તમારી મહેનત બધી ફોક જાય, ગણતરીઓ બધી જૂઠી પડે ને તમે નાપાસ થાઓ, તો તે ઘડીએ મનને જરા પણ આંચકો આવવા દીધા વિના તમે હસી શકો?

તમે તમારું કોઈ માનીતું કામ કરી રહ્યા હો,—કોઈ રસભરી વાર્તા વાંચતા હો કે મનગમતું ચિત્ર ચીતરતા હો, નિશાળના પાઠ કરતા હો કે દાખલા ગણતા હો; તે વખતે તમારો નાનો ભાઇ કે બહેન આવી તમને હેરાન કરી ચીડવે, તમારી ચોપડી ફાડી નાખે, સ્લેટ પરનું લખાણ ભૂંસી નાખે કે ચિત્ર પર રંગ ઢોળે; તે ઘડીએ જરાપણ ખિજવાટ લાવ્યા વિના તમે એના તરફ પ્રેમથી મીઠું હસી શકો?

એક કામ અમુક મુદતમાં પુરું કરી આપવા તમે બંધાયા હો; તે પાર પાડવા મહા મંથન કરી રહ્યા હો; તમને પૂરી આશા હોય કે ધાર્યા વખતમાં તમે તે પાર પાડી શકશો; એવામાં છેવટે પહોંચતાં અચાનક, ડગલે ને પગલે અડચણો નડવા માંડે, માર્ગમાં મુશ્કેલીઓ આવી પડે, નિરાશા તમને ઘેરી વળે, અને તમારી સ્થિતિ એવી કફોડી થઈ જાય કે તે કામ ધારેલી મુદતમાં પુરું થવું અશક્ય બની રહે, તો તે ઘડીએ તમે જરા પણ ગભરાટ વિના ખુલ્લું હસી શકો?

તમે સુખસંતોષમાં જિંદગી ગાળતા હો, એવામાં તમારા પર કંઈ આફત આવી પડે કે કોઇ અકસ્માત નડે; તોફાન, આગ, કે ચોરીથી તમારા જાન કે માલમિલકતને નુકસાન પહોંચે; તે ઘડીએ, ઈશ્વરમાં અખંડ શ્રદ્ધા ધરાવનાર ભક્તના જેવું નિર્મળ તમે હસી શકો?

તમને નડતી મુશ્કેલીઓ વિષે, તમારા પર આવી પડેલી આફતો સંબંધે, કોઇને મોઢે રોદણાં રડવા ન બેસતા. એમાં કશો જ સાર નથી. ચોક્કસ માનજો કે તમારી મુશ્કેલીઓ કે આફતો તમારા વિના બીજો કોઇ ટાળી શકવા સમર્થ નથી. માટે હસો, અને હસીને કમર કસી તેની સામે ધસો. રોદણાં રડ્યે તમારું કંઇ વળવાનું નથી. અંગ્રેજીમાં એક કહેવત છે કે તમે હસશો તો દુનિયા તમારી જોડે હસવા લાગશે; પણ રોશો તો તો તમારે એકલાને જ રડવું પડશે. [illegible]યા એ મુશ્કેલીઓનો મહાસાગર છે. તેમાં ડગલે ને પગલે અડચણો નડે છે, આફતો આવે છે, નિષ્ફળતાઓ મળે છે, નિરાશાઓ ઘેરી વળે છે, અકસ્માતો બને છે; પણ એ બધું નબળા મનવાળાને, જીવ બાળનારને, ચિંતા કરનારને અને રોદણાં રડનારને જ નડે છે. જેને વિનોદથી અંતર બહેલાવતાં આવડે છે, જેને નિર્મળ આનંદ લેતાં આવડે છે, જે ગમે તેવા કટોકટીના પ્રસંગે પણ ખુલ્લું ખડખડાટ હસી જાણે છે, તેને કશું નડતું નથી. સૌ મુશ્કેલીઓ, નિષ્ફળતાઓ ને અકસ્માતો તેની સાથે અથડાઇ ભોંઠાં પડી પાછાં વળે છે અને તે તો, અંતરમાં જોમ અને ઉત્સાહને ભરતો, અવિરત પરિશ્રમ ખેડતો, હસતો હસતો એ સૌ પર વિજય મેળવે છે.

* *

ઇન્દ્ર તણી નભધેનુ સરખી જળભર વાદળીઓ શિર ઝૂકી,
શીતળ ભીનો પવન સરર્યો, વાદળદળમાં વીજ ઝબૂકી,
ક્ષિતિજમાં અંબર ગગડ્યો, ઘન ગગન અષાડી ઘોર ચડ્યો.

એવા પ્રારંભ સાથે શરુ થતું શ્રી ત્રિભુવન ગૌરીશંકર વ્યાસનું આ અંકમાંનું 'અષાડી મેઘ'નું કાવ્ય, એઓ છેક 'કુમાર'ના પહેલા અંકથી દરેક અંકે ઋતુઋતુનાં જે કાવ્યો આપતા આવેલા તેમાંના ચિત્રનો આસ્વાદ આપી રહે છે; અને આ અંક તમારા હાથમાં આવશે તે કાળે પ્રવર્તી રહેલા આષાઢને સાર્થ કરશે.

હાથમતી (અનુ° પૃષ્ઠ ૨૦૩થી) મોજાં પડે અને ઊપડે એવી દશા સૌના જમણા હાથના રચાએલા ત્રિકોણની દેખાતી હતી. એક વીર-ગીત ગવાતું હતું અને એની ધ્રુવ પંક્તિ—'રે પૂરવિયા'— વારંવાર સંભળાતી હતી. એ સિવાય આખું ગીત છેક અસ્પષ્ટ હતું. પરંતુ આ ધ્રુવપંક્તિ ઊંડે નાભિમાંથી અવાજ ઊઠતો હોય એ રીતે ઘૂંટપૂર્વક ગવાતી હતી, એથી સમુદ્રનાં મોજાંની ઘેરી તાકાત એમાં જણાતી હતી. ઢોલીઓ અવારનવાર બદલાતા હતા.[૭] એક બીજું પણ સ્મરણીય દૃશ્ય જોવા મળ્યું. ભીલોનાં નવાં નવાં ટોળાં આવતાં જાય અને જે જે ઓળખીતાં મળે તેને ખભેખભા મિલાવીને સાંયાંગાયાં કરે (ભેટે). સ્ત્રીપુરુષનો આમાં કશો ભેદ નહીં. સ્ત્રીઓ પણ એકસરખી રીતે જ સ્ત્રી ને પુરુષ બંનેને ભેટે અને કુશળ અંતર પૂછે. પણ આ મેળાનું મોટું દૂષણ એ હતું કે એમાં દારુની છાકમછોળ ઊડતી હતી. આ મેળાનું સામાજિક મહત્ત્વ પણ ભારે છે. ભીલ કુમારિકાઓ મોટી ઉંમરે અને ઘણુંખરું પસંદગીનાં લગ્ન કરે છે. આવા મેળાઓમાં જ સાથીઓની અરસપરસ પસંદગી થાય છે. મનોમેળ થયે ભીલકન્યા માબાપની મરજી મેળવી લે છે અને જો એમ ન થઇ શકે તો છેવટ કમરજીએ પણ મનમાનેલા માણસ સાથે પરણે છે. જૂનો રિવાજ તો એવો હતો કે આવા લગ્નના પ્રસંગે પિશાચવિવાહનો આભાસ ઊભો કરવામાં આવતો. વરપક્ષ આવીને કન્યાનું બલાત્કારે હરણ કરી જતો અને કન્યાને બચાવવા પિયરપક્ષ વ્હારે ધાતો હોય એ જાતનો હોકીકિયારો કરવામાં આવતો. પણ સુધારાનો ચેપ હવે તો ભીલ કોમોને પણ સંપૂર્ણ લાગ્યો છે અને ઘણુંખરું શાંત લગ્ન થાય છે. ભીલ કોમોની ચોરીની રીત પણ જાણવા જેવી છે. લૂંટી લીધેલાં માણસોને એ થોડુંઘણું માર્યા વિના તો ન જ રહે; કેમકે તો જ લૂંટનો માલ શૌર્ય દર્શાવીને હક્ક તરીકે મેળવેલો ગણાય! પરંતુ આ રસમો હવે નષ્ટપ્રાય થઇ છે અને ભીલ કોમ સુધરી ગઇ છે.

ઉમરિયા છોડીને આગળ વધતાં **હાથમતી છેક ભીલોડા** વટાવી જાય છે ત્યાં સુધી શુષ્કરૂપા બને છે. **પદ્મપુરાણકારે** આ હકીકતને એક આખ્યાયિકા રૂપે ગૂંથી લીધી છે કે કૌંડિન્ય મુનિનો આશ્રમ (ફળ, મૂળ પુસ્તકો વગેરે સાથે) એ રાતના પૂરમાં તાણી ગઇ એથી ક્રુદ્ધ થઈ મુનિએ શાપ આપતાં તે શુષ્કરૂપા બની ગઇ અને '[illegible]ર્યા' કહેવાઈ. સંભવ તો એવો લાગે છે કે નદીનાં પાણી પેટાળમાં ઊતરીને ભૂગર્ભમાં વહે છે. કારણ ભીલોડા છોડી આગળ જતાં દોઢેક માઈલ પર પાછું વહેણ ચાલવા લાગે છે અને ભવનાથને સામે કિનારે ચિબોડા ગામને પાદરે તો મોટા ધરાઓ ભરાઈ જાય છે. કદાચ ભૂગર્ભમાં વહેતાં આ પાણીથી જ, હાથમતીની પશ્ચિમે થોડે દૂર લગભગ સમાન્તર વહેતી પુરાણપ્રસિદ્ધ નાની ઇન્દ્રાશી નદી જલભરપૂર રહેતી હોય! નદીઓ ભૂગર્ભમાં વહેવાનાં આવાં અનેક દૃષ્ટાંતો છે જેમાં જાણીતું એવું દૃષ્ટાંત બ્રહ્મદેશમાં ઈરાવદી જેવી સુપ્રસિદ્ધ નદીનું છે. માર્ગમાં ચાકના પર્વતોનું નડતર થતાં આખી ઈરાવદી નદી ભૂગર્ભમાં ઊતરી જાય છે અને અનેક માઈલો સુધી આ વિપુલ વારિરાશિ પૃથ્વીના પેટાળમાં વહે છે. હાથમતીને પુરાણકારે શુષ્કરૂપા કહી છે એમાં આ હકીકતનો પ્રચ્છન્ન સ્વીકાર તો નહિ હોય? શુષ્ક=સૂકી ને શુષ્કરૂપા=જે માત્ર જોવામાં જ સૂકી છે. એ બે વચ્ચેનો ફરક જુઓ.



ની એ જેનું વર્ણન આવે છે તે હાથમતી-તીરે ભીલોડામાં 'ભૂલભુલામણી'ના નામથી જાણીતો મધ્યકાલીન સ્થાપત્યમંડિત સ્તંભ. (ફોટો · ઈડર રાજ્ય પુરાતત્ત્વખાતું)

ભીલોડામાં ભૂલભૂલામણી તરીકે જાણીતું સ્થળ જોવા લાયક છે. ચિતોડના સુપ્રસિદ્ધ જયસ્તંભના અનુકરણરૂપે ઘણા સ્તંભો રચાયા તેનું આ નાના પાયા પરનું અનુકરણ છે. એની ઊંચાઇ ૧૯ ફૂટ છે. એને ત્રણ માળ છે અને ઉપર જવાને માટે વચમાં ગોળાકાર સીડી છે. માથે એક સુંદર ઝરૂખો છે. સ્તંભ-સંવિધાનનું મુખ્ય લક્ષણ એ હોય છે કે એના કંદોરાઓ પર દેવદેવીઓ, ઋતુચક્રો, અસ્ત્રશસ્ત્રો, સરિત્સ્વરૂપો, સંગીતવાદ્યો ઇત્યાદિ અનેક આકૃતિઓ હોય છે. અહીં પણ ગરુડવાહન વિષ્ણુ, નંદીવાહન શિવ, રાજહંસવાહન બ્રહ્મા, સૂર્ય ઈત્યાદિ મૂર્તિઓ ઉપરાંત હસ્તિ, અશ્વ અને વૃષભ ઉપર સવાર થએલી અન્ય મૂર્તિઓ પણ છે. વૈષ્ણવી, આગ્નેયી, ઐન્દ્રી, મહિષાસુરમર્દીની ઈત્યાદિ દેવીની મૂર્તિઓ છે. પણ સ્તંભનું ખાસ આકર્ષણ એ છે કે સામાન્ય માનવજીવનના લગભગ ૧૨૫ પ્રસંગોનું એમાં નિરૂપણ થએલું છે. દધિમંથન, અશ્વારોહણ, પાલખીવહન, વેણુ ને અન્ય વાદ્યોનું વાદન, નૃત્ય, ગાય હાંકીને લઈ જવાની અને ગાયના વાછડાને લઈ જવાની ક્રિયા કરવી, ઈત્યાદિ પ્રસંગો મારફત સમકાલીન જીવનને પત્થર પર ઉતારવાની કળાકારોએ કુશળતા દર્શાવી છે. આ સ્તંભ ૧૭મી સદીનો હોવાનો સંભવ છે, કારણ સંવત ૧૬૬૬નો સ્પષ્ટ ઉલ્લેખ દર્શાવતો એક લેખ બાજુમાં જ છે. (ચાલુ)

૭ ભીલ લોકોમાં એવો રિવાજ છે કે એક માણસ ઢોલ વગાડતો હોય ત્યારે બીજો આવીને એ ઢોલને હાથ અડકાડે એટલે તરત વગાડનારો આગંતુકના ગળામાં ઢોલની દોરી નાખી દે. આ ત્વરિત ફેરબદલીમાં પણ ઢોલ વાગવાનું અવિરત ચાલુ રહે; અનુગામી પુરોગામીના તાલનું અનુસંધાન અસ્ખલિતરીતે જાળવે. વગાડનાર જો હાથ અડકાડનારને ઢોલ ન આપે તો એનું પરિણામ મારામારીમાં આવે!

લેખક

ડૉ. હરિપ્રસાદ પ્ર. દેસાઈ

રસદર્શન

કેવળ કુદરતમાં જ નહિ, માત્ર શિલ્પસ્થાપત્ય, ચિત્રકળા કે સંગીતમાં જ નહિ, પણ સાંસ્કૃતિક પ્રસંગવિશેષો ને પ્રજાકલ્યાણની સિદ્ધિઓમાં, માનવીના ગૌરવભર્યા પુરુષાર્થ કે માનવહૃદયની કૂંળી લાગણીઓમાં રસનું દર્શન કરનાર આપણા પીઢ રસભોગી ડૉ. હરિપ્રસાદ દેસાઇની કલમથી 'કુમાર'ના વાચકો સુપરિચિત છે. પાંચેક વરસ પર 'કુમાર'માં આવેલી અને પહેલા 'કુમારચન્દ્રક'નું અર્પણ પામેલી એમની 'રસદર્શન'-ની લેખમાળા સૌને યાદ હશે. સર્વત્ર શ્રેયનું દર્શન કરનારી એમની આંખ અને અંતર ફરી એ દર્શન અહીં કરાવે છે.

ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં પુણા અત્યંત મનોહર બને છે. ધારાસભાનો મુંબઇનો હૉલ 'ઍર-કન્ડિશન્ડ' હોવાથી બગીચો કે માનવસાગર જોવા માટે કલાક બે કલાકે તેમાંથી બહાર નીકળવું પડે છે, પણ પુણા ધારાસભાના દરબારી ખંડમાંથી તો બેઠાંબેઠાં જ વૃક્ષો, પુષ્પો, ભૂરું આકાશ અને રંગીલી સંધ્યાઓનો રસાનંદ ભોગવી શકાય છે.

પુણાથી ૧૫૦ માઈલ દૂર નીરા નદીને બંને કિનારે આપણા મહાન ઉદ્યોગપતિ વાલચંદ હીરાચંદનું 'વાલચંદનગર' આવેલું છે. ૫૦ માઈલના ઘેરાવામાં ત્યાં જંગલનું મંગળ બની ગયું છે. સુગંધી પુષ્પોથી અંકિત સડકો, લીલાં ખેતરો અને બગીચા, વચ્ચે કારખાનાં ને ગામો, અને તેમાં બજારો, અખાડા, કલબો, શાળાઓ, દવાખાનાં, પ્રસૂતિગૃહો ને મંદિરો સુવ્યવસ્થિતરીતે ગુંજી રહ્યાં છે. ભેંશના વાડા ને ડેરી-કારખાનાં વચ્ચે લતામંડપોમાં મોરો નૃત્ય કરે છે ત્યાંના અતિથિગૃહમાં વાલચંદે લખ્યું છે કે 'આર્કીમીડીસની માફક મને પણ ઊભા રહેવાની જગ્યા આપો અને હું પૃથ્વીને ઊંચી કરીશ.'

આખો દિવસ ફરીને થાકેલા અમે એકાંત ચાંદની રાતમાં આ ચમત્કારી સ્થળ પર મનન કરતા સૂતા અને ગુજરાતની વાણિજ્ય-વૃત્તિના પુરુષાર્થ ઉપર અમને ગૌરવ ઉત્પન્ન થયું.

છ વર્ષ પહેલાં યરોડા જેલમાં જે ગાંધીભક્તો સાથે હતા તે બધામાં હરિભાઉ ફાટક સૌથી વૃદ્ધ અને મહાન હતા પુણા છોડતાં પહેલાં હું એમને મળવા ગયો. રાષ્ટ્રપિતાના જવાથી દુઃખી થએલા ફાટક તો ચોધાર આંસુએ રડ્યા. રામચંદ્રે રાજ્યાભિષેક વખતે જેમ અનેક પરાક્રમી સામંતોને કંઈકંઈ ઈનામો આપ્યાં હતાં, તેમ ગાંધીજી ને સરદારે પણ યોગ્ય વ્યક્તિઓને નાનામોટા હોદ્દા આપ્યા, પણ હરિ-ભાઉને હનુમાનની જેમ માત્ર આકડાનું ફૂલ અને તેલ જ મળ્યાં છે. પરંતુ જનતાએ હરિભાઉની સાચી કદર કરી. મહાત્માજીનાં અસ્થિ પુણે આવ્યાં ત્યારે સંત જ્ઞાનદેવના આળંદી ધામે ઈન્દ્રાયણી નદીમાં એને પધરાવવા જતી વખતે અસ્થિપાત્ર ઉપાડવાનું માન પુણાએ હરિ-ભાઉને આપ્યું. દેશના એક સાચા ભક્તરાજ એ હરિભાઉનાં પાવન-કારી દર્શન કરી, એમને પ્રણામ કરીને મેં રજા લીધી.

આપણી પહેલી યુદ્ધનૌકા 'દિલ્હી' પંડિત જવાહરલાલના વરદ હસ્તે મુંબઇ બંદરે નાંગરી એ ક્રિયા આપણે મન બહુ જ મહત્ત્વ-ની હતી. બૅલાર્ડ પીઅરનો આખો કિનારો અશોકચક્રથી અંકિત ત્રિરંગી રાષ્ટ્રધ્વજોથી શોભી રહ્યો હતો, અને સ્ટીમર પરના બૅન્ડે જેવું 'જનગણમન અધિનાયક' વગાડ્યું કે અમારાં હૃદય ગૌરવાન્વિત હર્ષથી ભરાઇ આવ્યાં. સાગરખેડ અને નૌ-યાન તો ગુજરાતીઓનો છેક પ્રાચીન કાળનો વારસો છે. ભરૂકચ્છ (ભરૂચ) અને સ્તંભતીર્થ-(ખંભાત)ના માલમો દુનિયાભરના દરિયા ખેડતા, અને કચ્છના માલમોની કૌશલ્યગાથા તો હજી ગઇ કાલની હકીકત છે. નૌકાસૈન્યમાં પણ ગુજરાત પાવરધું હતું. ખંભાત બંદરે વીરધવલની યુદ્ધનૌકાઓ પર વસ્તુપાલ ને તેજપાલની દેખરેખ હતી. ગુજરાતના સુલતાનોએ મોટાં નૌકાસૈન્ય રાખ્યાં હતાં, અને શિવાજી મહારાજનું દરિયાઇ સૈન્ય ગુજરાતી મુસલમાન સારંગના જ આધિપત્ય તળે આખા કોકણતટની રક્ષા કરતું. આજે હવે પૃથ્વીનાં મહારાજ્યોની બરાબરી કરવાની શરૂઆતનું આ પ્રકરણ વિજ્ઞાનયુગના આ મહત્ત્વના પ્રસંગે જોવા ભાગ્યશાળી થવા માટે ભારતભાગ્યવિધાતાનો મેં રત્નાગરનાં ચળકતાં પાણી સમક્ષ અંતઃકરણપૂર્વક ધન્યવાદ ગાયો.

થાણા જિલ્લાનાં સંજાણ વગેરે દરિયાકિનારાનાં ગામેથી કહેણ આવ્યું કે એમની પ્રાથમિક શાળાઓમાં ગુજરાતીને બદલે મરાઠી ભાષા દાખલ કરવાની છે અને ગુજરાતનું અસ્તિત્વ ભુંસાવા બેઠું છે. એથી હિન્દુ, મુસલમાન, પારસી બધામાં ખળભળાટ વ્યાપી ગયો અને એક પરિષદ ભરીને સરકારના એ પગલાનો વિરોધ કર-વાનું ઠર્યું. એ નિમિત્તે બૃહદ્ ગુજરાતનું દર્શન કરવાનો અને સંજાણ જેવાં પારસી ભાઇઓનાં અતિહાસિક સ્થળો જોવાનો મને લ્હાવ મળ્યો. અંતે ગુજરાતીભાષા તો પ્રાથમિક શાળાઓમાં ત્યાં કાયમ રહી; પણ સાથેસાથે તારાપુર, ચીચણ, નારગોળ અને સંજાણ વગેરેની સુંદર વાડીઓ અને ફળદ્રૂપ ખેતરો તથા જૂની પ્રાચીન બંદરગાહો અને સમુદ્રતટો જોવાનો લાભ મળ્યો તે વિરલ અને આનંદદાયી હતો.

આજથી ૧૨૦૦ વર્ષ પર સંજાણ બંદરે પારસી ભાઇઓ ઊતર્યાં એની યાદગીરીમાં ત્યાં એક કીર્તિસ્તંભ ઊભો કર્યો છે. મને ત્યાં લઈ જઇ પુષ્પહારની ભેટ કરીને ગુજરાતના પ્રતિનિધિ તરીકે એમણે પા-રસી કોમ તરફથી આપણો ઉપકાર માન્યો. તેના જવાબમાં મેં કહ્યું કે વેદોના વખતથી આપણી આર્યોઆર્યો વચ્ચેની સગાઈ છે. તમે ગુજરાતમાં આવીને નિમકને હલાલ કર્યું છે. દૂધમાં સાકર ભળે એમ ભળી ગયા છો. દાદાભાઇ, તાતા, ફીરોઝશાહ, નરીમાન તથા ગિ-લ્ડર જેવા અનેક ક્ષેત્રોના સમર્થ પુત્રો તમે આપ્યા છે અને આપશો. તમારાં દાન કોમી નથી. નારગોળની હાઈસ્કૂલ લગભગ તમારે જ ખર્ચે ચાલે છે અને આ સમુદ્રતટે તથા દૂર પ્રદેશમાં જે પ્રેમભાવથી માતૃભૂમિ માટે તમે લાગણી રાખો છો તે માટે ગુજરાત તરફથી હું અંતઃકરણપૂર્વક તમારો આભાર માનું છું.

ખાડીની દક્ષિણે તારાપોર ને ઉત્તરે ચીચણ છે. માત્ર એક પુલ જ તે બંનેને છૂટાં પાડે છે,—અથવા જોડે છે. ત્યાં ગુજરાતી મુસલમાન ભાઇઓ બંગડી બનાવવાનું એક નાનું કારખાનું ચલાવે છે અને કું-ભારો પણ ગુજરાતના જ છે. આ તરફનાં ઘણાં ગામોમાં ચીકુ, આંબા અને કેળાં વગેરે ફળોની વાડીઓ વચ્ચે ખેતરેખેતરે શોભાયમાન ઘરો છે. કેટલેક ઠેકાણે પવનચક્કીઓ છે અને એમાંથી ઉત્પન્ન થતી શક્તિ વડે રેડિયો પણ ચાલે છે.

થાણા પણ વિશિષ્ટ સૌન્દર્ય ધરાવે છે. તેની પશ્ચિમે કન્હેરી ગુ-ફાની ટેકરીઓ, પૂર્વે ને ઉત્તરે ખાડી તથા દક્ષિણે પુણારોડ અને

સહ્યાદ્રિનાં ઝરણાં છે. ગામ વચ્ચે એક મહાદેવનું મંદિર ને તળાવ છે. એ મંદિરના જીર્ણોદ્ધારનું ખર્ચ મોટે ભાગે ગુજરાતીઓએ આપ્યું છે. ત્યાં એક જૈન દેવળ હમણાં જ તૈયાર થયું છે. એની તમામ ભીંતો પર પથ્થરની મૂર્તિઓમાં જૈન કથાપ્રસંગો ગુજરાતના સોમપુરા શિલ્પીઓને હાથે તૈયાર થાય છે અને એના ઉપર રવિવર્મા અને ધુરંધરનાં ચિત્રોની શૈલીએ રંગાલેખન થાય છે.

બોરીવલી પાસે કન્હેરી ગુફાઓની આસપાસના નવ માઈલના ઘેરાવામાં એક ઉપવન કરવાનું મુંબાઈ સરકારે નક્કી કર્યું છે. હું એની કમિટીમાં હોવાથી એ આખો પ્રદેશ જોવાનો અનુપમ લાભ મળ્યો. પુલો, સરોવરો, લતામંડપો, કુંજો, આશ્રયસ્થાનો અને એકાંત રમણીય સ્થળો બહુ કલામયરીતે ત્યાં યોજાયાં છે અને જેમને એ ઉદ્યાન-વિધાન સરકારે સોંપ્યું છે તે શ્રી ભાનુ દેસાઈની બાગો બનાવવાની આવડતથી, મને ખાત્રી છે, કે એકબે વર્ષમાં એ સ્થળ સ્વર્ગીય શોભા ધારણ કરશે. અમદાવાદમાં પણ એવું એક ઉપવન કરવા માટે કમિટીએ મલેક શાબાનની જગ્યા પસંદ કરી છે ને શ્રી ભાનુ દેસાઈને તે બતાવવામાં આવી છે. ત્યાંનું તળાવ ચારે કિનારે બાંધેલું છે અને ચોમેર લતામંડપો ને કુંજોથી સુશોભિત કરી શકાય એમ છે. તળાવમાં પાણી છલોછલ ભરી શકાશે ને ભવિષ્યની પ્રજા, સૃષ્ટિસૌન્દર્ય તથા કવિત્વપૂર્ણ વાતાવરણનો રસ લૂટી શકે એવું એ સ્થાન બનશે.

હમણાંની છેલ્લી મુંબાઈ ધારાસભાના દિવસોમાં કચ્છ રાજ્યના દરિયાકિનારાના બંગલામાં બેલજિયમના એલચીએ એક પ્રદર્શન ભર્યું હતું. એ બંગલાનો બગીચો સુંદર છે અને એની અગાશીમાંથી જણાતો, સમુદ્રનાં ભૂરાં જળનો વિશાળ પટ મનને ભરી દે છે.

બેલજિયમની ખાસ કળા એના ગાલીચામાં અને 'લેઈસ'—એટલે સૂતરની ગૂંથેલી કોર-કિનારી તથા ઝૂલોમાં ઊતરી છે. એના વિશાળ ગાલીચા મોટીમોટી ભીંતો પર ટાંગવા પડ્યા હતા. એના રંગો, તેમાંનાં તાદૃશ્ય રૂપદર્શન, શિકાર, દરબાર અને આનંદવિનોદના પ્રસંગો, ઉજાણીઓ સંગીત અને નૃત્યના પ્રસંગો, પ્રેમ તથા શૃંગારનાં અને પ્રાર્થના તથા ભક્તિનાં દૃશ્યો, સૃષ્ટિસૌન્દર્ય ને શિલ્પ-સ્થાપત્ય, બધું આ ગાલીચાઓમાં વાસ્તવ રૂપે ઉતાર્યું હતું. એમાં રજૂ થએલી કિંમતી અને વિરલ કારીગરીવાળી લેસો તો મહારાણીઓએ અને શાહજાદીઓએ પહેરેલી. તે પૈકીની કોઇએ તો વિરાગથી ત્યાગ કરેલી હતી. એમના કોમળ હાથોએ ગૂંથેલી એવી સુકુમાર ને લાવણ્યમયી એ કિનારી ઘણી તો ઇતિહાસની કરુણ કથાઓની સાક્ષી હતી. સાથે બેલજિયમના ઇતિહાસપ્રસંગોનાં અને ભૌગોલિક ચિત્રો વગેરે પણ પ્રદર્શનમાં હતાં. પ્રજાપ્રજાઓની ભોજનની વાનીઓની જેમ તેની કળાઓમાં પણ સૌન્દર્યની વિશિષ્ટતાનો જે અભિનવ રસ રહેલો હોય છે એનો ઉપભોગ પણ એક લ્હાવો છે.

ટૂંકી વાર્તા અને નાટિકા માટે ઈનામ: એક નવી હરીફાઈ

◆ આવતા છ માસ (ઑગસ્ટ થી જાન્યુઆરી) સુધીના 'કુમાર'ના અંકોમાં જે વાર્તાઓ કે નાટિકાઓ આવે તે પૈકી શ્રેષ્ઠ નીવડનારને રૂપિયા ૩૦નું ઈનામ જાહેર કરવાની એક શુભેચ્છકે સૂચના કરી છે. ◆ આ પારિતોષિક 'કુમાર'ના ચાલુ પુરસ્કાર ઉપરાંત અપાશે. ◆ મૌલિક કૃતિના શ્રેષ્ઠત્વને અભાવે અનુવાદિત કૃતિઓની વિચારણાને પણ અવકાશ રહેશે. ◆ મુદતનો છેક છેલ્લો માસ જાન્યુઆરી હોઈ ૧૫મી ડિસેમ્બર એ કૃતિઓ મોકલવા માટે છેલ્લી મર્યાદા ગણાશે; પણ કૃતિઓ જેટલી વહેલી આવે તેટલી પ્રકાશન માટે સમયના ગાળાની સવિશેષ તક રહેશે.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ : 'નખીને રસ્તે'—કુ૦ ભગવતીબહેન પટેલ (પોરબંદર);
બીજું ઇનામ : 'સમતોલન'—ભાઈ નલિનકુમાર પટેલ (સુરત).

આ વખતે આવેલાં સંખ્યાબંધ ચિત્રોમાંથી જોકે ઈનામને લાયક તો બે જ ચિત્રો નીકળ્યાં છે; પણ તે, ઘણે લાંબે સમયે, આંખ ઠારે એવાં નીકળ્યાં છે. આંખ ને મનને ઠારે એવું જે અનેરું તત્ત્વ દરેક ચિત્રમાં રહેલું હોય છે, તે તેનું સંયોજન. ચિત્રમાંની વસ્તુઓ એકબીજીની સાથે એકરાગ લેતી, પ્રમાણબદ્ધરીતે અને આછાઘેરા પટની સયુક્તિક તથા સુરુચિપૂર્ણ રચનાથી ગોઠવાઇ આવે એવી રીતે ચિત્ર લેવું એ તેનું સંયોજન. આ સંયોજન એ ચિત્રનો પ્રાણ છે. તેની વિશદસમજણ પામવા માટે વિવિધ આકૃતિ પ્રમાણે તેના વિવિધ રચનાપ્રકાર ગણાયા છેઃ જેમકે ત્રિકોણાકાર, અંગ્રેજી S અક્ષરના આકારનું, Z આકારનું, L આકારનું, X ક્રૉસ જેવા આકારનું વગેરે.

પહેલું ઈનામ મેળવનાર (જુઓ ત્રિરંગી મુખચિત્રની પાછળ) કુ૦ ભગવતીબેનનું 'નખી(તળાવ)ને રસ્તે' નામનું ચિત્ર S આકારને મળતા સંયોજનનો સુંદર નમૂનો છે. રસ્તાના નમણા વળાંકથી તથા તેના પર પડતા વહેલી સવાર કે સાંજના મૃદુ પ્રકાશથી ઊપજતા મનોરમ વાતાવરણથી પ્રેરાઇને આ ચિત્ર લેવાયું છે. વિચારપૂર્વક પસંદ કરાએલો ઊંચો દૃષ્ટિકોણ તેની વિશિષ્ટતા છે. એથી, દૂર સુધી જતા રસ્તાના અને તેના સ્થળના લાવણ્યનો ખ્યાલ આવે છે. છાયા-પ્રકાશની વહેંચણી પણ સપ્રમાણ રચાએલી છે, ને, ચિત્રમાંનાં પાત્રો, નિર્જન રસ્તો પણ નિર્જીવ ન લાગે એ રીતની સજીવતા તેને અર્પી રહે છે. ચિત્રની ટૅકનિક સારી છે ને ટ્રિમિંગ સમજપૂર્વકનું છે.

બીજું ઇનામ મેળવનાર ભાઇ નલિનકુમાર પટેલનું સામા પ્રકાશે લેવાએલું 'સમતોલન' ચિત્ર તેના નામને સાર્થ કરે છે. એ સાચવનારાં તત્ત્વો કયાં? કિનારો અને જલવિસ્તાર વચ્ચેની હોડી? હોડીમાંથી કિનારે જતી સ્ત્રી? ક્ષિતિજ ભેદીને જલપટ તથા આકાશને જોડતો હોડીનો સ્થંભ? એ વિચારવાની કસોટી અમે વાચકો માટે રાખીએ છીએ. અને ચિત્રમાં L આકારનું સંયોજન બને છે તે જોયું? વહેતા પાણીનો વિશાળ પટ, વળાંક લેતો કિનારો ને હોડી એકબીજાનાં પૂરક બનીને સુંદર ચિત્ર રચી રહે છે. જોકે ટૅકનિક સહેજ મોળી છે. (એ બંને ચિત્રો સામસામાં આવીને બંનેનું એક સંયુક્ત સંયોજન પણ આકસ્મિક રીતે બની રહે છે.)

શ્રીદામ ભટ્ટ



Our Friends Abroad



[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

રશિયન પત્રમિત્રો

ઇંગ્લંડનાં પત્રમિત્રો સાથે પત્રવ્યવહાર કરવા ઇચ્છતાં રશિયન પત્રમિત્રોનાં નામોની લંડનની બ્રિટિશ-સોવિયેટ સોસાઇટીએ બહાર પાડેલી આ યાદી હિંદી પત્રમિત્રો લાભ લઈ શકે એ આશયથી ભાઈ મણિલાલ એલ. બુદ્ધભટ્ટીએ જામખંભાળિયા(સૌરાષ્ટ્ર)થી મોકલી છે. પત્રવ્યવહાર કરનારે એમનો ઉલ્લેખ કરવો. દરેક સરનામાને અંતે Russia એટલું અવશ્ય ઉમેરવું.

(1) Anatole Leonow, boy, Apartment 9, Vtoraya Ulitza 5, Kalinin, Kirovsky Village—9, Sports; (2) Virgini Strugatsi, girl, Chakalov Ulitza 38/40, Flat 42, Moscow—10-11, History, Cycling; (3) Valya Tikhonovitch, girl, Bogor odskya Ulitza 48, Flat 5, Moscow—11, Reading, Stamps;(4) Tolya Liskov, boy, c/o Youth committee, Moscow—11, Films; (5) Sasha Kasimenko, boy, 4th class 'B,' School 289, Usachevka Ulitza 6, Moscow, 48—11-12; (6) Anatole Dubor, boy, 4th class 'B', School 589, Usachevka Ulitza6,Moscow,48—11-12;(7)Rudolf Antonchenko, boy, 4th class 'B', School 589, Usachevka Ulitza 6, Moscow, 48—11-12; (8) Robert Eremin,boy, Ulitza Tulskaya 2/1, Flat 431, Moscow—12, Stamps, Foreign coins; (9) Roy Gershberg, boy, Kurgan—12, Stamps, Englsh; (10) Svetlana Bogdanovitch, girl, Gorky Childrn's Home,Skhodnaya Station, Moscow Region—12, Sports; (11) Ivan Morozov, boy, Velikoluki Province—12, Sprots; (12) Liya Alyacharistya, girl, Dubiniskaya 61, Flat 15, Moscow 26—12, Stamps, Music; (13) Tamara Samarina, girl, 7, Kojevinskaya Ulitza, Flat 15, Moscow 114—13, Picture postcards; (14) Anatoly Sergeiev, boy, Suvorov Military School, Rostov Region, Novocher kassk -14; (15) Yuri Korneev, boy,Sokolnechesky Region, Bogatcrsky Poselok, House,11,Moscow—14,Sports, Films; (16) Valentine Yevgrafov, boy, Saratov—14, Swimming, Stamps; (17) Maria Denikina, girl, 416, Secondary Girls Sdhool, Chaussee Enthusiastov, 82a, Moscow—14, Danoing, Films; (18) Janna Lazarenko, girl, Kazelsk, Kalonskaya Province—14, Study, Swimming; (19) Yuri Berkovsky, boy, Kemerova,Siberia—14,Learning English, picture postcards; (20) Vassili Krasnorkutsky,boy,Suvorov Military Academy, 2nd Division Stalingrad, Astrakan; (21) Liza Vishnovskaya, girl, Krasnaya Ulitza, 4, Dnieprpetrovsk—14, Films; (22) Sergei Moiseev, boy, Solonetz Village, Kubyshev Province—14; (23) Valentina Siyortrina, girl, Moscow—16,Skating;(24) Vladimir Marlinsky, boy, Suvorov Military School, Voronezh—15, Films; (25) Ivan Manzeurin, boy, Suvorov Military School, Voronezh—15, Films, Reuding; (26) Moura Yagudina, girl, Flat 2, 30, Leningradskaya Ulitza,Dniepreptrovsk-14, Stamps; (27) Ira Dedushkeva, girl, Flat 2, Satcheka Ulitza, 24, Moscow—15, Danoing;(28) Zhenya Logonikova, girl,Girls secondarySchool 361,Moscow-14,Skating, Skiing;(29)Galina Diatlova girl Borshchevo Village, Rudniki, Ivanov Province-19, Sewing; (30) Anna Dmierievna Yushtok, girl, Lespromkhoz, House 9, Babaevo, Vologodskaya Province, wants to contact an English gymnast; (31) Alexander Murashov, boy, 10th Postal District, Kubyshev—17, wants to write to 17 years-old English girl; (32) Nellie Playshina, girl, Kalinin—15, Sport, Reading; (33) Ira Bolevitch, girl, Trekhgornaya Textile Factory, Moscow—23 Factory worker; (34) Zinaida Tcherepushkina, girl, Boretz Factory, Moscow—24, Factory worker; (35) Tatiana Rossiskaya, girl, Trekhgornaya Textile Factory, Moscow—23, Factory workor; (36) Valya Kuznetsova, girl, A.S.S.R., Babushkin, Ulitza Voroshidova, 1, schoolgirl; (37) Elsa Don, girl, Flat, 7,Luzhikovskaya Ulitza 13,Moscow-14; (38) Georg Ruchkinov,boy, Yarensk Village, Archangel Distric —10; (39) Vera Isaeva, girl, Marchlevsky Street 1 Scherbakovsky District, Moscow-Literature; (4 Anna Konopleva, girl, Saratov-17; (41) Zoya Fyed rova, girl, Borotz Factory, Moscow-Factory worke (42) Nadya Bulghina, girl, Boretz Factory, Moscow Factory worker; (43) Maria Andreyeva, girl, Stali Automobile Plant, Model Section, Moscow 68-Au omobile worker; (44) Surkova, girl, Dayev Per. Flat 15, Sretenka, Moscow Center-Factory worke (45) Vassili Kluchevsky, boy, Cherveno Statio Byelorussia, 12.

(ચા

હિંદી પત્રમિત્રોનાં સરનામાં

(324) **Ashok Mody, Daftury** Rd., Tribhuv Nivas, East **Malad, Bombay**—19, Swimmi Stamps, **Sports, Reading; (325)** Deepak Dharia, Luhar Chawl, **Manhar Building,** Bombay 2—19, Business, **Pen-Friendship;** (326) Pat Soares, C/o A. Racha, Sitaram Build., B Block, 2nd floor, Hornby Rd., Bombay 1—20, Stamps, Coins, Photography; (327) Govind Monji Asher, C/o

૩૦૦મા અંકમાં શું ગમ્યું?

હરીફાઈનું પરિણામ

જાન્યુઆરી અંકમાં જાહેર થએલી એ હરીફાઈ માટેના નિર્ણાયકો શ્રી ચુનીલાલ વ. શાહ (સહતંત્રી 'પ્રજાબંધુ') ને શ્રી ઉમાશંકર જોષી (તંત્રી 'સંસ્કૃતિ')એ, 'કુમાર'ના તંત્રીની સંમતિપૂર્વક નીચેનો નિર્ણય કર્યો છે:

પ્રથમ: શ્રી હરીશ મં. સંઘાડિયા (કિલ્લા પારડી)ને 'સુકાની'ની વાર્તા 'આઝાદ અરગાર' શ્રેષ્ઠ ઠરાવવા માટે ત્રણ વર્ષ સુધી 'કુમાર' ભેટ.

બીજા: શ્રી જગજીવનદાસ પુ. પંચાલ (મિયાં માતર)ને 'આની કહેવતો'ને શ્રેષ્ઠ ઠરાવવા માટે 'કુમાર' બે વર્ષ સુધી ભેટ

ત્રીજા: શ્રી વિનોદ પ્રેમચંદ મણિયાર (અમદાવાદ)ને શ્રી છગનલાલ જાદવનું ચિત્ર 'પારિજાત' શ્રેષ્ઠ ઠરાવવા માટે 'કુમાર' એક વર્ષ સુધી ભેટ.

નિર્ણાયકોએ લીધેલા શ્રમ માટે અમે તેમના ઋણી છીએ.

Monji M. Asher, Lakhdhir Nivas, Near Hanuman's Deri, Morvi (Saurastra)—18, Gandhism, Drawing, Book-binding; (328) Vinod Vora, C/o Chunilal Devkaran, Langhavad, Ratan's Masjid, Jamnagar (Saurastra)—18, Politics, Literature, Stamps; (329) Rameshchandra Chunilal Maheta, Luhar Chawl, 1 Syana Build., 2nd floor, Bombay 2—19, Stamps, Coins, Photography; (330) Rajendra G. Parikh, C/o G. C. Parikh, Kathor, Bombay—16, Stamps, Painting; (331) Rameshchandra Jivani, Lil Nivas, Derasar lane, Ghatkopar, Bombay—19, Literature, Pictures, Touring, Nature; (332) Rashmikant Damodar Pandya, 9, Kulsum House, 71/72 Chhabildas Rd., Dadar (B.B.) Bombay 14—18, Social affairs, Photography, Music, Customs; (333) Ghoghari Suleman H. O., Mahmud Manzil, Plot No. 583, Manekwadi, Bhavnagar (Saurastra)—20, Cinema, Politics, Sports; (334) Rajendra, C/o R. R. Maniar, Birla-Mansion, C, 2nd floor, Prarthana Samaj, Bombay-4–17, Stamps, Photography, View-cards; (335) Prabodhchandra Pruthuray Majmundar, Vijay Mahal, Karolia Pole, Baroda–21, Politics, Photography, Economy, Music; (336) Sumantlal C. Choksi, C/o Chimanlal Jesingbhai Choksi, Khetervasi, Patan (N. G.)—17, Stamps, Politics, History, Reading; (337) Kishorknmar Chhotalal, C/o C. M. Vahia, Kapol Nivas, Rm. No. 16, Matunga, (B. B.)—17, Coins, Reading, Social affaires; (338) Chokshi Ramakant Chandulal, C/o C. C. Chokshi, Mehta Pole, Baroda—16, Cricket, Reading, Swimming, Literature; (339) Patel Gunvantlal Chhotabhai, C/o M. U. Patel, Chopato, Anand—18, Stamps, Coins, First-day covers; (340) Jaysukh Chhotalal Shah, C/o Chhotalal Jivandas Shah, Own Bunglaw, Nawrojee lane, Ghatkopar—18, Poems, Fine arts, Psychology, Atheletics, Gandhism, Textiles; (391) Jaysinh Lalji Mahajani, Luhar St., Mandvi (Cutch)—18, Literature; (342) Hasmukhrai Bhagwandas Ajmera, C/o Bhagwandas Jiraj, Gadhada Swamina (Saurastra)—17, Touring, Stamps, Photograph; (343) Manhar Hansraj Bhadreswara, Jail Rd., Amreli (Saurastra)—20, Cinema, Story-writing, Sports; (344) K. D. Varu, C/o R. S. G. Tank, Gopal Talkies, Amraoti (Berar)—16, Films, Photography, Swimming; (345) Harinand M. Oza, Bhadvani St., Bhavanagar—21, Stamps, Correspondence; (346) Purushottam Ladha, Salatwada, Porbander (Saurastra)—17, Drawing, Science, Phorography; (347) Dhirajlal Nagardas, C/o Nagardas Dahyabhai, Sheth Fali (Hawai Chauk), Jamnagar (Saurastra)—18, Correspondence; (348) Vilasrai Dulabhaji Sheth, Patel's Sheri, Gondal (Saurastra)—20, Stamps, Coins; (349) Ratilal Ambalal Khatri, Hajarani Pole, Kalupur, Ahmedabad—22, Religion, Indian Philosophy, Rajayoga, Poychology, Culture; (350) Mahasukh Dalichand Mehta, 39, Jambuwadi, Kalbadevi Rd., Bombay-2—20, Photography, Stamps, Coins, Politics; (351) Suresh Manchharam–16, and Vasantlal Dahyabhai –16, C/o Prabhudas Gangdas Reshamwala, Rampura Rd., Surat—Stamps, Cycling, Photography; (352) KrishnaGopal T. Jariwalal, C/o T. N. Jariwala, Rampura Main Rd., Surat—27, Stamps, Reading, Music, Photography; (353) Barjor Nariman Jungalwala, Khatkiwad, Machhli Pith, Near Parsi Girl School, Surat—16, Commerce, Pitman's Short Hand, Stamps; (354) Chhaganlal Naranji Anjaria, Jayant Photo Studios, Station Rd., Morvi (Saurastra)—17, Stamps; (355) Ashakant D. Nimbark, Bhoringda, Via Savar-Kundla (Saurastra)—17, Stamps, Painting, Politics, News-papers; (356) Rameshchandra U. C/o Bhanukumar G., School Falia, Matwad, Via Jalalpur (Surat)—15, Stamps; (357) Dayal C. Kesar, Vansikra Falia, Matwad, Via Jalalpur, (Surat)—16, Stamps; (358) Jagajivandas Jivraj, Gadhadawala Bunglow, Jail Rd., Bhavnagar—17, Art, Sports, Stamps, Swimming; (359) Jagdish J. Dalal, C/o Jethalal C. Dalal, Bilimora—15, Stamps, Cricket; (360) Shantilal T. Sheth, 15/17, Keshav Bhuvan, 1st Parsiwada, V. P. Rd., Bombay-4—20, Reading, Cinema, Politics, Photography, Swimming; (361) Vinodchandra Ratilal Shah, 241/Kherakulla St., Patasa Pole, Ahmedabad—18, Stamps.

રૉજર કેસમેન્ટ (અનુ૦ પૃ૦ ૧૯૪થી ચાલુ) હવે ઈન્કાર કરવો નકામો હતો. તેને બ્રિટિશ મિનિસ્ટર મિ. ફિન્ડલેનું કહેવું સાચું કબૂલ કરવું પડયું. પણ લખાણની બાબતમાં એણે કહ્યું કે કેસમેન્ટે પોતે એ લખેલો હોઈ તેની મૂળ નકલ મળી શકે એમ ન હતી.

'એમ ? વારુ,ચાલો હવે આપણે આગળ વાત કરીએ; મિ.ફિન્ડલે બોલ્યો: 'એ ગૃહસ્થ આયરિશ નૅશનાલિસ્ટ છે અને તેનો ઈરાદો જર્મની પહોંચવાનો છે. પણ જર્મનોને તો આયર્લેંડની કશી પડી નહિ હોય. ઊલટો કેસમેન્ટને તેઓ મૂરખો બનાવશે. એને ત્યાં જતો અમે કોઇ રીતે અટકાવી તો શકીએ તેમ નથી પણ ત્યાં જતાં અમારી સરકારના રસ્તામાં તે મોટી હરકત ઊભી કરશે.' જો, તારા ને મારા સિવાય ત્રીજું કોઈ નથી જાણતું કે એ રૉજર કેસમેન્ટ છે અહીં એ બનાવટી નામમા જ છે, ને સાચો કેસમેન્ટ તો હજુ અમેરિકામાં જ હોવાનું બધા માને છે. એટલે હૉટેલમાંથી સીધો તેને ગુમ કરવામાં આવે તો કોઈને ખબર પણ ન પડે ને તેની તપાસ કરવાની યે કોઇ તકલીફ ન લે. તમે એ જવાબદારી ફઠાવો તો બ્રિટિશ સરકાર તમને ન્યાલ કરી દે. ઉતાવળ નથી. પૂરતો વિચાર કરીને બપોર સુધીમાં જવાબ આપજો. લો, આ ૨૫ ક્રોનર ટૅકસીના લેતા જાઓ.'

પણ ક્રિસ્ટેન્સેને તો સીધી કેસમેન્ટને કાને જ આ વાત નાખી ને તુરતાતુરત બંનેએ બિસ્તર સંકેલ્યા. બર્લિન પહોંચી કેસમેન્ટે મિ. હૅમન્ડના નામે કૉન્ટીનેન્ટલ હૉટેલમાં ઉતારો રાખ્યો. તેને અંગ્રેજી બોલતો જોઇ ઘણા જર્મનોને શંકા તો ગએલી, પણ ક્રિસ્ટેન્સેને તેને લક્ષાધિપતિ અમેરિકન જાહેર કરી એ શંકા શમાવી દીધી.

બીજી સવારે કેસમેન્ટે જર્મન પરદેશ કચેરીમાં અન્ડર સેક્રેટરી મિ. ઝિમરમાનની પહેલી મુલાકાત લીધી અને યુદ્ધમાં પકડાએલા આયરિશ કેદીઓની એક બ્રિગેડ ઊભી કરી શસ્ત્રાસ્ત્ર સહિત આયર્લેંડ લઇ જવાની યોજના તેણે રજૂ કરી. ઝિમરમાન તથા કાઉન્ટ ફૉન વાડેલ બંનેએ તે વધાવી લીધી.

આ બાજુ, ૧૯૧૪ના સપ્ટેમ્બરની ૧૪મીએ હોમરૂલ બિલને શાહી સંમતિ મળી ગઈ હોવા છતાં, યુદ્ધ ખત્મ થતાં સુધી તેનો અમલ મુલતવી રાખવાને કારણે આયરિશો ઉકળી ઊઠયા હતા. જેમ્સ કૉનૅાલી ને પી. એચ. પીઅર્સે મુક્તિ માટે છેવટે સશસ્ત્ર બળવાનો રાહ લેવાનો નિરધાર કર્યો હતો. ઠેરઠેર ટુકડીઓ ઊભી થતી જતી હતી ને ઇંગ્લંડ પ્રત્યેનો તિરસ્કાર ઊભરાતો જતો હતો. ૧૯૧૬માં એમણે નિશ્ચય કર્યો કે બળવો અસરકારક બનાવવો હોય તો હવે બીલકુલ સમય ન જવા દેવો જોઈએ ઇસ્ટરના શનિવારના દિવસને આયર્લેંડની ઉત્થાનતિથિ નક્કી કરવામાં આવી. આઇરિશ સ્વાતંત્ર્યના ઇતિહાસમાં 'ઇસ્ટરના બળવા' તરીકે તે પ્રખ્યાત છે.

પરંતુ એ ઉત્થાનમાં અણધારી બે આડખીલીઓ આવી નડી. એક તો રેમન્ડે બ્રિટિશ સામ્રાજ્ય તરફથી આયર્લેંડને ઈંગ્લંડને પડખે જોડાવાનો પ્રચાર આદર્યો, જેથી કૂંઠ વોલંટીઅરો ફરી બેઠા; ને બીજું જર્મનોએ કેસમેન્ટની કરેલી કફોડી સ્થિતિ. બે લાખને બદલે તેમણે માત્ર વીસ હજાર બંદૂકો આપવાની તૈયારી બતાવી—અને મશીન ગન તો એકે નહિ. કેસમેન્ટે થોડા જર્મન અફસરોની માગણી કરી, તે પણ નકારી કાઢી અને પોતાના થઈ શકે તેટલા માણસો ભેગા કરી આયર્લેંડ જવાનું કહ્યું. યુદ્ધના કેદીઓ એ આયરિશો થઈથઈને કેટલા થાય ? છેવટે તેણે જર્મનો પાસે માગણી કરી કે 'મને એક સબમરીન આપો જેમાં આયર્લેંડ પહોંચી હું ખબર આપું કે બળવામાં સહાય મળવાની જે વકી તમે ધારી બેઠા છો એ નિરર્થક છે.'

વળી કેસમેન્ટની આયરિશ બ્રિગેડની યોજના સામે જર્મનીમાં પણ પુષ્કળ ઉહાપોહ જાગેલો. આ ઉશ્કેરાએલા વાતાવરણ વચ્ચે આખરે કેસમેન્ટ એક સબમરીન અને એક હથિયારગોળાનું વહાણ મેળવવા ભાગ્યશાળી થયો. વહાણને મોખરે રહી તેને આયર્લેંડ લઇ જવાની ઍડમિરૅલ્ટીએ મંજૂરી આપી.

ઇંગ્લંડને આ બાબતની પહેલેથી જ દહેશત હતી, એટલે એચ. એમ. એસ. બ્લુબેલ નામનું તેમનું જહાજ ટ્રાલી નજીકનો આયરિશ કિનારો ફંફોળી જ રહ્યું હતું. ગુડ ફ્રાઇડેની સાંજે નૉર્વેજિયન વાવટો ફરકાવતું એક વહાણ તેની નજરે પડયું.

બ્લુબેલનો કપ્તાન શંકાશીલ બન્યો. તેણે વહાણનું નામ ને નિર્દિષ્ટ મુકામ પૂછ્યાં. વહાણનું નામ ઑડ ને નિર્દિષ્ટ મુકામ જીનોઆ હોવાનો તેને સામેથી જવાબ મળ્યો; પણ તેને એથી સંતોષ ન થતાં વહાણને પોતાની પાછળ પાછળ ચાલ્યા આવવાનું કહ્યું. સામેનું વહાણ કંઇક અચકાતાં સીધો ફાયર કરવામાં આવ્યો. સામેથી પણ તેવો જ પ્રત્યુત્તર મળ્યો. બ્લુબેલ ત્યાં પહોંચે ત્યાં સુધીમાં તો તેમાંનું બધું નીરવ સાગર–તળિયે જઇ બેઠું હતું. બધા નાવિકોને પકડવામાં આવ્યા બધા જર્મન હતા. દરિયાનું તળિયું તપાસતાં હથિયારો ને દારૂગોળો મળી આવ્યાં; પણ એ બધુ કોને માટે ને શા માટે લાવવામાં આવેલું એની ખબર ન પડી.

ઈ. ૧૯૨૦ના એપ્રિલના એક ગુરુવારની રાત હતી. ટ્રાલી ઉપસાગરના ફેરી કિનારા પર એક લાલ બત્તી થોડી ઝબકીને બુઝાઈ ગઈ. દસ વાગ્યે એ ફરી ચમકી. બીજે દિવસે એમ. કાર્થી નામના એક ખેડૂતે સમુદ્ર કિનારે જતાં એક હોડી જોઈ. પાણીમાંથી તે કિનારે ઘસડી આણતાં તેમાંથી એક ખંજર મળ્યું. પછી આજુબાજુની ધૂળ ચૂંથી જોઇ તો અનેક મૅાસર પિસ્તોલો, દારૂગોળાની બે પેટી, ગ્રેટબ્રિટન બહાર તૈયાર કરેલા આયર્લેંડના નકશા, એક દીવો, એક વાવટો, બે લાઇફ-બેલ્ટ, ત્રણ કોટ વગેરે સરંજામ મળી આવ્યો.

એણે જઇને આ બાબત સીધી આર્ડફર્ટના પોલીસખાતાને જણાવી ને લાગલા જ રૉયલ આયરિશ કૉન્સ્ટેબલરીના એક સાર્જન્ટ ને એક કૉન્સ્ટેબલ તપાસ માટે નીકળી પડયા. ગુડ ફ્રાઇડેના બપોરે બે વાગે તો ઝાડોની ઘટાઓ અને ખાઇઓ વચ્ચે ઊભેલા મૅકેનાઝ ફૉર્ટ નામના જર્જરિત પહાડી કિલ્લા પર તેઓ પહોંચ્યા, અને તેને સામે છેડે જ રૉજર કેસમેન્ટ બેઠેલો મળી આવ્યો. સાર્જન્ટે તેને નામઠામ આપવા જણાવ્યું. કેસમેન્ટે સામો સવાલ કર્યો કે કઇ સત્તાથી તે એ સવાલો પૂછે છે.

'મને ચાહે તે સવાલો હું પૂછીશ;' સાર્જન્ટે જવાબ આપ્યો, 'અને તેના જવાબ તમારે આપવા જ પડશે; નહિતર ડીફેન્સ ઑવ ધ રેલ્મ રેગ્યુલેશનની રૂએ તમને પકડવામાં આવશે.'

કેસમેન્ટે પોતાનું નામ રિચાર્ડ મૉર્ટન અને ઠેકાણું ડેન્હામ, બકસ જણાવ્યું. ધંધો લેખકનો. પણ ત્યાં સાર્જન્ટની નજર તેની પાટલૂન પર ગઇ. ભીની ને રેતી ચોંટેલી એ જોતાં તરત તેણે તેની ધરપકડ કરી. ડબ્લિન થઇ તેને લંડન લઇ જવામાં આવ્યો, જ્યાં સ્કૉટલૅન્ડ યાર્ડે તેને તરત જ રૉજર કેસમેન્ટ તરીકે ઓળખી કાઢયો.

ઇંગ્લંડ આખું એ દિવસે આનંદી ઊઠયું. કેસમેન્ટ અને જર્મનીમાંની તેની પ્રવૃત્તિઓ વિષે અખબારોએ અગાઉથી જ ઘણો ઉહાપોહ મચાવી દીધેલો, એટલે એના પકડાવાથી સૌને એક રીતે નિરાંત વળી. ત્રીજા એડવર્ડની કારકિર્દીમાં અમલમાં આવેલો ઈ. ૧૩૫૧ની સાલનો દેશદ્રોહનો કાયદો લાગુ પાડી, કેસમેન્ટ પર 'ઇંગ્લંડના રાજાના રાજ્ય બહાર એટલે કે ઇંગ્લંડના રાજાના શત્રુ જર્મન સામ્રાજ્ય સાથે સંધિ કરી દેશદ્રોહ કરવાનો મુખ્ય આરોપ તથા છ બીજા

ઔપચારિક આરોપ (Indictment) તેના પર મૂકવામાં આવ્યા.

કેસમેન્ટે બધા આરોપ નાકબૂલ કરી કહ્યું: 'મેં જર્મનો કે તુર્કોની બાજુ લડવાનો આયરિશોને ઉપદેશ નથી આપ્યો. મારું કહેવું એ જ હતું, કે આયરિશો ફક્ત આયર્લૅંડ માટે લડે, બીજા કોઇ માટે નહિ.'

આઝાદ હિંદ ફોજના મુકદ્દમા વખતે સ્વ. ભુલાભાઇ દેસાઈએ દલીલ કરી હતી તે જ દલીલ કરીને કેસમેન્ટના વકીલ સલીવાને જણાવ્યું કે સ્વદેશની બહાર રહીને એ રીતે કરેલો ગુનો કાયદેસર દેશદ્રોહ નથી ઠરતો. પણ કોર્ટે તેની ઉપેક્ષા કરી ને જ્યૂરીએ કેસમેન્ટને દોષિત ઠરાવ્યો. છેવટે કૉરોનરે ઊભા થઈ, કેસમેન્ટને, કોર્ટે તેને દેહાંતની સજા શા માટે ન કરવી તેનાં કારણ જણાવવા કહ્યું.

કેસમેન્ટે પોતે લખી રાખેલું નિવેદન વાંચવા માંડ્યું: 'જે નિવેદન હું વાંચી જનાર છું તે આ કોર્ટને ઉદ્દેશીને નહિ પણ મારા દેશબાંધવોને ઉદ્દેશીને છે.' એ રીતની શરૂઆત બાદ, ઇગ્લંડે આયર્લંડનો કેવીકેવી રીતે છળ કરેલો તે બધા ઇતિહાસનો સાદ્યંત ઉલ્લેખ કરી અંતે તે બોલ્યો: 'આ યુયુત્સુ રાક્ષસોના મુકાબલામાં નાનાં રાષ્ટ્રોનું મહત્ત્વ જ્યારે ગૌણ જ છે, ત્યારે સ્વહિત સિવાયના બીજા કોઇ પણ કારણે આયર્લંડે શા માટે પોતાનું લોહી વહેવડાવવું તે મને સમજાતું નથી. તેને તેમાંથી પાછા વાળવાનો પ્રયત્ન મેં કર્યો છે, અને એ પ્રયત્નને જો પરદેશમાં કરેલા દેશદ્રોહના પ્રયાસ તરીકે ઠોકી બેસાડવામાં આવે તો તે બદલ મૃત્યુની શિક્ષા સ્વીકારવામાં મને મુદ્દલ શરમ નથી.'

બ્રિટિશ સામ્રાજ્યશાહીને પણ શરમ નહોતી ૧૯૧૬ની ૩જી ઑગસ્ટે રૉજર કેસમેન્ટને એણે પેન્ટનવિલે ખાતે ફાંસીને માંચડે લટકાવી દીધો. પણ એ માંચડેથી યે એના હોઠમાંથી સરેલા આ ચંદ અલ્ફાઝ આજે સઘળા પરાધીન હમધર્મીઓનો પ્રેરણામંત્ર બની રહ્યા છે:

'જ્યાં પ્રજાના સર્વ હક્ક અસત્યોનું માત્ર પોટલું બની રહે, જ્યાં લોકોને સ્વતંત્રપણે રહેવા માટે, સ્વતંત્રપણે વિચાર કરવા માટે, પોતાની ફરિયાદો રજૂ કરવા માટે, કરેલા શ્રમનો બદલો મેળવવા માટે દીન વાણીથી યાચના કરવી પડે, ત્યાં જે આવી પડે તે ભોગવી લેવાની ભાવના રાખવા કરતાં કૃતિએ અને વર્તને બંડખોર બનવું એ વાત અધિક શૌર્યની, અધિક શાણપણની અને સચોટ છે.' **અશોક હર્ષ**

શિલ્પકાર કર્મરકર અમેરિકામાં



શિલ્પકાર શ્રી વિનાયકરાવ કર્મરકરનું નામ 'કુમાર'ના વાચકોને સુપરિચિત છે. તેમણે અનેક લાક્ષણિક ને હૂબહૂ વ્યક્તિ-શિલ્પો ઉપરાંત સૌરાષ્ટ્રનાં લોકપાત્રોની કેટલીક પ્રતિમાઓ કરી કલાસર્જનમાં ફાળો પૂર્યો છે. તેમના હાથની સુતીક્ષ્ણ ચોકસાઈ અને ઝડપ આશ્ચર્યજનક છે. થોડા માસ પર અમેરિકાનાં પ્રો. મિસ મૅબેલ મૅકસન નામનાં બાઇ હિંદ આવ્યાં ત્યારે તેમણે શ્રી કર્મરકરનું કામ જોઈ તેમને અમેરિકા આવવા ખૂબ આગ્રહ કરેલો. શ્રી કર્મરકરને તો આ વાત સ્વપ્ન જેવી લાગી હતી; પરંતુ એ માયાળુ મિત્રે અમેરિકા જઈ પોતાના ગામ મિલ્ટન નગરની વાર્ષિક ઊજવણી પ્રસંગે શ્રી કર્મરકરને આવવા નિમંત્રણ મોકલ્યું અને ત્યાંની કૉલેજ તરફથી તેમના પ્રવાસખર્ચની ગોઠવણ કરી. તે પરથી ગયા મેની ૨૮ મી તારીખે શ્રી કર્મરકર ત્યાં ગયા હતા અને એ ઉત્સવ પ્રસંગે ત્યાંની કૉલેજના ડીન મિ. જ્હોન ડૅલાંડનું માનવકદનું માટીનું પૂતળું લગભગ દોઢ કલાકમાં સરસ રીતે પૂરું કરી બતાવ્યું હતું. એ પ્રતિમા એ કૉલેજના ગ્રંથાલયમાં રાખવામાં આવશે. ત્યાંના જીવન વિષે શ્રી કર્મરકરનો ૧૪મી જૂનનો પત્ર છે:

પ્રિય રવિભાઈ,

મને અહીં આવ્યાને ત્રણ અઠવાડિયાં થયાં. મારાં યજમાન મિસ મૅકસન અને મિલ્ટન કૉલેજના બધા પ્રોફેસરો મારા પ્રતિ બહુ ભાવ બતાવે છે ને મારા કામ તરફ આદરથી જુએ છે. હું તે તેમનો કેટલો આભાર માનું? મિસ મૅકસન જેવાં આતિથ્યપરાયણ માનવી થોડાં જોયાં છે. એમનો પરિચય થયો એ મારું એક સદ્ભાગ્ય છે. મારા આવતાં પહેલાં તેમણે પ્રતિમાનિર્માણનાં સર્વ સાધનો ને સામાન તૈયાર કરી મૂક્યાં હતાં. તેમનામાં ખરેખરી કલાપ્રિયતા છે.

અહીંનું ગ્રામજીવન મને ખૂબ ગમ્યું. મિલ્ટન ગામ મને આદર્શ જગ્યા લાગે છે. સ્વચ્છ, હવાભર્યું ને શાંત. મને ખાસ તો ગમે છે અહીંનું સ્વાશ્રયી જીવન. ઘરોની બાંધણી ઘણી કરકસર ભરેલી છે, છતાં તેમાં હાલની બધી સગવડો હોય છે: જેવી કે મોટર, ટેલિફોન, રેડિયો. પણ નોકર ક્યાં યે નહિ. નોકર મળતા પણ નથી, તેમ આ લોકોને તેમની જરૂરે નથી. ઘરનાં કામો રહેવાવાળાં જાતે જ કરી લે છે. જ્યાંજ્યાં શકય ત્યાં વીજળિક સાધનો ને બીજાં જરૂરી યંત્રો પણ ઘરમાં વાપરે છે.

મિલ્ટન નાનુંસરખું ગામ છે અને મિલ્ટન કૉલેજ એ તેનું મુખ્ય ધામ છે. કૉલેજ પણ એક આકર્ષક અને રમણીય સ્થાન પર છે. છોકરાઓ અને છોકરીઓ ખૂબ જ તંદુરસ્ત અને ખુશાલ લાગે છે. કોણ વિદ્યાર્થી છે અને કોણ અધ્યાપક છે તે પરદેશીને તો સમજાય જ નહિ. દરેક રીતે તેઓ પરસ્પર સમાન વર્તન રાખે છે. તેમની સભ્યતા અને દરેક બાબતમાં પદ્ધતિસર તથા વ્યવસ્થાસર કામકાજ જોઇને મને બહુ આનંદ થયો. એ લોકો પાસેથી આપણે ઘણુંઘણું શીખવું પડશે. આવતા અઠવાડિયે મિલ્ટન છોડી હું, બીજાં શહેરોની કળાશાળાઓ ને મ્યૂઝિયમો જોવા નીકળીશ. મારી તબિયત સંપૂર્ણ રીતે સરસ છે. તમે બધાં પણ એવાં જ હશો. તમારો જ કર્મરકર.

કણિકાઓ

❡ સંયમ અને શક્તિ વગરની સ્વતંત્રતા કાગળનાં ફૂલ જેવી મોહક છે, સુંગધિત નથી.

❡ તેં મને બોજ આપ્યો છે એવું હું કયે મોઢે કહું? તેં જ મને કદાવર કાંધ નથી આપી?

પુરુષોત્તમ સંઘવી



માધુકરી

સંસારી

રમે છે નિજને ભૂલી વિશ્વલીલામહીં, સ્વત:
ભેટે છે મૃત્યુને, કિંતુ અન્યનું કરી સર્જન.

મુમુક્ષુ

સૃષ્ટિની રંગલીલાથી દૂર થૈ, નવ્ય ભાવનું
શોધીને સર્જવું, ઝંખે નિજાર્થે અમૃતત્વને.

—રાજેન્દ્ર શાહ

સ્વ. મૉરિસ મૅટરલિંક

'નીલ પંખી' (બ્લ્યૂ બર્ડ) નામના પોતાના નામીચા નાટકથી જગત્કીર્તિ કમાનાર અને ઇ. ૧૯૧૧નો ઉચ્ચ સાહિત્યકૃતિનો નોબેલ પુરસ્કાર મેળવનાર, બેલ્જિયમના 'શેકસ્પીઅર'ના બિરુદથી ગૌરવવંતો એ દેશનો વિખ્યાત નાટયકાર, કવિ, નિબંધકાર અને તેથી યે વધુ ચિંતક તથા તત્ત્વવેત્તા મૉરીસ મૅટરલિંક ગયા (૧૯૪૯ના) મેની છઠ્ઠી તારીખે ૮૭ વર્ષની વયે અવસાન પામ્યો. એની સાથે દુનિયાની એક પરમોજ્જ્વલ પ્રતિભા વિલાઈ ગઇ. આપણા કવિવર ટાગોરની જેમ પ્રેમના તત્ત્વમાં પરમ શ્રદ્ધા ધરાવતા એ કવિ-ચિંતક અને નાટકકારની કૃતિઓમાંની ભાવના એટલી વિશ્વસ્પર્શી હતી કે દુનિયાની લગભગ ઘણીખરી ભાષાઓમાં તેના અનુવાદો થયા છે; અને તેમાં યે 'નીલપંખી' તો જગતની એકેએક ભાષામાં ઉતારાયું છે. ગુજરાતીમાં શ્રી દિલીપ કોઠારીએ તેનો અનુવાદ કર્યો છે; ઉપરાંત શ્રી કિશોરલાલ મશરૂવાળાએ એમના એવા જ વિખ્યાત, પણ કાંઈક વિશિષ્ટ પુસ્તક 'ઉધઈનું જીવન'નો કરેલો અનુવાદ પણ જાણીતો છે. ન વાંચ્યાં હોય તેમણે એ જગત્પ્રતિભાનો પરિચય મેળવવા એ બે પુસ્તકો અવશ્ય વાંચી લેવાં જોઇએ.

બેલ્જિયમના ઘેન્ટ નામના નગરમાં ઇ. ૧૮૬૨ના ઑગસ્ટની ૨૯મી તારીખે એમનો જન્મ થએલો. સેન્ટ બાર્બ કૉલેજમાં અભ્યાસ કર્યા બાદ ઘેન્ટ યુનિવર્સિટીમાંથી ૧૮૮૭માં તે બૅરિસ્ટર થયા અને પોતાના વતન ઘેન્ટમાં થોડી વકીલાત પણ કરી; પરંતુ તેમાં જીવ ન ઠરતાં તે પારીસ જઈ રહ્યા ને ત્યાંના સમૃદ્ધ સંસ્કારપ્રવાહોમાંથી પ્રેરણાનું સિંચન પામ્યા. પણ ટૂંક સમયમાં પોતાના પિતાના અવસાનથી તેમને વતન આવવું પડયું અને ત્યાર બાદ જીવન આખું તે ત્યાં જ રહ્યા. શિયાળો તે ઘેન્ટમાં ગાળતા અને ઉનાળો ઉસ્ટૅકર ખાતેની પોતાની જાગીર પર. ફ્રાન્સથી બેલ્જિયમ આવીને તરત તે લેખન તરફ વળ્યા. ૧૮૮૯માં તેમનું પ્રથમ-પુસ્તક—તેમનાં કાવ્યોનો સંગ્રહ—બહાર પડયું, અને ત્યાર બાદ તરત તેમનું પહેલું નાટક 'લા પ્રિન્સેસ માલેન.'

બે વરસ રહીને, ઈ.૧૮૯૧માં તેમને વિખ્યાત ફ્રેન્ચ નાટય-તારિકા જ્યૉર્જેટ લેબનાકનો સંપર્ક થયો, અને એ સંબંધ ૨૭ વર્ષ સુધી—૧૯૧૮ લગી અખંડ રહ્યો. જ્યૉર્જેટે એમનું ઘર પણ સંભાળ્યું અને એમનાં અનેક નાટકોમાં કામ પણ કર્યું.



આ પછી ઉત્તરોત્તર તેનાં સર્જનો થતાં જ ગયાં: નાટકો, નિબંધો, કવચિત કાવ્યો. ઉપરાંત એણે એમર્સન, ફ્રોઇડ, નોવાલિસ ને રુઇસબ્રૉડક જેવા મહાન ચિંતકોના અનુવાદો વડે પોતાની તત્ત્વદૃષ્ટિને સ્થિર કરતાંકરતાં પોતાના દેશના સાહિત્યને પણ સમૃદ્ધ કર્યું. એમનાં જાણીતાં નાટયસર્જનોમાં 'પેલિયાસ અને મેલીસૅન્ડી', 'મૉન્નાવાન્ના', 'બ્લ્યુ બર્ડ', 'બિટ્રોથલ', 'મેરી મૅગ્ડેલેન', 'સાઇટ-લેસ' અને પહેલા મહાયુદ્ધ વખતની જર્મનોની કબજાગીરી પરથી લખેલું 'બર્ગોમાસ્ટર ઑાવ સ્ટિલમૉન્ડ' વિખ્યાત છે. 'મૉન્નાવાન્ના'નો ગુજરાતી અનુવાદ



માસમાસનાં પંખી-૪૨
કાંકરોળી

નદી-તળાવ કે ઝીલને કાંઠે ફરતાં બગલાં સાથે વસતા આ કાંકરોળીને કેટલાએ ઓળખ્યું હશે? સામાન્ય કૂકડીના કદનું આ પંખી પણ પાણીની નજીકમાં જ પડયુંપાથર્યું રહે છે. એની ઓળખાણ આપે એવી વિશિષ્ટતા તે એનું ગરદન સુધીનું કાળું માથું અને એવી જ કાળી લાંબી વાંકી ચાંચ. ખભા પાસે જરાક રાખોડી ઝાંય અને પીછાં પ્રાથમિક દશામાં ફૂટ્યાં હોય ત્યારે છેડેથી સ્હેજ ઘઉંવર્ણા હોય છે. પ્રજનનકાળ દરમ્યાન ગરદન ને છાતીના ઉપરના ભાગમાં લાંબાં સફેદ સોહામણાં પીછાં ઊગે છે. નર અને માદા બંને આમ એક જ પ્રકારનાં.

પાણી કાંઠાઓ પર, ડાંગરના કયારાઓમાં કે ભેજવાળા પ્રદેશમાં બગલાં તથા એવાં બીજાં જળપંખી સાથે જ તે સમૂહમાં રહે છે. અને સુંવાળા પોચા કાદવ પર નમણી ચાલે ચાલતું ઝીણાં જીવડાં, કીડા ને દેડકાંનો ખોરાક શોધતું ફરે છે. જમીન પર કંઇ ખલેલ પહોંચે તો ઊડીને ઝાડ પર જઈ શકે છે. ઊડતી વખતે તેની ગરદન તથા ચાંચ આગળ ને પગ પાછળ લંબાવી સીધું ને એકધારું, વચ્ચે વચ્ચે જોરથી પાંખો વીંઝતું, હવામાં સરકતું જાય છે, અને સમૂહમાં તો મોટે ભાગે કુંજની જેમ V આકારમાં જ ઊડે છે. પ્રજનનકાળ સિવાય તે બહુ ઓછું બોલતું સંભળાય છે.

જૂનથી ઑગસ્ટ દરમ્યાન તે બગલાં વગેરે સાથે, પાણીમાં કે પાણીની પાસે જ ઊગતા ઝાડ-પાન, છોડ વગેરેમાં ડાંખળાંનો સપાટ માળો બનાવી વાદળી કે લીલાશ પડતાં, સફેદ અને કવચિત્ પીળાશપડતાં છાંટણાવાળાં ૨ થી ૪ ઈંડાં મૂકે છે.

વીસેક વરસ પર 'ગુજરાત' માસિકમાં આવી ગએલો.

શું નાટકોમાં, કાવ્યોમાં, કે નિબંધોમાં મૅટરલિંક સામાન્ય જીવનની સપાટી નીચેના અદીઠ તત્ત્વનું—દૃષ્ટિપારનાં નિગૂઢ રહસ્યોનું નિરૂપણ કરે છે, પણ એમ કરવામાં ભાષા એટલી સાદી ને સરળ તથા ઉપમાઓ એવી ઘરગથ્થુ ને તાદૃશ વાપરે છે કે વાંચતાંની સાથે તે દિલને સચોટ અસર કરે છે. એમનાં નાટકોમાં આત્માનાં આધ્યાત્મિક મંથનો ને મથામણો હોય છે ને તેમનાં પાત્રો સ્થળ-કાળનાં સ્થૂળ બંધનોથી પર હોય છે. એમની અનાથ રાજકુમારીઓ, રજવાડી સામંતો, અવાવરૂ કિલ્લાઓના રખેવાળો ને અંધ ફકીરો કોઈ ચોક્કસ દેશ કે મુલકના નથી; પણ એમનાં મંથનો ને મહત્ત્વાકાંક્ષાઓ સનાતન છે અને કોઈ નિગૂઢ રહસ્યોથી ભરેલાં લાગે છે. મૅટરલિંકનાં બધાં નાટકોમાં ગતિ કરતાં વૃત્તિ ને વાતાવરણની જમાવટ વિશેષ હોય છે, અને સ્પષ્ટ ઉક્તિ તથા આચરણ કરતાં સૂચનો ને સંજ્ઞાઓ વધુ હોય છે. આમ, એમનાં નાટકો રહસ્ય છાયાનાં ભારવાળાં હોવા છતાં, તેની રજૂઆતમાં ખાસ યોજનાઓ ને તરકીબો વડે વાતાવરણ ખડું કરવાનું હોવા છતાં, લગભગ એકેએક દેશમાં એ એવી અપૂર્વ સફળતાથી ભજવાયાં છે કે પ્રેક્ષકોને તેનો જરા પણ આયાસ લાગ્યા વિના તે પહેલે જ પ્રયોગે લોકપ્રિય બની ગયાં છે.

એ સૌમાં જગત્ખ્યાત થએલા નાટક 'બ્લ્યુ બર્ડે' એમને કીર્તિ ને સંપત્તિ બંને અપાવ્યાં. તેમાં રૂપક તરીકે યોજેલી પરીકથામાં માત્ર બાળક ને પરીની વાત નથી, પણ માનવજાતને તે સનાતન સત્ય ને સૌન્દર્યની ઉપાસનાનો સંદેશ આપી જાય છે. એ નાટકમાં રહેલું કોમળ માધુર્ય, કલ્પનાના જાદુભર્યા રંગ, દૃશ્યે દૃશ્યે આવતાં મોહક પાર્થિવ ને દિવ્ય પાત્રો, અને સર્વ દેશ તથા સર્વ કાળ માટે કલ્યાણકર એવો એમાંથી ગુંજી રહેતો જીવનસંદેશ તેને અમરતા અર્પે છે.

પણ મૅટરલિંકનું ખરું તત્ત્વચિંતન તો એના નિબંધો અને અભ્યાસલેખોમાંથી મળે છે. નાનાં નાનાં જીવજંતુઓને પણ તે જે તત્ત્વદૃષ્ટિથી જુએ છે તેના ઉદાહરણરૂપ તેનાં બે પુસ્તકો 'મધમાખીનું જીવન' અને 'ઉધઈનું જીવન' રસમય છે. એના નિરૂપણમાં એમની દૃષ્ટિ કેવળ વૈજ્ઞાનિકની નહિ, પણ ચિંતકની છે અને તે કવિની કલ્પનાથી તરબોળ છે. એટલે મધમાખી અને ઉધઇના જીવનની એ સૃષ્ટિનાં આલેખન કરતાં પહેલાં એ વૈજ્ઞાનિકની ચોક્કસાઇથી બધી વિગતવાર માહિતી મેળવે છે, તેનું સૂક્ષ્મ અવલોકન કરે છે, તેમાં માનવતાનાં દર્શન કરે છે, અને સાબિત કરે છે કે ઉધઇના જીવનમાં પણ હર્ષ અને શોક તથા સંઘર્ષ અને સર્જનની લાગણીઓ ઊછળે છે. એ સામાન્ય પુસ્તકો નથી, પણ ચિંતનના ગહન ગ્રંથો છે.

પોતાની પચાસેક જેટલી કૃતિઓમાં જીવનનો સનાતન સંદેશ આપી જનાર એ સાહિત્યસ્વામી અને ચિંતકે ખુદ પોતાના જીવનમાં પણ સ્થિતપ્રજ્ઞતા કેળવી હતી. ૮૦મે વર્ષે તેની બધી મિલકતનો અકસ્માતથી નાશ થયો ને માત્ર 'નીલ પંખી'ની રૉયલ્ટી જ રહી; છતાં આ ફટકો એમણે ઘણી ધીરજથી સહી લીધો અને એ જ સ્વસ્થતાથી ૮૭મે વર્ષે એણે આ લોકની વિદાય લીધી. (સંકલિત)

સળેખમ

ઘણા લોકોની એવી માન્યતા છે કે સળેખમ થતું હોય તો તેને થવા દેવું જોઇએ, કારણ તે શરીરને ફાયદાકારક છે. જ્યારે બીજી માન્યતા એ છે કે આમ વારંવાર સળેખમ થવા દેનાર માણસને જ સળેખમ થવાનો ભય વધુ હોય છે; માટે સળેખમ થાય એમ લાગે કે તરત આકરા ઉપાયો લઇ તેને ઊગતું જ દાબી દેવું જોઇએ.

સળેખમનાં લક્ષણ દેખાવા માંડે કે તરત 'બૂટની દોરી'ના નામે જાણીતો આ ટુચકો અજમાવો: પહેલાં ટટાર ઊભા રહો. પછી કેડેથી વાંકા વળી તમારા બૂટની દોરી છોડી નાખો ને ફરી બાંધો. આમ બેત્રણ વાર કરો. જો તમે બૂટ ન પહેરતા હો તોપણ જાણે બૂટની દોરી છોડબાંધ કરતા હો એમ ક્રિયા કરો. આશ્ચર્ય સાથે તમને જણાશે કે તમારું સળેખમ અટકી ગયું છે. આ હાસ્યાસ્પદ લાગતા ટુચકા પાછળ સિદ્ધાંત એ છે કે વાંકા વળવાથી લોહીનો પ્રવાહ જોરદારરીતે માથું, નાક આદિ ભાગ તરફ વહે છે અને તે બહારના ચેપી જંતુઓ દાખલ થયાં હોય તેને સાફ કરી નાખે છે. (શીર્ષાસન કરી શકતા હો તો એ કરવું. બંનેનો હેતુ એક જ છે.) અલબત્ત, આ ઉપાય સળેખમની તદ્દન શરૂઆતમાં જ ઉપયોગી છે.

પણ જો સળેખમ શરૂ થઈ જ ગયું હોય તો પછી બીજા ઉપાય લેવા. તેમાં સૌથી સારો 'બેન્ઝૉઈન ઇન્હેલેશન'નો છે. એક વાસણમાં થોડું પાણી ઉકાળવું અને તેમાં બેત્રણ ટીપાં ટિંક્ચર બેન્ઝૉઇન નાખી તેમાંથી નીકળતી વરાળ શ્વાસમાં લેવી. ૫-૬ મિનિટ આમ કરવું. આ ઉપાય રાત્રે સૂતી વખતે કરવો વધુ સારો. જો દિવસે કરવો હોય તો તે કર્યા પછી ૧ કલાક સુધી શરીરને હવા ન લાગવા દેવાની કાળજી લેવી. બીજો ઉપાય એ છે કે કાપડના સ્વચ્છ કકડા પર યુકેલિપ્ટસ ઑઈલ નાખી, તે કકડો નાકની જેમ બને તેમ પાસે રહે તે પ્રમાણે પહેરણ કે બાંડિયા પર પિન વડે ભરાવી રાખવો અને દર બે કલાકે ફરી નવું તેલ નાખવું. આ ઉપાયથી બે ફાયદા થાય છે: એક તો સળેખમનું જોર ઓછું થાય છે અને બીજું એનાથી આસપાસની હવા નિર્જંતુ બની બીજાને તમારો ચેપ લાગતો અટકે છે.

કેટલાકો એમ માને છે કે સળેખમ થાય એટલે ખૂબ ગરમ કપડાં પહેરવાં જોઇએ ને ઓરડાનાં બારીબારણાં બંધ જ રાખવાં જોઇએ. પણ આ માન્યતા ભૂલભરેલી છે. શરીર હૂંફાળું રહે એટલાં કપડાં પહેરવાં અને પવનનો ઝપાટો ન લાગે એટલી કાળજી લેવી જરૂરી છે; પણ શરીરને કપડાંથી લાદી દેવું કે ઓરડાને પેટી જેવો બનાવી દેવો જરા પણ યોગ્ય નથી. એથી તો ઉલટું, તમે ઓરડાની બહાર નીકળતાં જ ઉષ્ણતામાનમાં ફેર પડવાથી તમારા પર વિપરીત અસર થશે. પવનની ઝાપટ સીધી તમારા પર ન આવે એ રીતે બારીબારણાં ઉઘાડાં રાખવામાં કંઈ વાંધો નથી.

જ્યાંસુધી શરીરમાં તાવ ન હોય ત્યાં સુધી હળવું, પાચક, ગરમ પ્રવાહી, ખોરાક તરીકે લેવું. એથી શરીરમાં ગરમી વધે છે. જે શરદી સામે લડવામાં ઉપયોગી છે. શરદીના કાળમાં ડુંગળીનો સૂપ કરીને જો ગરમગરમ લેવામાં આવે તો ઘણો ફાયદો થાય છે. સળેખમ એ કબજિયાતની પણ નિશાની હોય છે એ ખ્યાલમાં રાખવું. એટલે સળેખમ શરૂ થતાં જ ભારે ખોરાકો તદ્દન બંધ કરવા અને હળવા જુલાબથી, અગર માત્ર ગરમ પ્રવાહી લઇને આંતરડાંને શુદ્ધિ તથા આરામ આપી, પેટનો કચરો સાફ થવા તથા બળી જવા દેવો જરૂરી છે.

સાપનું ઝેર

ઘણા એમ માને છે કે સાપ પોતાના ઝેરી દાંતનો ઉપયોગ માત્ર પોતાના બચાવને સારુ જ કરે છે; પોતાના ખોરાક માટે જે પશુપક્ષીઓને મારે છે તેમને તે ઝેરી દાંત મારતો નથી. ખરી વાત એ છે કે સાપ ઝેરી દાંતનો મુખ્ય ઉપયોગ જ નાનાં પ્રાણીઓને મારી ખોરાક મેળવવા માટે કરતો હોય છે; બચાવ માટે તેનો ઉપયોગ એને ન છૂટકે કરવો પડે છે. ઝેરી સાપ પંખીઓ તથા નાનાં પ્રાણીઓને પોતાના ઝેરી દાંતનો ઉપયોગ કરીને જ મારી નાખતા હોય છે. ઝેર ચડવાથી તે પ્રાણી મરી જાય છે ને પછી સાપ તેને ખાઈ જાય છે. સાપ ઉપર તેના પોતાના ઝેરની કંઇ અસર થતી નથી.

સ્વાધીન હિંદનો વિજ્ઞાન-વિકાસ

આઝાદી પછી વિજ્ઞાનની દિશામાં પણ હિંદે મોટાં પગલાં ભરવા માંડયાં છે. હિંદમાં આજે જે અનેક વિજ્ઞાન-સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે, તેમાં વિજ્ઞાનની જુદીજુદી શાખાઓમાં સંશોધન ચાલી રહ્યું છે. કેટલુંક કાર્ય શુદ્ધ વૈજ્ઞાનિક છે, તો કેટલુંક વ્યવહારુ છે. એનો મુખ્ય અને અંતિમ ઉદ્દેશ તો વિજ્ઞાનના ફાયદા સમગ્ર આમજનતાને મળે એ જ હોય છે અને તે માટે શુદ્ધ વૈજ્ઞાનિક સંશોધનનાં પરિણામો ઉદ્યોગો તથા બીજાં એવાં ઉપયોગી ક્ષેત્રોમાં લાગુ પાડવામાં આવે છે.

આજથી છેક પચાસ વર્ષ પર પંડિત મદનમોહન માલવીયજીએ હિંદના ઉદ્યોગોને વૈજ્ઞાનિકરીતે સજીવન કરવા પ્રજાનું ધ્યાન ખેંચ્યું હતું. ઇ. ૧૯૧૪–૧૮ના યુદ્ધ વખતે સરકારને પણ આ વાત બરાબર સમજાઈ હતી કે હિંદના ઉદ્યોગો સારીરીતે ચાલતા હોય તો આવા યુદ્ધ વખતે એ સરકારને ખૂબ ખપમાં આવે અને યુદ્ધના પ્રયાસોમાં મદદરૂપ થાય. આથી હિંદની ઔદ્યોગિક પરિસ્થિતિની તપાસ કરવા ૧૯૧૬માં સરકારે સર ટૉમસ હૉલાન્ડના પ્રમુખપદે એક ઔદ્યોગિક કમિશન નીમ્યું. પંડિત માલવીયજી આ કમિશનમાં એક સભ્ય હતા. પરંતુ તેમણે પોતાનો અહેવાલ જુદો રજૂ કર્યો. એ અહેવાલ હિંદનાં હિતોને દષ્ટિમાં રાખીને તૈયાર કર્યો હતો, અને તે હિંદના ઉદ્યોગોના ઇતિહાસમાં એક ચિરસ્થાયી પ્રકરણ પૂરું પાડે છે.

તે પછી બીજું યુદ્ધ આવ્યું અને ૧૯૪૦માં 'વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધનસમિતિ' (Council of Scientific and Industrial Research—ટૂંકમાં C.S.I.R)ની સ્થાપના કરવામાં આવી. આ સમિતિ આજે દેશના ઉદ્યોગોને સંશોધન દ્વારા મદદ કરે છે, એટલું જ નહિ પણ વિજ્ઞાનની વિધવિધ શાખાઓમાં સંશોધન હાથ ધરે છે, અને જે થતું હોય તેને ઉત્તેજન આપે છે. જોકે એ સમયે તો મુખ્યત્વે તે ગઇ સરકારનાં ખાતાંઓને તેમની જરૂરિયાતો અંગે મદદ કરવા જ યોજવામાં આવી હતી.

તે પછી હિંદને સ્વાતંત્રતા મળી : પ્રજાના જીવનમાં વૈજ્ઞાનિક સંશોધનને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું, અને ઈ. ૧૯૪૮માં એક વૈજ્ઞાનિક સંશોધન ખાતું (Department of Scientfic Research—ટૂંકમાં D.S.R) કાઢવામાં આવ્યું અને તેનું સુકાન ખુદ વડાપ્રધાન જવાહરલાલજીએ પોતે હાથમાં લીધું.

આ ખાતું વૈજ્ઞાનિક સંશોધનોનો સમન્વય કરવાનું ને સરકારી ખાતાંઓ તથા દેશની બીજી વિજ્ઞાનસંસ્થાઓ અને યુનિવર્સિટીઓને સલાહ આપવાનું તેમજ સંશોધન અંગે શિષ્યવૃત્તિઓ આપવાનું તથા પરદેશો સાથે વિજ્ઞાનની બાબતોમાં સંબંધ જાળવવાનું કામ કરે છે. હમણાં તેમાં અણુશક્તિ અંગે પણ સંશોધનકાર્ય હાથ પર લેવામાં આવ્યું છે. ટૂંકમાં હિંદના વિકાસમાં આ ખાતું તેમજ ઉપર જણાવેલી C.S.I.R. સમિતિ એક સીમાચિહ્નરૂપ છે. તેણે યુનિવર્સિટીઓ તેમજ સંશોધન-સંસ્થાઓને નાણાંકીય મદદ આપીને વૈજ્ઞાનિક તથા ઔદ્યોગિક સંશોધનની પુષ્કળ સંશોધન-યોજનાઓ હાથ ધરી છે. ઉપરાંત, સંશોધનનાં પરિણામો પ્રગટ કરવા માટે એક માસિક પણ ચલાવવામાં આવે છે.

૧૯૪૦માં તેણે શરૂ કરેલી ૪૨ યોજનાઓમાંથી ૧૯૪૫ સુધીમાં ૧૨૨ યોજનાઓની પ્રગતિ તેણે સાધી હતી. વળી એ યોજનાઓ તપાસવા માટે સમિતિએ નીમેલી જુદીજુદી ૨૧ પ્રકારની સંશોધન–પેટા સમિતિઓ દ્વારા દેશમાં વિવિધ પ્રકારની નીચે મુજબ અગિયાર રાષ્ટ્રીયસંશોધન–પ્રયોગશાળાઓની યોજના મંજૂર થઈ છે: (૧) નૅશનલ ફિઝિકલ લૅબૉરેટરી, દિલ્હી; (૨) નૅશનલ કેમિકલ લૅબૉરેટરી, પૂના; (૩) નૅશનલ મેટાલર્જિકલ (ધાતુ સંબંધી) લૅબૉરેટરી, જમશેદપુર; (૪) ફ્યુએલ (બળતણ) રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, ધનબાદ; (૫) સેન્ટ્રલ ગ્લાસ ઍન્ડ સેરામિક રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, કલકત્તા; (૬) રોડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, દિલ્હી; (૭) બિલ્ડિંગ રીસર્ચ સ્ટેશન, રૂડકી; (૮) લેધર રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ, મદ્રાસ; (૯) સેન્ટ્રલ ડ્રગ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, (૧૦) સેન્ટ્રલ ફૂડ ટેક્નૉલૉજિકલ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ, મ્હૈસૂર; (૧૧) ઇલેક્ટ્રો-કેમિકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, કરાઇકોડી. આમ, હિંદના વૈજ્ઞાનિકોને આજે દેશસેવાની અપૂર્વ તક છે. નૂતન હિંદના ઘડતરમાં વિજ્ઞાનનો ફાળો નાનોસૂનો નહિ હોય.

હિંદી વિજ્ઞાન-પરિષદની બેઠક વખતે પં૦ જવાહરલાલ નહેરુએ ઉચ્ચારેલાં નીચેનાં અર્થગંભીર વચનો ટાંકી આ નોંધ પૂરી કરીએ: 'વૈજ્ઞાનિકો પોતાનાં હિતો જાળવવામાં સમાજનાં હિતોના ભોગે કામ નહિ કરે એવી હું આશા રાખું છું. વૈજ્ઞાનિકો વ્યક્તિગત વૃત્તિવાળા વિશેષપડતા હોય છે એમ હું માનું છું. સમૂહમાં પણ તેઓ અન્ય સમૂહોનાં જેટલું સાધી શક્યા નથી,—પરિસ્થિતિની અનુકૂળતાઓ છતાં. સત્તાની સાથે નફાની દષ્ટિ ભળે તો તે અતિ ભયંકર થાય. હું આશા રાખું છું કે સમાજહિતની વિરુદ્ધ પોતાનાં હિતો જમાવવા તેઓ પ્રયત્ન નહિ કરે, ને ઈચ્છું છું કે ખરા બ્રાહ્મણની સેવાભાવના ખીલવવા તેઓ વિશેષ પ્રયત્ન કરશે. —ન. મૂ. શાહ

નોબેલ પ્રાઇઝ

સ્વીડનમાં આલ્ફ્રેડ નોબેલે સ્થાપેલી સંસ્થા તરફથી ૧૦ હજાર પાઉન્ડ (લગભગ સવા લાખ રૂપિયા)નું એક એવાં પાંચ ઈનામો દર વર્ષે વહેંચાય છે જે નોબેલ પ્રાઇઝ તરીકે ઓળખાય છે. ઇનામો ભૌતિકશાસ્ત્ર (Physics), રસાયનશાસ્ત્ર (Chemistry), સાહિત્ય (Literatuer), વૈદકશાસ્ત્ર (Medicine) એ ચાર વિષયોમાં અગત્યની શોધખોળ કરનાર વૈજ્ઞાનિકને તથા જગતમાં શાંતિ સ્થપાય તે માટે પ્રયત્નો કરનારને એક એમ પાંચ જણને અપાય છે. ઈનામ કોને આપવું તે સ્વીડનમાં નિષ્ણાતોની એક કમિટિ નિમાએલી છે તે નિષ્પક્ષપાત રીતે નક્કી કરે છે. આ સંસ્થા તરફથી ૧૯૪૪ સુધીમાં ૧૭૪ નોબેલ પ્રાઈઝ ૨૧૦ માણસો વચ્ચે (જેમાં ૯ સ્ત્રીઓ છે) વહેંચાયા છે. નોબેલ પ્રાઈઝ મળવાનું દેશવાર પ્રમાણ આ પ્રમાણે છે: જર્મની–૪૦½ પ્રાઇઝ અને ૪૬ વિજેતાઓ, ઈંગ્લંડ–૨૪¼ પ્રાઇઝ અને ૩૧ વિજેતાઓ, અમેરિકા–૨૧½ પ્રાઇઝ અને ૩૦ વિજેતાઓ, ફ્રાન્સ–૨૧½ પ્રાઇઝ અને ૨૯ વિજેતાઓ. હિંદુસ્થાનમાં બે જણાને તે માન મળ્યું છે—એક રવિન્દ્રનાથ ઠાકુર અને બીજા સર સી. વી રામન.

ન્યૂ ઝીલાંડ

ઑસ્ટ્રેલિયાથી ૧૩૦૦ માઇલ દૂર અગ્નિ ખૂણામાં આવેલો બે નાનકડા ટાપુનો બનેલો આ દેશ જગતથી દૂર ને અટૂલો છતાં ઘણી બાબતમાં આગળપડતો છે. જગતમાં સૌથી ઓછામાં ઓછું બાળમૃત્યુપ્રમાણ તથા લાંબામાં લાંબું આયુષ્ય ત્યાંની પ્રજા ભોગવે છે. બરફનાં શિખરવાળા અનેક પર્વતો, જ્વાળામુખીઓ તથા ઊના પાણીના અસંખ્ય ઝરા ધરાવતા આ દેશના કિનારાના ભાગમાં ખેતી તથા ઢોર-ઉછેરનો એવો તો ધીકતો ઉદ્યોગ ચાલે છે કે જગતમાં ચીઝ અને માખણની સૌથી વધુ નિકાસ આ માત્ર ૧ લાખ ચોરસ માઈલવાળો પ્રદેશ કરે છે ફક્ત ૧ લાખ ૬૦ હજારની વસતિ ધરાવતા આ દેશનાં મુખ્ય શહેરો છે: ઑકલૅન્ડ, વેલિંગ્ટન, ક્રાઈસ્ટ-ચર્ચ અને ડ્યુનેડિન. રાજધાનીનું શહેર વેલિંગ્ટન છે. રાજ્યવ્યવસ્થા, ઇતિહાસ અને સંસ્કૃતિની બાબતમાં આ દેશ ઑસ્ટ્રેલિયાને મળતો જ છે.

જિરાફ

જગતનાં સર્વ પ્રાણીઓમાં સૌથી ઊંચું જિરાફ. સામાન્યરીતે તેની ઊંચાઈ ૨૩ ફૂટ જેટલી હોય છે. આટલી મોટી ઊંચાઇ અને લાંબી ડોક હોવા છતાં તેનું મોઢું જમીનને અડી શકતું નથી; આનું કારણ એ છે કે જિરાફની ડોક લાંબી છે પણ તેમાં કરોડરજ્જુના મણકાની સંખ્યા માત્ર સાત જ છે. જ્યારે નાના પક્ષીઓની ડોકમાં પણ સાધારણરીતે ૧૪ મણકા હોય છે. આથી જમીન ઉપર ચરવા કે પાણી પીવા માટે જ્યારે તેને ડોક નમાવવી પડે છે ત્યારે તે વિચિત્ર સ્થિતિમાં મુકાય છે. તેવે વખતે તે આગલા બે પગ પહોળા કરી આખું શરીર નીચે નમાવે છે. આથી તે ભાગ્યે જ ઘાસ ચરે છે ને પાણી વિના લાંબો વખત ચલાવી લે છે. તે પોતાનો ખોરાક ઊંચાં ઝાડનાં પાંદડાં ખાઇને મેળવે છે. એ અત્યંત બીકણ પ્રાણી છે અને તેની આંખોની રચના એવી હોય છે કે માથું ફેરવ્યા વગર માત્ર આંખો જ ફેરવીને તે પોતાની પાછળની બધી વસ્તુઓ જોઈ શકે છે. આથી તેની પાસે જઇ પહોંચીએ તે પહેલાં જ તે નાસી જાય છે.

હીરો


આપણો કોલસો જે પદાર્થનો બનેલો છે—કાર્બનનો—તે જ પદાર્થનો હીરો બનેલો છે એ વાત ઘણા જાણતા નથી. હીરામાંનો કાર્બન તદ્દન ચોખ્ખો હોય છે જ્યારે કોલસામાંનો કાર્બન અસ્વચ્છ હોય છે. હીરાને જો ગરમ કરવામાં આવે તો તે કોલસાની ગાફક જ બળી જાય છે અને છેવટે રાખ પાછળ રહે છે. આ રખિયા અને કોલસાની રખિયામાં કંઇપણ ફરક હોતો નથી. પણ હીરો સાધારણ ગરમીમાં બળી જતો નથી. જો કોઈ નાનકડા ઘરમાં આગ લાગે અને તેમાં જો હીરા રહેલા હોય તો આખું ઘર બળી જવા છતાં ય હીરા તો એવા ને એવા જ રહેશે. હીરાને બાળવા માટે ૧૪૦૦ થી ૧૬૦૦ ડીગ્રી ફેરનહાઇટ જેટલી ઉષ્ણતા જોઇએ. ગરમીથી હીરો ભાંગી જતો નથી. પણ તેની બહારની સપાટી ધીમેધીમે ખવાઈ જઈ નાશ પામતી જાય છે અને લાંબો સમય રાખવાથી આખો હીરો નાશ પામે છે. ચમકદાર પારદર્શક દેખાતા હીરાની રખિયા તો કોલસા જેવી કાળી જ હોય છે.

આ માસ (જુલાઇ) ઈતિહાસમાં

તા. ૩ હિંદી પ્રજા-શાસનનું ૧૯૩૫નું બંધારણ બહાર પડયું, ૧૯૩૬.
તા. ૪ અમેરિકાએ સ્વાતંત્ર્યનું જાહેરનામું પોકાર્યું. ૧૭૭૬.
તા. ૭ દાદાભાઇ નવરોજી બ્રિટિશ પાર્લામેન્ટના સભ્ય ચુંટાયા, ૧૮૯૧
તા. ૧૧ જાણીતા વિદ્વાન બહેરામજી મલબારીનું અવસાન, ૧૯૧૧.
તા. ૧૪ ફ્રાન્સના સ્વાતંત્ર્ય-બળવામાં વિફરેલી પ્રજાને હાથે ત્યાંના નિંદ્ય કારાગાર બાસ્તીલના કિલ્લાનું પતન, ૧૭૮૯.
તા. ૧૬ આપણા પહેલા અને પ્રતિભાશાળી ગુજરાતી વિજ્ઞાની ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરનું અવસાન, ૧૯૨૦.
તા. ૧૯ હિંદમાં ઈન્કમટેક્સ પહેલવહેલો દાખલ થયો, ૧૮૬૦.
તા. ૨૩ લોકમાન્ય બાળ ગંગાધર ટિળકનો જન્મ, ૧૮૫૬.
તા. ૨૪ મહાન ફ્રેન્ચ નવલકાર ઍલેકઝાન્ડર ડ્યૂમાનો જન્મ, ૧૮૦૨.
તા. ૨૫ પહેલા સમાજસુધારક કરસનદાસ મૂળજીનો જન્મ, ૧૮૩૨.
તા. ૨૮ જર્મન રાષ્ટ્રના સર્જક પ્રિન્સ બિસ્માર્કનું અવસાન, ૧૮૯૮.
તા. ૨૯ પહેલું ગુજરાતી દૈનિક 'સમાચાર દર્પણ' શરૂ થયું, ૧૮૪૯.
તા. ૩૧ બેડન-પૉવેલે બૉયસ્કાઉટ પદ્ધતિ અમલમાં મૂકી, ૧૯૦૮.

આ માસની વ્યક્તિવિશેષ: સૅમ્યુઅલ હાનેમાન

જાતે ઝેર ખાઇખાઈને જગતને જીવાડવાનું અમૃત પેદા કરનાર, 'હોમીઓપથી'ની જાણીતી ઉપચાર-પદ્ધતિના એ શોધકનો જન્મ ૧૭૫૫ની ૧૦મી એપ્રિલે જર્મનીના સૅક્સની પરગણાના મેઇસેન ગામે એક ગરીબ ચિતારાને ત્યાં થએલો. ૨૦મે વર્ષે તો એણે જર્મન ઉપરાંત ફ્રેન્ચ, અંગ્રેજી, ઇટાલિયન, લાટિન, ગ્રીક, અરબી અને હિબ્રૂ ભાષાઓ શીખી લીધી અને વૈદકનો અભ્યાસ કરવા લાઈપઝિક, વીએના તથા અન્ય યુરોપીય વિદ્યાધામોમાં ધૂમીધૂમી ૧૭૭૯માં માન સાથે તે એમ. ડી. થયો.



દેશમાં આવી એણે અનેક ઇસ્પિતાલોના સર્જન તથા અધિકારી તરીકે કામ કર્યું; ગાંડાઓની અમાનુષી સારવારને બદલે માયાળુ પદ્ધતિ દાખલ કરી; દારૂમાંનો ભેગ શોધી કાઢવાની પદ્ધતિ શોધી (જે આજે પણ તેના નામથી જાણીતી છે); ચાંદાં અને જાતીય રોગો ઉપર તથા સોમલના પ્રયોગો વિષેનાં પુસ્તકો તેમજ વૈદકીય કોષ તૈયાર કર્યાં; અને વૈદક ઉપરાંત રસાયનશાસ્ત્ર, ખનીજશાસ્ત્ર, વનસ્પતિવિદ્યા તથા વ્યવહારુ ચિકિત્સાના એ સર્વગ્રાહી વૈજ્ઞાનિકનું દવાઓ બનાવવા વિષેનું અણીશુદ્ધ જ્ઞાન જોઇ, દવામાં થતી ભેળસેળ અટકાવી દેશભરની વૈદકપદ્ધતિને એકસરખા ધોરણ પર મૂકવા જર્મન સરકારે તેને એકલાને નીમ્યો. પણ એ વખતના ડૉક્ટરોની કઢંગી તથા અમાનુષી સારવાર-પ્રથાથી કંટાળી તેણે પોતાની જામતી જતી પ્રૅક્ટીસ છોડી દીધી અને પુસ્તકો લખીને ગુજારો કરતા જઈ, નવી જ સારવાર-પદ્ધતિની શોધ પાછળ મચ્યો. પરિણામે આર્થિક તંગીમાં ઘરવખરી સુદ્ધાં વેચવી પડી, પણ ધ્યેયથી એ ન ડગ્યો.

'ઝેરનું મારણ ઝેર' છે એ સિદ્ધાંત પર પ્રયોગો કરીકરીને અંતે છ વરસના સતત અભ્યાસ, ચિંતન અને અખતરા પછી એણે હોમીઓપથી (સામ્યોપચાર)ની પદ્ધતિ શોધી. પરિણામે ચાલુ ડૉક્ટરોએ એની ખૂબ હાંસી ઉડાવી, અને છતાં યે તેની એ પ્રૅક્ટીસ વધતી જતાં ઇર્ષ્યા અને ક્રોધ એટલાં વધ્યાં કે કેમિસ્ટોએ પણ તેની દવાઓ તૈયાર કરી આપવાની ના પાડી. આથી તેણે જાતે દવાઓ બનાવવા માંડતાં તેના પર કેસ થયો અને તેને એ સ્થાન છોડવું પડયું. જ્યાં ગયો ત્યાં બધે જ તેને આ રીતે પરેશાન કરવામાં આવ્યો, છતાં તેણે તો અતૂટ ધ્યેયનિષ્ઠાથી રઝળપાટ, હાડમારી, ગરીબી, ભૂખમરો ને ચિંતા વેઠીવેઠીને પણ પોતાની જાત પર ૯૯ દવાઓના પ્રયોગો કરીકરીને તેના ૧૦ મહાગ્રંથો પ્રગટ કર્યા. આ ઉપરાંત એણે ૭૦ બીજા મૌલિક ગ્રંથો અને ૨૪ ભાષાંતરો કરેલાં તે તો જુદાં. અંતે ૧૮૧૩માં યુરોપભરમાં ફાટી નીકળેલા ટાઇફસના રોગચાળાના ૧૮૩ માંથી ૧૮૨ દરદીઓને તેણે સાજા કરી હોમીઓપથીની સફળતા પુરવાર કરી, અને ૧૮૩૦ના કૉલેરા વખતે માત્ર વર્તમાનપત્રોમાં જ દરદીઓ ...તિ વાંચીને તેણે સૂચવેલા ઉપચારો કસોટીએ શ્રેષ્ઠ માલૂમ પડયા. ૧૮૩૫માં, જેને માટે શ્રેષ્ઠ ડૉક્ટરોએ પણ હાથ ધોઇ નાખેલા એવી એક ફ્રેન્ચ યુવતીનો રોગ સફળતાપૂર્વક મટાડી તેણે તેની સાથે લગ્ન કર્યું. હવે તે પારીસ આવ્યો અને રાજાએ તેને પોતાની દવાઓ જાતે તૈયાર કરી પ્રૅક્ટીસ કરવા રજા આપી પણ એ સુખના દિવસો ઝાઝા ન ટકયા, સોમલના ગુણદોષ સિદ્ધ કરવા માટે પોતે જાતે તે ખાવા માંડતાં એ જીવલેણ ઝેરથી તેની જીવનશક્તિ લથડી અને ૧૮૫૩ની ૨જી જુલાઇએ એ મહાન જનહિતકારી વિભૂતિનું ૮૯ વર્ષની પાકટ વયે અવસાન થયું.

રચ્યો રમત હું ઘણી; પણ મને મઝા એકલી
પડી મરણ સાથમાં જીવન ખેલતાં શૌર્યથી.

—ભૂપેન્દ્ર વકીલ—

એક અત્યંત તોફાની છોકરાને સુધારવો અશક્ય માનીને તેનાં માબાપે હિંદ મોકલ્યો. રસ્તે સ્ટીમરમાં સૌ એને હડધૂત કરતાં ને સતાવતાં, એ જોઇ એ સ્ટીમરમાં સફર કરતાં સિસ્ટર નિવેદિતાનું હૃદય ઘવાયું અને તેમણે એને પોતાની હૂંફમાં લઈ આખી મુસાફરી દરમ્યાન પ્રેમથી આશ્વાસન આપ્યું; એટલું જ નહિ પણ છૂટા પડતી વેળા પોતાને માતૃ-ભેટ તરીકે મળેલી કિંમતી ઘડિયાળ યાદગીરી તરીકે એને ભેટ આપી. વર્ષો પછી નિવેદિતાને એ છોકરાની માતા તરફથી એક પત્ર મળ્યો: 'તમારા પ્રેમ અને હૂંફથી મારા પુત્રનું જીવન સુધરી ગયું હતું અને છેક છેલ્લી ઘડી સુધી તમને સંભારતો એ હમણાં મૃત્યુ પામ્યો છે.'

કહેવતો: 'અણવીંધ્યું મોતી, નીવડ્યે વખાણ'–મોતી ગમે તેવું મૂલ્યવાન દેખાતું હોય તો પણ તેની ખરી કિંમત વીંધાયા બાદ જ નિશ્ચિત થઈ શકે, કેમકે વીંધવાની ક્રિયામાં મોતી ઘણીવાર જફા પામે છે. તે પરથી જેના પરિણામ વિષે અનિશ્ચિત હોઇએ તેવા પ્રસંગ કે વ્યક્તિ માટે આ કહેવત વપરાય છે. એને મળતી બીજી કહેવતો: 'લાડી પાડી નીવડ્યે વખાણ;' 'વહુ ને વાછડી નીવડ્યે વખાણ'; 'ચીંનાળિયેર નીવડે તે ખરું'; 'આક ઉપર પીંડો, તોલો ઊતરે કે તોલડી'.

અનેકાર્થી શબ્દ: હેરિયું=છાનુંમાનું જોવું તે; ઝોકું કે ઝોલું; હોડીને પવન અનુસાર ફેરવવી તે; બાકામાંથી પડતું સૂર્યનું કિરણ.

ગણિતગમ્મત

$૧^{૨}+૨^{૨}+૩^{૨}+૪^{૨}-(૫)=(૨+૩)^{૨}=૫^{૨}$

$૨^{૨}+૩^{૨}+૪^{૨}+૫^{૨}-(૫)=(૩+૪)^{૨}=૭^{૨}$

$૩^{૨}+૪^{૨}+૫^{૨}+૬^{૨}-(૫)=(૪+૫)^{૨}=૯^{૨}$

$૪^{૨}+૫^{૨}+૬^{૨}+૭^{૨}-(૫)=(૫+૬)^{૨}=૧૧^{૨}$

$૫^{૨}+૬^{૨}+૭^{૨}+૮^{૨}-(૫)=(૬+૭)^{૨}=૧૩^{૨}$

$૬^{૨}+૭^{૨}+૮^{૨}+૯^{૨}-(૫)=(૭+૮)^{૨}=૧૫^{૨}$

...એ પ્રમાણે આગળ ગમે ત્યાં સુધી. આમ પાસેપાસેની સંખ્યાના વર્ગોનાં જૂથમાંથી (૫) કમી કરવાથી ચાર સંખ્યાના જૂથમાંથી વચલી બે સંખ્યાના સરવાળાના વર્ગ જેટલી સંખ્યા આવી રહેશે. —મ. ના. ખત્રી

ચાંદીના ચમચા ચોખ્ખા કરવા તેમને ઍલ્યુમીનિયમની થાળીમાં મૂકી તેમના પર મીઠું ને ખાવાના સોડાનું ગરમ પાણી નાખજો, એટલે વિદ્યુત્‌ક્રિયાથી તે સ્વચ્છ થશે.

ઇંગ્લંડના વિખ્યાત લેખક જી. કે. ચેસ્ટર્ટનને જાણીતો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, 'જો તમને કોઈ અટૂલા ટાપુ પર એકલા છોડી મૂકવામાં આવે તો તમે સાથે કયું એક જ પુસ્તક લઇ જશો?'

'વહાણ બનાવવાની વ્યાવહારિક પદ્ધતિનું વિવરણ કરતું પુસ્તક.' ચેસ્ટર્ટને ઠંડે પેટે જવાબ વાળ્યો.


બંને બાજુ ધારવાળી બ્લેડનો પેન્સિલ છોલવા કે નખ કાપવામાં ઉપયોગ કરતાં પહેલાં તેની એક બાજુ પર 'ગમ પ્લાસ્ટર'ની કે જાડા કાગળની એક પટ્ટી, વચ્ચેની ફાટમાંથી પસાર કરીને પાંચ છ વખત વીંટાળવાથી આંગળી કપાવાની ધાસ્તી નહિ રહે.



'કુમાર'ના નામાક્ષરો વડે રચેલો હિંદનો નકશો.

ઇ. ૧૮૧૬માં પારીસમાં રેને લાનક નામના ડૉક્ટરને ત્યાં હૃદયરોગથી પીડાતી એક ઉમદા કુટુંબની યુવાન સ્ત્રી તબિયત બતાવવા આવી. તેના હૃદયના ધબકારા સાંભળવા પોતાને યોગ્ય ન લાગવાથી તેણે એક કાગળની ભૂંગળી બનાવી તેની મારફત છાતીનો અવાજ સાંભળ્યો. આ નાનકડા બનાવમાંથી આજના પ્રખ્યાત સાધન 'સ્ટેથેસ્કોપ'ની જાણીતી શોધ થઇ.

ચોમાસામાં ઉકાળીને ઠંડું કરેલું પાણી પીવાથી રોગ થવાનો સંભવ રહેતો નથી.



ફાટ, સાંધા યા ખૂણાખાંચરામાં કોઈ જંતુઘ્ન પાઉડર સરળતાથી છાંટવો હોય તો તે પાઉડરને સાઇકલ વગેરેમાં તેલ પૂરવા વપરાતી કુપ્પીમાં ભરી લઇ પછી છાંટજો. તમારું કાર્ય સુગમ થશે.



કલાકણિકા: ૩૦૦ તથા ૩૦૧ અંકમાં કલાત્મક સૂડીઓના નમૂના આપ્યા હતા, તેવો જ આ તાંબુલ-સામગ્રીનો એક બીજો નમૂનો છે. એ છે ચુનાલી—પાન ચોપડવાનો ચૂનો રાખવાનું નાનું ને સોહામણું પાત્ર. પેલી કલાત્મક સૂડીઓના જ સંગ્રાહક, પૂનાના શ્રી ડી. જી. કેળકરે આવી ચુનાલીઓનો પણ સારો સંગ્રહ કરેલો છે, અને તેમાં ઘાટની કલ્પના તથા શોભનના સૌન્દર્યની અનેક વિવિધતાઓ છે. ઉપર આપી છે તે પંખીના આકારની છે, જેની પીઠમાં મથાળે એ પાત્રનું મુખ તથા ઢાંકણ છે.

ઈ. ૧૮૭૦માં લંડન શહેરમાંથી છાપાંની માત્ર ૧ લાખ નકલ નીકળતી. પણ અત્યારે કુલ ૪૦ કરોડ નકલ બહાર પડે છે.

કાળા પડી ગએલાં ઍલ્યુમીનિયમનાં વાસણોમાં કોઇ ખાટો પદાર્થ બાફજો. આપમેળે તે ચોખ્ખાં ને ચળકાટવાળાં થશે.

વીંછીનાં ડંશ પર 'ગુલમહોર'નું બી પણ અસરકારક ગણાય છે. ડંશની જગ્યા પર તે મૂકવાથી ચોંટી જાય છે ને ઝેર ચૂસી લે છે.

ન્યૂયૉર્કની એક કંપનીએ એક એવો રંગ બનાવ્યો છે જે કોઇ પણ વસ્તુને લગાડ્યા પછી તે વસ્તુ પર પાણી, અગ્નિ કે બીજા કોઈ રસાયનિક વિકારની અસર જ થતી નથી. તે રંગ તદ્દન પારદર્શક હોઇ કોઈપણ વસ્તુને ચોંટી શકે છે.

ઇંગ્લંડમાં સૌથી વધુ પગાર ત્યાંના વડા પ્રધાન ને ઍટર્ની જનરલને મળે છે.

પોસ્ટના કાગળ પર છાપ મારવાની પદ્ધતિ સૌ પહેલી ઇંગ્લંડમાં ઈ. ૧૬૬૦ માં શરૂ થએલી.



અમેરિકન ટિકિટોનો વૈવિધ્યવૈભવ

ટપાલની ટિકિટો ઉપર વિપુલ વૈવિધ્ય લાવવાનો સૌથી વધુ ફમળકો જો કોઈ દેશનો જણાતો હોય તો તે યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકાનો. એકકે ય વર્ષ એવું નહિ જતું હોય કે જ્યારે કોઈ ને કોઇ પ્રસંગવિશેષ, જયંતી, સંવત્સરી કે સામાજિક યા સાસ્કૃતિક પ્રગતિનું અથવા ભૂગોળઇતિહાસ યા વિજ્ઞાનસિદ્ધિનું સીમાચિહ્ન,–એ પૈકીનું કાંઈ ને કાંઈ શોધીને એણે એ વાતને પ્રજાના સ્મરણમાં અંકિત કરવા માટે ટપાલની તે નિમિત્તની નવી ટિકિટ નહિ કાઢી હોય. લોકસમૂહમાં પ્રજાકીય અસ્મિતા પ્રકટાવવા તથા ટકાવી રાખવાનાં અનેક શૈક્ષણિક સાધનો પૈકી ટપાલની ટિકિટ પણ એક અસરકારક અને વ્યાપક સાધન છે એ હકીકત એ દેશ બરોબર સમજી ગયો છે. આ ઉપર આપેલું કવર એ દેશે તાજેતરમાં કાઢેલી એવી વિવિધ ટિકિટોથી મંડિત છે, જેની વિગતો નીચે ક્રમશઃ આપી છે: પહેલી હારમાં મથાળેથી ડાબી બાજુથી–(૧) યુનાઇટેડ સ્ટેટ્સ અને કૅનેડા વચ્ચે મૈત્રીસંબંધ બંધાયાની સંવત્સરી ૧૯૪૮માં આવી એ પ્રસંગનું; (૨) વિખ્યાત અમેરિકન પત્રકાર અને લેખક વિલિયમ ઍલન વ્હાઇટના માનમાં; (૩) નં. ૧ મુજબની; (૪) અમેરિકન રાષ્ટ્રગીત 'તારામંડિત ધ્વજ'ના રચનાર ફ્રાન્સિસ સ્કૉટ કીના માનમાં; (૫) અમેરિકાના ઑરેગૉન પ્રાંતની સંવત્સરી પ્રસંગની; (૬) અમેરિકાની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ હાર્લન સ્ટોનના માનમાં; બીજી હાર–(૧ અને ૨) પહેલી હારના નં ૬ મુજબ; (૩) અમેરિકન યૌવનના માનમાં–જેનું ફર્સ્ટ-ડે કવર અગાઉ 'કુમાર'માં આવી ગયું. (૪) પહેલી હારના નં. ૬ મુજબ; (૫) અમેરિકામાં પહેલી વસાહત નાખનારા સ્વીડિશ પાયોનીઅરો આવ્યાની સંવત્સરી નિમિત્તે; (૬) પહેલી હારના નં. ૧ મુજબ. ત્રીજી હાર–(૧-૨) અમેરિકન રેડ-ક્રૉસની સ્થાપક ક્લૅરા બાર્ટનના માનમાં; (૩) અમેરિકાના મરઘાંઉછેરના ઉદ્યોગના માનમાં: (ઈંડાં અને મરઘાં એ પશ્ચિમના રાષ્ટ્રનો ઘરઘરનો પૌષ્ટિક ખોરાક છે—દહીં દૂધ ઘી માખણ આદિના ગોરસ જેવો.) (શ્રી હરિલાલ બૅંકરના સંગ્રહમાંથી)